પાંચમી ચોપડીના અર્થ.

પાઠ ૧.

મરદાઈ=બહાદુરી
કેવળ=એકલા
ઉપરાંત=વધારામાં
દૃઢ=અચળ; મજબુત
સ્નાયુ=માંસના તંતુ; જે તંતુ વડે હાડકાને માંસના લોચા વળગેલા રહે છે તે
લગામ=કબજો; અંકુશ
કેળવણી=શિક્ષણ
ભેદ=જુદું કારણ; તફાવત
પ્રયત્ન=(પ્ર+યત્ન)=પરિશ્રમ; ઘણી મહેનત
મલખમ=કસરત માટે દાટેલું ઉભું ગોળ લાકડું
આટાપાટા=એક જાતની રમત
ક્રિકેટ=બૉલબૅટની રમત
ચરબી=ચામડીની નીચે ઠરેલો ચીકણો પદાર્થ
બ્રહ્મચર્ય=સ્ત્રી સંગથી દૂર રહેવું તે; જનોઈ દે ત્યારથી પરણતાં સુધીનો વિદ્યાભ્યાસનો વખત
અંકુશમાં=તાબામાં; કબજામાં
રોદણાં=રડણાં
બડબડાટ=નારાજ થઈ મનમાં બબડવું તે
ખંતીલા=કાળજીવાળા
દ્વેષ=કીનો, અદેખાઈ
છળકપટ=દગોફટકો
આંચકો ખાશે=ખટકશે
અણઘટતો=અયોગ્ય
બલકે=એટલું નહિ પણ વધારે
ખસુસ=ખાસ
નકલ=કોપી; ઉતારો; બીજાનું જોઈ ચાલવું તે
અનિતિ=ખરાબ ચાલ
આયુષ્ય=આવરદા

સવાલ—કેળવણી કેટલા પ્રકારની છે? શરીરની કેળવણી કેવા પ્રકારે થાય છે અને તેથી શા ફાયદા થાય છે? મનની કેળવણીમાં નીતિ કેળવવા પર શા માટે વધારે લક્ષ આપવું? સારી રીતે મન કેળવવાથી શા શા લાભ થાય છે? અનીતિએ ચાલનારની શી દશા થાય છે? માણસમાં કયા ગુણ હોય તો મરદાઈ

પાઠ ૨.

સમયસૂચકતા=અટતો ઉપાય જલદી સૂઝે એવી બુદ્ધિ

અકસ્માત=એકાએક અણધાર્યો બનાવ

અણધાર્યું=ઓચિંતું

સાવધાન=સાવચેત

ઘુમટ=અર્ધગોળ શિખરવાળું ઢાંકણુ

ભાત=તરેહ; ચિત્રામણ

ગરક=ગરકાવ; લીન

કૂરસબંધી=પત્થર જડેલી જમીન

આંખ=નજર; નીધા

રદ=ખરાબ

જાતિ સ્વભાવ=મૂળ ખાસીયત

આતુરતા=ઇંતેજારી

મુગે મોઢે=બોલ્યા વિના; જાણવા છતાં

દાનવ=રાક્ષસ

પ્રસન્ન=ખૂશ

સ્વસ્થ=હતો તેમ ને તેમ; ગભરાયા વગર; શાંત

સવાલ—કંઇ પણ ઉપાય મનની કેવી સ્થિતિમાં સૂઝે છે? સંકટ વખતે સમયસૂચકતા વાપરવા માટે શું યુક્તિ કરવી?

પાઠ ૩.

અસ્વચ્છ હવા=કાર્બોનિક એસિડ ગ્યાસ કે દુર્ગંધવાળી ખરાબ હવા

વાટે=રસ્તે

એઠવાડ=એઠું

વાતાવરણ=વાનું આવરણ; પૃથ્વીની આસપાસ વિંટળાયલો વાયુ

પ્રયોગ=અજમાયશ

સિદ્ધ=સાબિત; પુરવાર

પ્રાણવાયું=ઓકિસજન; પ્રાણને આધાર આપનાર વાયુ

શુદ્ધ=ચોક્ખો

કુદરતે=ઇશ્વર શક્તિએ

પરિણામ=ફળ; છેવટ

તંદુરસ્તી=આરોગ્યતા

જણાય=સચવાય

સોઇ=જોગવાઇ; સવડ

કમકમાટ=ચીતળી

મુઆઇએ=ગુંગળાઇએ

ઠરાતું=થોભાતું

ધુમાતો=ધુમાડો નીકળે એવો

બદબો=ખરાબ વાસ; દુર્ગંધ

સંભવ=આશા

શ્વાસ=દમ

સવાલ—અંધિઆર ઘર કે ભોંયરામાં જતાં પહેલાં શું કરવું? ૧૪૬માંથી ઘણા અંગ્રેજો શાથી મરી ગયા છે?

પાઠ ૪.

જવાંમર્દ=બહાદુર; જુવાન પુરુષ
જવસ્લેજ=માગેજ
આયર્લાંડ=એ ગ્રેટબ્રિટનની પશ્ચિમમાં બેટ છે
સુકાની=સુકાન ફેરવનાર
ભડકે=બળતું
ફરજ=કર્તવ્ય; ધર્મ
પાળણપોષણ=ગુજરાન
તૂતક=વહાણમાં ઉતારુઓ માટેની બેઠક
સહીસલામત=જેવો ને તેવો; સુખરૂપ
ઓથું=પડદો; આડું પડ
ધૈર્ય=ધીરજ; શાંતિ
દુવા=આશિર્વાદ
નિશાની=ઇશારત
સુખરૂપ=સહીસલામત
ખડક=પાણીમાંનો ડુંગર
આંચ=હરકત; નુકસાન
દરકાર=પરવા
પહેલવાન=કુસ્તીબાજ; જવાંમર્દ
બરદરીયા વચ્ચે=દરીઆની અધવચ્ચે
નોંધ=વખાણની યાદી
શૂરવીરપણું=બહાદુરી
શ્રદ્ધા=ભરોસો; વિશ્વાસ
દઢતાથી=મજબુતપણે

સવાલ—લડાઇ સિવાય બીજી કઇ કઇ બાબતોમાં શુરવીરપણું ગણાય છે? જોન મેકિનના વૃત્તાંતમાંથી આપણને શી શિખામણ મળે છે?

પાઠ ૫.

ગુરુભક્તિ=ગુરુને માટે અને પ્રેમ
ધર્મ=ફરજ; કર્તવ્ય
ભાગવત=હિંદુ ધર્મનું પુસ્તક; શ્રી કૃષ્ણનું જન્મ ચરિત્ર
ગુરુપત્ની=ગુરુની સ્ત્રી
બકી=ઝી
સરત=હોડ; હારજીત
કાટકા=મોટા અવાજો; કડાકા
મુસળધાર=સાંબેલાના જેવાં જાડી ધારમાં પડવા કરતો એવો
અંધકાર છવાઇ ગયો=અંધારું થયું
ગળગળા=પાણી પાણી જેવા; છાતી ભરાઇ આવેથી રડવા સરખા
સરસ=સાથે
એક નિષ્ઠા=ખરો ભાવ; ખરી શ્રદ્ધા
પ્રસંગ=વખત; જોગ
અમૂલ્ય=ઘણીજ કીમતી
આચાર્ય=ઉપદેશ આપનાર; ગુરુ

સવાલ—શ્રી કૃષ્ણ અને સુદામાના દૃષ્ટાંતથી શો બોધ મળે છે? ગુરુ સેવાથી શા લાભ થાય છે? ગુરુ શિષ્ય કને સેવા શા માટે કરાવે છે?

પાઠ ૧.

સાધારણ=વ્યવહારમાં દરરોજ આવતો
સ્વચ્છંદી=સ્વતંત્ર; ફાવે તેમ જતી
સંયમ=મનને તાબામાં રાખી એક વિચારમાં જોડવું તે
ઢબ=રિવાજ; રીતભાત
ભાન કરાવ્યું==ચેત. ચે
ઓછું આવશે=ખરાબ લાગશે
સ્મરણ=યાદ; ફોમ
નાસ્તો=સવારે થોડું ખાવું તે; શિરામણ
ઉંઘણસી=બહુ ઉંઘનાર
ખારું=દીલગીર
કવખતે=અયોગ્ય વખતે
જરૂરીયાત=અગત્ય

પાઠ ૭.

કવિતાના અર્થ.

ઋષિ=મુનિ
નરપતિ=(નર+પતિ) =પુરુષોનો ધણી; રાજા
સુદામ=કૃષ્ણના ભક્ત
દ્વારામતિ=દ્વારકા નગરી
કનક=સોનું; હેમ
મણિમય=મણિવાળા
કાંગરે=કોટની ટોચે
દુર્ગ=કિલ્લા ઉપર
ધજા=નિશાન
દુંદુભી=નોબત
સંગમ=(સં+ગમ)=મેળાપ
વર્ણ=જાત
ચારે વર્ણ=બ્રાહ્મણ; ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર
પુર=શહેર
ભગવાન=(સ) (ભગ=નસીબ+વાન=વાળો) નસીબવાળો; પવિત્ર મહાપુરુષોને ભગવાન કહેવાનો રિવાજ છે
રૂપ=દેખાવ
પગે=જાય; દોડે
જાદવ સ્ત્રી=યાદવોની બાયડી
ધન્ય=શાબાશ
વ્રત=નિયમ
તપ=તપશ્ચર્યા
અપાર=(અ=નહિ+પાર =છેડો)=ઘણાજ
ભરથાર=ધણી; વર
હાઉ=બિહામણો
વિકરાળ=ભયંકર
ચેષ્ટા=મશ્કરી; મજાક
પુઠળ=પાછળ; વાંસે
ભાખે=બોલે; કહે
વજાડે=બજાવે
ગાલ વજાવે=ગાલમાં તમાચા મારે
પુંઠે=પાછળ
ઋખી=મુનિ; ઋષિ
સુણી=સાંભળી
સાધુ=સંતપુરુષ; પવિત્ર માણસ
દૃષ્ટિ=નજર
સમાચાર=ખબર અંતર
કૃપાનાથ=(સ) (કૃપા=મહેરબાની+નાથ=ધણી) =મહેરબાનીવાળા; દયાળુ

મયા=માયા; મહેર
પ્રતિ=સામો
પ્રતિઉત્તર=સામો જવાબ
દર્શન=ભાવથી જોવું તે
મન=ઇચ્છા; મરજી
હાટ=દુકાનો
ચૌટા=બજાર
ચોક=ખુલ્લા મેદાનમાં ભરાતો બજાર; ગુજરી
છજા=બારીઓ આગળ રવેશથી બહાર પડતાં જે પાટીયાં જડેલાં હોય છે તે
ગોખ=ઘરના આગલા ભાગની રવેસ ઉપરથી બહાર નીકળતી કઠેરાવાળી જગ્યા
ઝરૂખા=બારી આગળનો ગોખ
અટારી=ઉંચી મેડી; ઉંચો ભાગ
મેડી=માળ
જડિત=જડેલાં
કઠેડા=કઠેરા

ઝાકઝમાળ=ઝગઝગતા; ચમકતા
મિનાકારી=(મિના=કાચના જેવા પણ રાતા લીલા વગેરે રંગવાળો એક પદાર્થ+કાર=કામ+ઈ=વાળો)=મિનાની કારીગરીવાળું
અમરાપુરી=દેવની નગરી; ઈંદ્રપુરી
ઓવારી=માથા પરથી ઉતારી; ભુલાવી
સ્ફટિકમણિ=એક જાતનો ચળકતો પત્થર
થંભ=થાંભલો
નાટારંભ=ખેલ; નાટકનો આરંભ; તમાસો
રમકઝમક=રૂમઝુમ થતો અવાજ
હેમ=સોનું; કનક
અખાડા=રાસ
મૃદંગ=પખાજ
ઉપંગ=એક જાતનું વાજું
કોઈ=કોઈ

મદગળતા=ખુમારીવાળા; મસ્તીના જોરમાં આવેલા
મદ=હાથીના માથામાંથી પરસેવાના જે ઝરણ છુટે છે તે
માતંગ=હાથી
ગજશાળ=(ગજ=હાથી+શાળ=ઠેકાણું)=હાથીખાનું
નવલો=નવીન; નવી જાતનો
રંગ=શોભા
યોદ્ધા=લડવૈયા
પ્રતિહાર=પોળીઆ; ચોકીદાર
શામળીઆ=શ્રી કૃષ્ણ
દ્વાર=બારણું
સંકલ્પવિકલ્પ=તરંગ; મનના બુદા
ગહન=અથાગ; છુપી; કળી ન શકાય એવી
દીસે=દેખાય

કરમની ગતિ=નસીબનું જોર
પૃથ્વીપતિ=(સ) (પૃથ્વી =દુનિયા+પતિ=ધણી) =દુનિયાનો ધણી; રાજા
રજ=જરા; રજકણ
ગોકુળ=જમના નદીપર પવિત્ર ધામ છે.
માંકડા=રાતા મોનાં વાંદરાં
સિંહાસન=(સં)=સિંહ +આસન=બેઠક)=સિંહના આકારની બેઠક; રાજગાદી
તુંબડી=તુંગડીના વેળાનું ફળ

કવિતાની સમજુતી.

મુનિ (શુકદેવ) કહે છે હે રાજા (પરિક્ષિત) તું સાંભળ. સુદામાએ દ્વારકા નગરી જોઇ, તેનો સોનાનો કોટ ચમત્કાર કરી રહ્યો હતો અને તેના કાંગરા ઉપર ઉંચી જાતના રત્નો જડેલાં હતાં. (૧) કિલ્લાપર ઘણાં નિશાનો ઊડતાં હતાં; અને ત્યાં નોબત નગારાં વાગી રહ્યાં હતાં, જ્યાં ગોમતી સમુદ્રને મળે છે, ત્યાં ચારે જાતના (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર) લોકો આવીને નહાય છે. (૨) તે ગોમતીમાં સુદામા ઋષિ નાહ્યાં ને પછી પોતે શહેરમાં ગયા, તેમનો દેખાવ જોઇને બધા લોકો જોવાને માટે એકઠા થયા; તેમાં નાનાં છોકરાંઓ તેમની પાછળ દોડે અને તેમને ખીજવે. (૩) યાદવોની બાયડીઓ માંહો માંહે તાળી આપીને હસતી હતી અને કહેતી હતી કે જ્યાં આપો પુરુષ રહે છે તે શહેરને પણ ધન્ય છે! જે સ્ત્રીએ ઘણાજ નિયમ અને તપશ્ચર્યા કીધી હશે તેજ સ્ત્રી આ ધણીને પામી હશે? (૪) કોઇ કહે છે કે ભિક્ષામણો હાઉ આવ્યો. (એને) બાળકને દેખાડો કે તેઓ રડતા રહી જશે: એમ પાછળથી તેમની ઘણી મશ્કરી થતી હતી, તે સાંભળીને સુદામા હસતા જતા હતા! (૫) તેમની પાછળ છોકરાંઓ કાંકરા નાખતા, (પણ) સુદામા તો મોઢેથી હરિ હરિજ બોલતા હતા, નાના છોકરાંઓ તેમની પાછળ ફરી વળીને તાળીઓ પાડતા હતા અને હાસ્ય કરતાં હતાં. (૬) કોઇ ઘરડા યાદવે ઋષિને જોયા, અને તેમણે એ પવિત્ર માણસની નજર પારખી; (મતલબ કે

સંતપુરૂષ છે એમ જાણ્યુ) તેથી તેણે છોકરાઓને કાઢી મૂકયા અને સુદામાને ઉભા રાખીને તેમની ખબર અંતર પૂછી (૭) (પછી જાદવે કહ્યું કે) હે મેહરબાનીના ભંડાર ! તમે કયાંથી પધાર્યા છો અને આ શહેર ઉપર તમે કેમ મેહરબાની કીધી છે? પછી ઋષિજીએ સામો જવાબ આપ્યો કે મને શ્રી કૃષ્ણનાં દર્શન કરવાની ઇચ્છા છે. (૮) તે જાદવે રાજમહેલનો દરવાજો દેખાડીને ઉપકાર કીધો, તેથી કરીને સુદામજી શ્રી કૃષ્ણના મહેલ આગળ આવ્યા; તે રસ્તે એટલી તો ભીડ કે સીધા ચાલ્યા જવાયું નહિ. (૯) શહેરના હાટ, ચૌટા અને ચોક તેમજ ઘરોનાં છજાં, ઝરૂખા, બારી અને ગોખ, અટારી, જાળીઓ અને તેને જડેલાં કઠેરાઓ ઝગઝગતા શોભી રહેલાં હતાં તે જોયાં. (૧૦) ત્યાં દેવલોકોની નગરીને પણ ભુલાવે એવું મિનાકારી કામ ચળકી રહ્યું છે; સભામાં સ્ફટિકમણિના થાંભલાઓ છે અને ત્યાં ખેલ થઇ રહ્યો છે. (૧૧) પખાજને ઉપંગમાંથી મધુરા તાલ નીકળે છે. તેમજ પગે બાંધેલી ઘુઘરીઓ રૂમઝુમ થાય છે, તે સુદામાજી જોતા જાય છે; ગુણીજન રસ પડે એવાં ગીત ગાય છે. (૧૨) ત્યાં ઘોડા સોનેરી અછોડાથી બાંધેલા ફરતા હતા; તેમજ હાથીખાનાની નવીન શોભા હતી અને તેમાં ખુમારીવાળા હાથીઓ ડોલતા હતા. (૧૩) ચોકીદાર તરીકે અનેક લડવૈયા ઉભા હતા. ને શ્રી કૃષ્ણનો દરવાજો સાચવતા હતા, ત્યાં સુદામાજી ફેરા ફરતા મનમાં વિચાર કરવા લાગ્યા. (૧૪) કે અમે એક ગુરૂના નિશાળીઆ છીએ. પણ નસીબનું જોર કળી ન શકાય એવું છે તે (શ્રી કૃષ્ણ) રાજા થઇ બેઠા છે, અને મારા ઘરમાં ખાવાને એક દાણો પણ નથી; જે ગોકુળમાં વાંદરાં રમાડતો હતો અને ગુરૂને ઘેર લાકડા લાવતો હતો, તે આજે રાજગાદીપર ચઢી બેઠો છે અને મારી પાસે ફક્ત તુમડી (જળપાત્ર) ને લાકડી છે.(૧૫)

પાઠ ૮.

નિભાવ=ટકાવ
વૃદ્ધિ=વધારો
પુષ્ટિ=બળ
તંદુરસ્તી=આરોગ્યતા
પુષ્ટિકારક=બળ આપનાર
દેખરેખ=તપાસ
સામર્થ્ય=જોર
ભવિષ્ય=આવતો વખત
અતિશય=ઘણું
રૂચી=ભાવ
ખીલવટ=ખીલવણી
ખાતર=માટે
જાગૃતિ=હોશિયારી
કડા=કડવી
મદ્યાર્ક=(મદ્ય+અર્ક) દારૂનું સત્વ; દારૂનો કસ
અભિપ્રાય=મત
ચડસ=ગાંજાનું ઘી
સંભવ=આશા
કોકેન=કિવનાઇન જેવો ધોળો ભુકો

પાઠ ૯

કોમ=જાત
આર્ય=સૌથી પહેલાં હિંદુસ્તાનમાં આવી વસેલા
દ્રાવિડ=દક્ષિણ હિંદના લોક
શક=સિથિઅન
વેદ=ઇશ્વરી જ્ઞાન; (વેદ ચાર છે. ઋગ્વેદ સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ)
રામાયણ=રામચંદ્રની કથાનું પુસ્તક
મહાભારત=કૌરવ પાંડવના મોટા યુદ્ધનું વીરરસ કાવ્ય
પુરાણ=ઇશ્વરી લીલાનો ગ્રંથ (પુરાણ અઢાર છે)
અનેક=(અન+એક)=ઘણા
શિવ=મહાદેવ; સંહાર કરનાર દેવ
વિષ્ણુ=વ્યાપક ઇશ્વર; પાલણ કરનાર
માતા=દેવી; ઇશ્વરી શક્તિ
ઉપાસના=ભક્તિ
ઇષ્ટદેવ=જેના ઉપર આસ્થા હોય તે દેવ; પોતે પસંદ કરેલો દેવ
અવતાર=માણસના રૂપમાં પરમેશ્વરનું પ્રગટ થવું
કબીરપંથી= કબીરનો મત માનનાર
વ્રત=શાસ્ત્રમાં કહેલા નિયમો
મોક્ષ=મુક્તિ; ઉદ્ધાર
ગૌતમબુદ્ધ=બૌદ્ધ ધર્મનો સ્થાપનાર
શ્વેતાંબર=(શ્વેત+અંબર) સફેદ લુગડા વાળા (એ લોકો પોતાના દેવને સફેદ લુગડાં પહેરાવે છે)
દિગંબર=(દિક્+અંબર) =નાગા (એ લોકો) પોતાના દેવને કપડાં પહેરાવતા નથી)
પંથ=ધર્મનો માર્ગ.

તીર્થંકર=જૈન મતમાં મનાતા મોટા અવતારી પુરુષ

અહિંસા=હિંસા ન કરવી તે; કોઇપણ જીવને દુઃખ ન દેવુ તે

વૈરાગ્ય=સંસારની મોજમજામાંથી મનનું ઊઠી જવું તે

સિદ્ધાંત=(સિદ્ધ+અંત) =વાદવિવાદથી નક્કી થએલું તે; નક્કી સાર

અરબસ્તાન=એશિઆ ખંડની પશ્ચિમમાં દેશ છે

તુર્કસ્તાન=અરબસ્તાનની ઉત્તરમાં દેશ છે (એને એશિઆઇ તુર્કસ્તાન કહે છે)

પ્રદેશો=મોટા દેશો

પૈગંબર=ઉપદેશ કરવા મોકલેલા પુરુષ (પૈગામ=સંદેશો+બર=લાવનાર) ઇશ્વરને ત્યાંનો સંદેશો લાવનાર

કુરાન=મુસલમાનનું ધર્મ પુસ્તક

ઉપવાસ=ભુખ્યા રહેવું

સીઆ=મુસલમાનનો એક ધર્મ (પંથ)

ઇરાન=અરબસ્તાનની પૂર્વે દેશ છે

સંજાણ=સુરત જિલ્લાની દક્ષિણમાં છે

ઉદવાડા=પારડી તાલુકામાં પારસીનું જાત્રાનું ઠેકાણું છે

ઝગડો=તકરાર; લડાઇ

શુદ્ધ વાણી=સાચું બોલવું તે

અવસ્તા=પારસીનું ધર્મ પુસ્તક

જરથોસ્ત=જરસ્થોસ્તી ધર્મ સ્થાપનાર

મલબારકાંઠો=મદ્રાસ ઇલાકાનો પશ્ચિમ કાંઠો

બાઇબલ=ખ્રિસ્તીઓનું ધર્મ પુસ્તક

ઇસુખ્રિસ્ત=ખ્રિસ્તી ધર્મના સ્થાપનાર;

પાઠ ૧૭.

વસંતઋતુ=ફાગણ ને ચૈત્ર મહીનો; (એ મહીનામાં ઝાડને નવાં પાંદડાં આવે છે. વર્ષની ઋતુ છ છે વસંત ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર)

સંક્ષિપ્ત=ટુંકો

ઇતિહાસ=આગળ થઇ ગએલા રાજાઓના ગુણ દોષ તથા તેમની રાજ્યનીતિનું વર્ણન જેમાં કરેલું હોય તે

શિલાલેખ=જેના પર લેખ કોતરેલો હોય તે પત્થર

તામ્રપટ=જેનાપર લેખ કોતરેલો હોય તે તાંબાની તકતી

એલચી=એકરાજય બીજા રાજ્યમાં પોતાના તરફથી માણસ મોકલે છે તે;-પ્રતિનિધિ

ગ્રીક=ગ્રીસ દેશના રહેવાસી
ઉતારા=નકલો
કરકસર=જરૂરનો ખરચ કરવો તે
ગરબડાટ=ઘોંઘાટ
ભીડ=લોકોનો જમાવ
થાપણ=મુડી; ભંડોળ
સહી=મતુ; કબુલાત
સિક્કા=છાપ
સાક્ષી=સાહેદી
કાંડુ=પોંચો; હાથના પંજા આગળનો ભાગ
ન્યાયાસન=(ન્યાય+આસન)=ઇન્સાફ કરતી વખતે બેસવાથી જગા
તહેનાત=હજુર
સલાહ=અભિપ્રાય
શ્રમણ=બૌદ્ધધર્મના સાધુ
દર્ભ=એક જાતનું ઘાસ
એકમન=એક ચિત્ત
કર્તા=પરહેજી
બરગચ્છી=બરતરામ
મનાઈ=ના

પાઠ ૧૧.

પ્રાચીન=જુનાં; પહેલાંના
લાંગરેલી=લોઢાની બિલાડી નાખી થોભાવેલી
પુરાવો=સાબીતી
ઋગ્વેદસંહિતા=ઋગ્વેદના મંત્રોનો સંગ્રહ
વરુણદેવ=જળનો દેવ
નાવ=હોડી; નૌકા
અશ્વિનીકુમાર=દેવોના વૈદ; અશ્વની અને કુમાર એ બે ભાઇ છે અને તે બે એક દેવ ગણાય છે.
સમુદ્રયાન=સમુદ્રની મુસાફરી કરવાનો રિવાજ
ભરૂકચ્છ=ભરુપુર
ભૂશિર=જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગયેલી હોય તે
ખલાસી=વહાણ કે અગબોટ ચલાવનાર
લંકા=સિંહલદ્વીપ
નાંગરે=આવે નહિ

મંદિર=ઘેર
સુમાત્રા=એશિયામાં બેટ છે
જાવ=સુમાત્રાના અગ્નિકોણમાં બેટ છે
પરીઆના પરીઆ=છોકરાંનાં છોકરાં
પરીઆ=પેઢી; ઓલાદ

પાઠ ૧૨.

કવિતાના અર્થ.

કે=નું
વિખુટું=જુદું; છુટું
ઉંચ=ઉંચા
ગિરિ=પર્વત
શૃંગ=શિખર
સંગ=સાથે
સમ=બરાબર; જેવું
સોહાય=શોભે; સારૂં દેખાય
શિલા=પત્થર
શ્યામ=કાળું
કરુણ=દયા ઉપજે એવો
રવ=સાદ; અવાજ
મંદ=ધીમો

સહજ=પોતાની મેળે;	ધવળ=ધોળી	વેળ=વેળા; વખત
કુદરતી	સુહાય=શોભે	સે'લ=સહેલાઈથી
પડઘા=સામા અવાજ	ગાઢ=ખિચોખિચ; ગીચ	ગોદ=પાસું; સોડ
ભમાય=છેતરાય	ઘોર=ભયંકર; બિહામણી	અજ=બકરી
મોરી=મારી	સાવજ=વાઘ	ચુંબન=બચ્ચી; બોકી
માય=મા	શોર=અવાજ	કઠણ=અઘરી; મુશ્કેલ
અધિક=વધારે	શું=કેવું	મીઠું=વ્હાલું
અકળાય=ગભરાય	સોડ=પાસું	શાવ=બચ્ચું
ઉંચો=મોટો; ભારે	લપાય=સંતાઈ જાય	તૃપ્ત=તરપત; ધરાયલું
નાદ=અવાજ	ધર=રાખ	શિશુ=બચ્ચું
ધરતુ=રાખતું	વા'લા=પ્યારા	ઉછરંગ=ઉમંગ
યાદ=સ્મરણ; ફોમ	તત્કાળ=તરતજ	નાચ્યું=ઉછળ્યું

કવિતાની સમજુતી.

પેલું બકરીનું બચ્ચું આ વખતે તેની માથી છુટું પડેલું છે; તે ઉંચા પર્વતની ટોચે ઉભેલું છે, અને એની પાસે કોઈ નથી. (૧) બરફના જેવું સફેદ રંગનું (તેથી) સારું દેખાય છે અને તેની પાછળ કાળા રંગના પત્થર જણાય છે. તે પોતાની કુદરતી મજા ભુલી જઈને દયા ઉપજાવે એવો ધીમો અવાજ કરતું. (૨) તેના પર્વતની અંદર સામા અવાજ થાય, તે સાંભળીને તે ભૂલથી છેતરાય છે, કે જાણે મારી મા બોલી. પણ તેને નહિ દેખવાથી તે વધારે ગભરાય છે. (૩) તેથી વધારે મોટા અવાજ કરતું અને માનું સ્મરણ કરતું; તે બચ્ચું ચારે તરફ જોતું જાય તે વખતે તેની ધોળી વાંકી ડોક શોભે છે. (૪) નીચે ઘણી ગીચ અને ભયંકર ઝાડીમાં વાઘનો અવાજ થતો,

તે સાંભળી બચ્ચું ગભરાય ! અને જાણે કે માની સોડમાં દબાઈ જવાય ! (૫) હે ! વહાલા બચ્ચા તું ધીરજ રાખ, આ હું હમણા આવું છું. એમ બોલી મેં તે વખતે ટેકરીની ટોચપર સહેલાઈથી જઈને કહ્યું. (૬) તે બકરીના બચ્ચાને સોડમાં લીધું, અને દસબાર બચ્ચીઓ કીધી; પછી પર્વતનો અઘરો રસ્તો ઉતરીને જ્યાં તેની મા હતી ત્યાં બચ્ચાને મૂક્યું. (૭) મારૂં વહાલું બકરીનું બચ્ચું તરતજ ધાવવા લાગ્યું. અરે જો ! નદીમાં બકરીનું બચ્ચું માને હેતથી ધાવે છે. (૮) ધાવી ધાવીને ધરાયું એટલે એ છુટું પડ્યું, અને તેનુ ઉજળું શરીર વધારે દીપી રહ્યું; પછી તે બચ્ચું ઉમંગથી નાચ્યું અને તેની સાથે મારૂં અંતઃકરણ પણ (ઉમંગથી) ઉછળ્યું. (૯)

પાઠ ૧૩.

ઉગરતા=બચતા
વાડ=કાંટાની આડ
છીંડુ=બાકું
નિર્મળી=વાદળાં વગરની
વહોરો છો=માથે લો છો
સ્વર=અવાજ
શંખ=મોટો શંખલો;
બોખરા કરશે=મારશે
શાસ્ત્ર=સામાન્ય નિયમ સંગ્રહ; અનુભવનો ભંડોળ
ગ્રામ=સૂર સંબંધી એક માપ
મૂર્ચ્છના=સૂરને એકવાર ચઢાવવા ને પાછા ઉતારવા તે
તાલ=ગાવામાં માત્રા પ્રમાણે જે માપ તે
રાગ=ગાયનની રાહ
દાઝ=રીસ; ગુસ્સો
બાણીઓ=લાકડાની મોટી ખાંડણી
કળ વળી=દુઃખ નરમ પડ્યું

પાઠ ૧૪.

મુલતવી=મોકુફ; વાયદાપર
ઢીલ=આળસાઈ
અનુભવ=જાત માહિતી
ઉંચે=ઉપલે નંબરે
નિબંધ=અમુક બાબત પર સારી ઇબારત વાળું લખાણ
નોટ=રૂપીઆને બદલે વપરાતો ચલણી કાગળ
ચેપ=અડકવાથી એકનો રોગ બીજામાં આવવો
હેવાલ=વૃત્તાંત; હકીકત

પ્રસિદ્ધ કર્યું=જાહેરમાં મૂક્યું.
અસરકારક=અસર કરે એવું
જડ=મૂળ
વીમો=અમુક રકમ વરસો વરસ લઈ નુકસાન થયેથી નુકસાની ભરી આપવી તે.

પાઠ ૧૫.

ખુર્દી=પરડી
યમન=અરબસ્તાનમાં એક પ્રાંત છે
શેખ=અરબ લોકોની મોટી ટોળીનો સરદાર
અખૂટ=(અ+ખૂટ)=ઘણોજ
ખોટ=તંગી; તંગાસ
ઈશ્વરને માર્ગે=દાનમાં
સખત શબ્દ=કઠોર વચન
મગ્ન=ખુશ
દાદ=ઇનસાફની માગણી; ફરિયાદ
ફરિયાદ=દાવો
અદ્ભુત=નવાઈ જેવી
એકલપંથી=સાથી વિનાનો મુસાફર
ડોળ=ખોટો દેખાવ
સ્તબ્ધ=હાલે ચાલે નહિ તેવા; સ્થિર
ફાંસીઆ=ફાંસો દઈ મારી નાખનાર (એવા ફાંસીઆનો હિંદમાંથી ઈ. સ. ૧૮૩૫માં લોર્ડ વિલ્યમ બેન્ટિકે નાશ કર્યો હતો)

પાઠ ૧૬.

ઉડાઉપણું=ગજા ઉપરાંત ખરચવું તે
જહાપનાહ=દુનિયાનું રક્ષણ કરનાર; પાદશાહ
વિચિત્ર=નવાઈ જેવો; તરેહવાર
ખુલાસો=સમાધાન
જમા ઉધાર=આવક જાવક; ઉપજ ખરચ
આડસટ્ટો=આસરો; સુમાર
પગરણ=અવસર; સારું ટાણું
અચાનક=ઓચિંતો; એકાએક
જોગવાઈ=તજવીજ; ગોઠવણ
નિંદવા=વખોડવા
દોષ=ખોડ; ખામી
ગૃહસ્થાઈ=ગૃહસ્થના લક્ષણ
લેણદાર=માગનાર
ઉઘરાણી=માગતા પૈસા લેવા આપવા તે
ચિઢીઆં કરે=ખીજવાય; ગુસ્સે થાય
કોરટ=ઇન્સાફ કરવાની કચેરી.
ચેનબાજી=મોજ શોખ
મિથ્યાભિમાન=ખોટો ડોળ; ખોટી મગરૂરી
ખરચાળ=ઉડાઉ

પરતંત્ર=પારકાને તાબે
વાહવાહ=વખાણ
વળતો=બીજે
જપ્ત=કબજ; સરકાર
 હરાજ કરી લઈ જાય તે
દયામણી=દયા ઉપજે એવી
ગુલામ=વેચાતુ લીધેલો
 ચાકર
હાથ પહોંચતો હોય=
 પૈસાની સીલક હોય
પ્રસંગે=અવસરે
પેટે પાટા બાંધી=ગરિ-
 બાઇથી ગુજરાન ચ-
 લાવી; ભૂખ તરસ વેઠી

પાઠ ૧૭

મમતા=માયા; હેત
વેઠ=મફત મજુરી
વૈતરૂં=સખત મજુરી
અમસ્તી=ફોગટ
ધડો=દાખલો
ધર્મિષ્ઠ=ધર્મ પ્રમાણે
 ચાલનાર
ગરાસણી=ગરાસીઆની
 બાયડી; રજપુતાણી
આવડ=આવડત
ત્રેવડ=ગોઠવણ; વેતરણ
વર્ગ=જાત
થાણદાર=થાણાનો
 અમલદાર; ફોજદાર
વહીવટદાર=વહીવટ કર-
 નાર; મામલતદાર
સૂચના=અગમચેતી;
 ચેતવણી
સહવાસ=મેળાપ; સમા-
 ગમ
પાઠશાળા=કોલેજ
કુટુંબ પ્રીતિ=કુટુંબના
 માણસપર જેવો ભાવ
 હોય તેવો ભાવ
રસભેર=મજા સહિત
પાદર=ગામનાઝાંપા
 બહારની જગો
ગોરજ=ગાયના પગથી
 ઊડેલી ધૂળ.
બંદર માર્ગ=જળમાર્ગ;
જમીનમાર્ગ=સ્થળમાર્ગ;
 સડકને રસ્તે
વેતરણ=તોડ; નિકાલ;
 ગોઠવણ
ભૂજ=થોડા
દેવાદાર=દેણદાર
છેપ=અસર; લાગણી

પાઠ ૧૮.

અકેવો=જનોઇને લગતી
 ક્રિયાનો એક ચાલ;
 બટુક; (એમાં છોકરો
 રૂસે છે અને મામો
 તેને પાછો ઘેર પકડી
 લાવે છે)
વિધિ=ક્રિયા
દેવ સાખે=દેવની સાક્ષીએ
પહેરામણી=કન્યાનો બાપ
 વરને તથા તેના સગાં-
 એને જે રકમ
 આપે છે તે.
પરસ્પર=એક બીજાને
પરણું=છોકરીને દરદા-
 ગીના માટે આપવાની
 રકમ
વિભાગ=ભાગના ભાગ
શસ્ત્ર=હથિયાર
ધર્મોપદેશ=(ધર્મ+ઉપ-
 દેશ)=ધર્મનો બોધ

મંડળ=ટોળું
પૂર્વે=પહેલાં
કાળિદાસ=ભોજ રાજા
ના વખતમાં પ્રખ્યાત
કવિ થઇ ગયો છે.

પાઠ ૧૯.

કવિતાના અર્થ.

કસ્યપ=મરિચી; પ્રજા-
પતિના પુત્ર
કુમાર=બાળ
હિરણ્યાક્ષ,હિરણ્યકસ્યપ=
પૂર્વ જન્મે એઓ
વિષ્ણુ પરમાત્માના
જય અને વિજય
નામના બે પોળીઆ
હતા ઋષિ સનકાદિક
ના શ્રાપથી એઓ
રાક્ષસ થઇને કસ્યપની
સ્ત્રી દિતીને પેટે જ-
ન્મ્યા હતા.
બળવંત=જોરાવર
નીરધાર=નક્કી; ખચીત
પીડે=દુઃખ દે
આંગણે=બારણે
અનુમાન=આશરે; ધુમારે
સાહી=પકડી; ઝાલી
સહિત=સાથે
વિમાન=દેવની પાલખી
આભ=આકાશ
ત્રાસ=બીક; ભય
ત્રાસ પમાડે=બીવડાવે
નીરખતાં=જોતા
દિગપાળ=દિશાનું રક્ષણ
કરનાર દેવો (એ દસ છે)
ડોલે=હાલે; ધ્રૂજે
ભોગ=પૃથ્વી
ખળભળે=ટળવળે; ઉથલ
પાથલ થાય
ખંડ=પૃથ્વી
મહી=પૃથ્વી
મેલે=મૂકે; છોડે
માન=મોટાઇ; ગુમાન
દાનવ=રાક્ષસ
પ્રૌઢા=મોટા
થરથરે=કંપે
પાતાળ=પૃથ્વી નીચેનો
ભાગ (એ સાત છે.
અતલ, વિતલ, સુતલ,
મહાતલ, રસાતલ,
તલાતલ, પાતાલ)
પરવરે=જાય
દ્વેષ=કીનો;અદેખાઇ; વેર
પુચ્છ=પૂછડું
પન્નગ=શેષનાગ; સાપ
વરુણ=પાણીનો દેવ
અઘોર=ઉંચે
નીર=પાણી
ફેર=ના
નાથ=ધણી
અસુર=રાક્ષસ
ભોગ=બળિદાન
અમર=દેવતા; મરે
નહિ તે
આથડે=લડે; વઢે
સબળો=જોરાવર
ક્રોધ=ગુસ્સો; રીસ
જગન=યજ્ઞ; હોમ
પ્રબોધ=(પ્ર=રૂડો+
બોધ)ઉલટી શિખામણ
અદાવત=વેર; દુશ્મનાવટ
ઇંદ્ર=સ્વર્ગનો રાજા

સુર=દેવ
શું=સાથે
ભુવન=પૃથ્વી
ગદા=આંકડાના ફૂલના ઘાટનું ભારે પત્થરનું હથિયાર
ગ્રહી=પકડી; ઝાલી
ચોદભુવન=સાત પાતાળ ને સાત સ્વર્ગ
કોપવાન=ગુસ્સાવાળો; ક્રોધી
કુબેર=ભંડારના દેવ
ત્રાહે ત્રાહે=રોખા કરે

ત્રિલોક=ત્રણલોક (સ્વર્ગ મૃત્યુ, પાતાળ)
વિશ્વ=બ્રહ્માંડ
બાધુ=બધું; આખું
દંત=દાંત; દંતુશળ
સહાય=પકડે; ઝાલે
વારી=અટકાવી; રોકી
ક્રીડા=વિલાસ; મોજ
ભાતોભાત=ભાત ભાજી
ભેળાવે=મેળવે; કરે
ભેળાં=એકઠાં
ઉલટે=ચઢે

ઉતપાત=તોફાન
દુર્મતિ=નઠારી બુદ્ધિ
વાધીઆ=વધ્યા
પુષ્ટ=જોરાવર
અચલ=પર્વત; ખસે નહિ તે;
ચોખુંટ=ચારે દિશા
જીભશું=જીભ વડે
વીખે=વિષે; માં
અળવે=પુષ્કળ; ઘણું
પરહરીને=છોડી દઈને
પંડે=પોતે
આચારે=કરે; ચાલે

કવિતાની સમજુતી.

કશ્યપઋષિને ઘેર તે (જય વિજય) દુષ્ટ રૂપે છોકરા થઈને જન્મ્યા, તેઓ બહુ જોરાવર હતા. (૧) આશરે એક વર્ષના થયા એટલામાં તો બારણે આવી (લોકને) દુઃખ દે છે (ટેક) અને આકાશમાંથી દેવોની પાલખીને સુરજ સાથે પકડી લાવે. (ટેક) (૨) તેઓ વાદળને વળગે અને તારાઓને બીવડાવે. (ટેક) ચંદ્રમાને હાથમાં રાખે અને આકાશમાં ફરે. (ટેક) (૩) તેમને જોતાં દિશાના દેવો કાંપે અને તેઓ પર્વતના શિખરો પણ પાડે. (ટેક) પૃથ્વી ઉપર તેઓનો ભાર લાગતો તેથી નવે ખંડ કંપી ઉઠતા (ટેક) (૪) નાનપણમાં તેમનું જોર એવું હતું કે પૃથ્વી પણ પોતાની મોટાઈ મૂકી દેતી; (ટેક) તે રાક્ષસ હવે મોટા થયા ત્યારે આખી સૃષ્ટિ ધ્રૂજવા લાગી. (૫) રાક્ષસો પાતાળમાં

જાય અને દ્વેષ વધારે; (ટેક) સાપનું પુછડું તાણે અને સુતેલા શેષનાગને જગાડે; (ટેક) (૬) પાણી ઉંચું ઉડાડીને પાણીના દેવ સાથે લડવાનું કરે; (ટેક) (એવી રીતે) વરૂણ પાસે તે રાક્ષસો બળિદાન માગે. (ટેક) (૭) દેવોની સાથે લડે અને તેમના પર ઘણો ગુસ્સો કરે; (ટેક) યજ્ઞમાં (દેવોની પેઠે) હિસ્સો માગે અને બીજાને એમ કરવાનો ઉલટો બોધ કરે. (ટેક) (૮) દેવોની સાથે વેર રાખે, અને ઈંદ્રની સાથે પણ દુશ્મનાવટ કરે; (ટેક) ગદા પકડીને આખા બ્રહ્માંડને ચારે તરફ ફેરવે; (ટેક) (૯) કુબેરની સાથે ગુસ્સે થઇને તેમની પાસે રોકડા રત્નો માગે; (એવી રીતે) આખી દુનિયાને હેરાન કીધી, તેથી ત્રણે ભુવન (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ)નાં લોક તોબા તોબા પોકારે. (ટેક) (૧૦) દિશાના દેવોના હાથીઓના દંતુશળ પકડીને તાણે; (ટેક) ને તેમની સુંઢ પકડીને ફેરવે પણ તેમને કોઇ અટકાવી શકે નહિ, (ટેક) (૧૧) દરીઆમાં જઇને વિલાપ કરે અને લાતાલાતી રમે, (ટેક) (૧૨) એ નઠારી બુદ્ધિવાળા અને ઘણા પાપી રાક્ષસો ઋષિઓ સાથે દુશ્મનાઇ કરે; (ટેક) જ્યારે તેઓ મોટાને જબરા થયા ત્યારે બ્રહ્માંડ (આકાશ) સુધી ઉંચા વધ્યા. (ટેક) (૧૩) મોટા પર્વત ઉંચા કરીને ચારે દિશાએ ફેરવે. (ટેક) અને જેમ ઝાડને ઉંટ વળગે તેમ આકાશને ભીડથી ચાટે; (ટેક) (૧૪) તેઓ મનમાં જરા બીક રાખે નહિ અને પોતે પોતાના ઘણા વખાણ (આપવડાઇ) કરે; (ટેક) આમ ધર્મનાં રસ્તા છોડી દઇને તેઓ પોતે પાપને રસ્તે ચાલે, (ટેક) (૧૫)

પાઠ ૨૦.	ગુફા=પહાડની પોલાણ; પહાડની બકોલ	=દેવને રહેવાનું ઠેકાણું; દહેરૂં
ઘાટ=પશ્ચિમ ઘાટ; સહ્યાદ્રિ	દેવાલય=(દેવ+આલય)	ચિતા=ચેહ

શિલ્પકામ=કોતરકામ
પાઘડીપરે=પાઘડીની પેઠે બાંધે ને સાંકડો
ચૈત્ય=પર્વતમાં કોરેલું બૌદ્ધ લોકનું દહેરું
પટ=પહોળાઈ
દાગબ=ધાતુગર્ભ; પૂજાનું ઠેકાણું
સ્તંભ=થાંભલો
વિહાર=મઠ; બૌધ સાધુને રહેવાની જગા
ભિક્ષુક=ભીખ માગી ગુજરાન ચલાવનાર
ક્ષણભંગુર=પળકમાં નાશ થાય એવું
વૃત્તિ=વલણ; ઇચ્છા
નિર્વાણ=શાંતિ; મુક્તિ; મોક્ષ
કલ્પનામં=આંખ મીચીને મનની નજર આગળ
દિનચર્યા=સાધુએ રોજ શું કરવું તે
સૂર્યોદય=(સૂર્ય+ઉદય)= સુરજનું ઉગવું તે
દોષ=અવગુણ
ભિક્ષાપાત્ર=ભિક્ષાનું વાસણ
શંકા=શક પડતી બાબત; નહિ સમજાએલી વાત

પાઠ ૨૧.

નહેર=નદીમાંથી દૂર પાણી લઇ જવા માટે ખોદેલી ખાઇ
મોલ=મૂલ
હિંદુશાસ્ત્ર=આર્ય ધર્મ પુસ્તક
સગવડો=જોગવાઇ
ઝૂરી=લચી
બળદેવ=શ્રી કૃષ્ણના મોટા ભાઇ
રસાળ=(રસ+આળ)= ફળદ્રુપ
કંપનિ=વિલાયતનું એક વેપારી મંડળ; (એના હાથમાં આ દેશની સત્તા સને ૧૮૫૮ સુધી હતી)
શાખા=ફાંટો
સદી=સો વરસનો કાળ; સૈકો
આબાદ=સુખી

પાઠ ૨૨.

સંપ્રદાય=પંથ
શરાણ=ધાર કાઢવાનું ઓજાર
કાવ્યકળા=કવિતાની ખૂબી અને યુક્તિઓ
સમાગમ=મેળાપ; મુલાકાત
ભાટ=એક જાતના બ્રાહ્મણ; ખરા ખોટા વખાણ કરનાર; બારોટ
ચારણ=રાજાના આશ્રિત વર્ગમાંની એક જાત (એનો ધંધો રાજાના વખાણ કરવાં; રાજાની આગળ નાચવું ગાવું વગેરે ખેલ કરવાનો છે.)
દંતકથા=મોઢેથી ચાલતી ખરી ખોટી વાત

કદર=મુજ; જાણ
હિતેચ્છુ=(હિત+ઇચ્છુ)=ભલું કરનાર
સોસાયટી=મંડળ
હેતુ=મતલબ; ધારણા
સંબંધ=પરિચય
કરેલ=કાઢી
વેનચરિત્ર=વેન રાજાની હકીકતનું પુસ્તક
વર્નાક્યુલર સોસાયટી=ચાલતી દેશી ગુજરાતી ભાષા સંબંધી મંડળી
પદ્ધતિ=ધોરણ; રીત
પ્રમુખપણું=અધ્યક્ષપણું; ઉપરીપણું
ઋતુવર્ણન=એ નામનું કાવ્ય
કાવ્ય=કવિતાનું પુસ્તક
માનવંતો=આબરૂવાળો
ખિતાબ=ઇલકાબ;ઉપનામ
સી. આઇ. ઇ.=હિંદના રાજ્યનો દોસ્ત
વર્ષાસન=વરસનો પગાર
રોયું=બેચ્યું
શોખ=ચાહના; પ્રેમ
જમાનો=જુગ; કાળ

પાઠ ૨૩.

ધાર્મિક=ધર્મ પર આસ્થાવાળો
નિરાધાર=આધાર વગરનો; વસીલા વગરનો
મરકી=ઘણા માણસ મરી જાય એવો રોગ કોલેરા, પ્લેગ વગેરે
પંજો=સપાટો
ગુમાસ્તાગીરી=કારકુની ને નામાનું કામ
વાકેફ=માહીતગાર; જાણીતો
ફુરસદ=નવરાશ
વિશ્વાસઘાતી=ભરોસો તોડનાર
સંપૂર્ણ=(સં+પૂર્ણ) પુરેપુરો
અત્યંત=(અતિ+અંત) ઘણીજ
ઉજાપન કરવું=ઓળવવું તે; ઉપાડી જવું તે
ખોટ=ખાધ
રોકડ=રોકડ નાણું

પાઠ ૨૪.

કવિતાના અર્થ

ભાવ્યો=ગમ્યો; પસંદ પડયો
મેહ=વરસાદ
દેવતા=દેવ
વીજ=વીજળી
આબુ=ગુજરાતની ઉત્તરમાં પર્વત છે
ગિરિરાજ=પર્વતનો રાજા; મોટો પર્વત
તિથિ=દહાડો; દિવસ
ટાણે=વખતે
ઘંટ=કાંસાની વગાડવાની ઘડિયાળ
દીપે=શોભે
આંખ કાઢી=ધ્યાન દઇ
ઝૂકી=નમી; લચી

ઝૂંડ=જથ્થો; ટોળું
સ્વાદુ=સ્વાદવાળો
મિષ્ટ=મીઠો
વસે=રહે
ઝરે=વહે; નીકળે
ઝરણાં=ઝરણું; વહેળા
શીળો=ઠંડો; ટાઢો
સુગંધી=સારી વાસ; ખુશબો
વહે=જાય; ચાલે
ફૂલી=ખીલી
ફૂલવાડી=જે વાડીમાં ફૂલ થાય તે વાડી
વાવ=પીવાના પાણીને માટે ખોદેલા કુવામાં ઉતરવાના પગથીઆ મૂકયા હોય તેવો કુવો
ઓપે=શોભે:સારો દેખાય
વડાં=મોટાં
દેવળ=દહેરું
દેવ=પરમેશ્વરના અંશની મૂર્તિ
બંગલા=વાડી વચ્ચે બાંધેલું ઘર
પ્રસેવો=પરસેવો; પસીનો
પરાં=આઘેનાં; દૂરના
પાસ=પાસે
વેંત=વાર
જુક્તિ=તદબીર
જણાવે=દેખાડે
ધુણી=તાપણી
ટેવો=અનુભવો; માનો
સ્થાન=ઠેકાણું, જગા
ખ્યાત=પ્રખ્યાત; જાણીતી; નામીચી
દેવી=માતા
અર્બુદા=આબુદેવી
કથા=વાત;હકીકત; બીના
જોગ=લાયક

કવિતાની સમજુતી.

જેમ આકાશમાં વરસાદ ચઢી આવ્યો હોય તેમ (આબુ પર્વત) આઘેથી જોતાં મનને ઘણો સારો લાગ્યો, તે પરના કુંડમાંનો અગ્નિ વીજળી જેવો દેખાય છે. (કુંડમાંનો અગ્નિ તે જાણે ચઢેલા વરસાદમાં વીજળીનો ચમકારો થાય તેવો દેખાય છે) એવો પર્વતનો રાજા (પર્વતમાં શ્રેષ્ઠ) આણે આજે જોયો. (૧) શોભીતી પુનમની સાંજને વખતે જાણે સૂર્ય અને ચંદ્ર બે ઘંટ બન્યા હોયની! કોઇ કહે કેવો દેવના હાથી જેવો (આબુ પર્વત) શોભી રહ્યો છે! (ટેક) કદાચ તમે ઉપર જઇને નિહાળીને (ધારીને) જુઓ. તો જણાશે કે ઝાડના જથાની ઘણી ઝાડીઓ નમી રહી છે, અને ત્યાં સ્વાદિષ્ટ મીઠો મેવો

જોઇએ તેટલો મળે છે, (ટેક) ત્યાં વાઘ, વાંદરા, સિંહ અને હરણો રહે છે. અને ચોકખા પાણીનાં ઝરણો હંમેશાં વહે છે; ને ઠંડો અને સુગંધીદાર પવન વાય છે. (ટેક) ત્યાં સારાં (ખુશબોદાર) ફૂલોની ફૂલવાડી ખીલી રહી છે, તેમજ ત્યાં આગળ કુવા, વાવ ને કુંડ ઘણા શોભે છે; મોટાં દહેરાંઓમાં દેવોનો વાસ છે. (ટેક) ત્યાં બંગલા બંધાયા છે ને બજારો થયાં છે. વેપારીઓ સારો (ઘણો) વેપાર કરે છે. તેથી માલ લેનારને જેવો માલ લેવો હોય તેવો ત્યાં મળે છે. (ટેક) ત્યાં તેર ગાઉના ઘેરાવાના તળાવમાં ફરતા અગિઆર ગામના લોકો પીવાને-પાણી લેવા આવે છે; ને જ્યાં જેઠ મહીનામાં પણ પરસેવો દેખાતો (થતો) નથી (કારણ કે પર્વતપર ઘણી ઠંડક રહે છે) (ટેક) અષાડ મહીનામાં છેટેનાં વાદળાં પાસે આવે છે, અને જતાં વાજ જોવાની ખુબી બતાવે છે; તે વખતે તમે વાદળાંને ધુણીના ધુમાડાજ ધારો (સમજો) (ટેક) જેમાં જૈનનાં અને હિંદુનાં જુનાં દેવસ્થાનો છે, અને તેમાં પ્રખ્યાત અર્બુદા માતા છે; આ બધી વાત જાણવા લાયક અને કામની હોવાથી કહી છે, આ સારા છંદ દલપતરામ કવિએ બનાવ્યા છે.

પાઠ ૨૫.

અડવો=બેવકુફ
તોલ=બરાબર
સુખડું=ગોળપાપડી
વળાવવા=વિદાય કરવા
વાસો રહેજે=મુકામ કરજે
ખોડી બારૂ=ખેતરની વાડમાંથી જવા આવવા માટે છીંડું પાડી વચમાં બે પાંખીઆ વાળું દાટેલું લાકડું
કુપ્પાં=કુલ્લાં; ચામડાનાં કુડાં
શાવકાર=શાહુકાર
ધ્રેરૂ=ઝાડથી ખુબ ઢંકાઇ રહેલી જગા
હારે=સાથે
બુકાની=માથેથી દાઢી નીચે લઇ બાંધેલો લુગડાનો કકડો
તીર=બાણ
કામઠું=ધનુષ
સેરે=છે
હોંકારા=ખુમાટા

સે=છે
ધોલ=થપ્પડ
ઝાપટ=ઝૂડ
પતીજ=ભરોસો
પરખાવો=તપાસાવો; પરીક્ષા કરાવો
આંટ=પાર; હદ
વ્યસની=વ્યસનવાળો; ગંજેરી; અફીણી; દારૂડીઓ વગેરે
આળ=તહોમત; બટ્ટો
પાપનો ઘડો ફુટવો=છુપું રહેલું પાપનું જાહેર થવું
દગો કોઇનો સગો નહિ=કપટથી કોઇ પાર પડતું નથી
ઝાડો=જડતી; તપાસ
અન્નદાતા=પોષણ કરનાર

પાઠ ૨૬.

સર્વદમન=રાજા દુષ્યંત અને શકુન્તલાનો પુત્ર ભરત; બધાને દબાવનાર
બાળચેષ્ટા=બાળકની રમત ગમત
તાપસી=તપશ્ચર્યા કરનાર સ્ત્રી
તપોવન=તપ કરવાનું જંગલ; ઋષિ આશ્રમ
કાળજું=અંતર; મન
અંહ=ઉંહુ
ચક્રવર્તી=જેની આણ નાનાં મોટાં ઘણા રાજ્યો પર વર્તાવી હોય તેવું
લક્ષણ=ગુણ
સતાવતો=પજવતો
દીસંતી=દેખાતી
દંતકળી=ઊગતા દાંત
વણ=વગર; વિના
નિમિત્ત=સબબ; કારણ
કાલીકાલી=કાનને પ્રિય લાગે એવી
બોલી=ભાષા; બોલ
તોતલી=તોતડી; બોબડી
પુત=છોકરો
મલિન=મેલું
લેખીએ=ગણીએ
આશ્રમ=મઠ; તપોવન
આકૃતિ=ઘાટ; ચહેરો
ચેષ્ટા=રમત ગમત
આશ્રમસ્થાન=તપસ્વીઓનું રહેઠાણ
મુનિકુમાર=ઋષિ પુત્ર
ધર્મદારા=ધર્મ પ્રમાણે પરણેલી સ્ત્રી; લગ્નના સંબંધથી જોડાએલી સ્ત્રી
દારા=સ્ત્રી
ત્યાગ કર્યો=તજી દીધો
પૂછપરછ=તપાસ
શકુંત=પક્ષી; મોર
શકુંતલાવી=(શકુંતલા+આવી) શકુંતલા આવી અથવા શકુંત એટલે મોર લાવી
માઘેલો=(મા+ઘેલો) મા ઉપરના પ્યારથી ગાંડો થએલો હોય એવું

તરજુમો=એક ભાષામાંથી બીજી ભાષામાં સમજણ પાડવી તે.

વગર કારણે હસવાથી જરા જરા દાંતની કળીઓ દેખાય છે; અને સમજાય નહિ એવી બોબડી અને કાલી કાલી બોલી બોલે છે. ખોળે ચઢીને (ખોળામાં) બેસવાને આતુર એવા છોકરાને જે માણસ ખોળામાં લે અને તે છોકરાના શરીરે વળગેલી ધૂળથી જેનું શરીર મેલું થાય તેને નસીબવાન સમજવો.

પાઠ ૨૯.

શિક્ષણ=કેળવણી

વહાણવટી=વહાણ ચલાવનાર

મથી=મહેનત કરી

ઇરાદો=વિચાર

ખંડ=જેમાં ઘણા દેશો આવેલા હોય તે (જેમકે એશિઆખંડ)

સ્પેન=યુરોપ ખંડની પશ્ચિમમાં દેશ છે

ટાપુ=બેટ

શુદ્ધ=બરોબર; ખરેખરી

પવન પડેલો હતો=પવન બંધ હતો

આભ=આકાશ; ગગન

અધીરા=ધીરજ વગરના.

ફોસલાવી=પટાવી

ધમકાવી=ધમકી આપી

કંટાળ્યા=કાયર થયા

અશક્ય=(અ+શક્ય)=થઇ શકે નહિ એવું

સ્પષ્ટ=ખુલ્લા

જમીનનાં પક્ષી=જમીન પર રહેનાર પક્ષી

આશા=ભરોસો; વિશ્વાસ

આંખ ન મીંચતાં=ઊંઘી ન જતાં.

આનંદભર્યા શબ્દો=ખુશાલીના પોકાર

પહો ફાટવો=સૂરજ ઊગતાં પહેલાં અજવાળું પડવું તે

કનડગત=હેરાનગતિ

ચુંબન=બોકી; બચ્ચી

સ્વાર્થ=(સ્વ=પોતાનો+અર્થ=લાભ) પોતાનો લાભ

ખાતર=માટે

પાઠ ૩૦.

સત્યવાદી=(સત્ય+વાદ+ઇ) સાચું બોલવાવાળો

યજ્ઞ=હોમ

દક્ષિણા=ગુરૂ કે બ્રાહ્મણને જમણ હાથે દાનમાં અપાતી રકમ

કસોટી=પરીક્ષા; તપાસ

તેજ ક્ષણે=તરતજ

માર્ગ=રસ્તો; વાટ

સર્વસ્વ=બધું; સઘળું

મુહૂર્ત=મહેતલ; વખત
વેરેલ=વેરેલી
સ્થાનક=ઠેકાણું. જગા
અયોગ્ય=(અ+યોગ્ય)=લાયક નહિ
કંટકવન=કાંટાવાળું જંગલ
સુંવાળી=દુઃખ સહન ન કરી શકે એવી
ક્ષત્રિયાણી=(ક્ષત્રિય+આણી)=ક્ષત્રિયની બૈરી
બોલ=વચન; કોલ
આગ્રહ=મમત
નિંદી=વગોવી
અર્ધાંગના=અર્ધાંગના
મૂલ=કિંમત
સ્તબ્ધ થવું=ઠરી જવું
પાલવ=છેડો
ચંડાળ=ભંગીઓ; નીચ કામ કરનાર
આચકો ખાય છે=ખંચકાય છે

મુડદું=લાસ; મરેલું પ્રાણી
જાળમાંથી=દરમાંથી
અનાથ=(અ+નાથ)=ધણી વગરની; નિરાધાર
મસાણ=મુડદાં દાટવા બાળવાની જગા
દેવું=દેણું; કરજ
ફૂલ પાથરેલી જગાએ ચાલવાને બોલકુલ લાલાયક નહિ એવી જે કોમળ અને રૂપાળી સ્ત્રી, તે જેની અંદર ઘણાજ કાંટા છે એવા વનમાં ધણીની પછવાડે ચાલવા લાગી.

પાઠ ૨૯

સરપાણનો ધોધ=માંડડી ઘાટ; મોખડીઘાટ
જળધોધ=જોશથી પાણીનો પડતો મોટો પહોળો ધોધવો

ચાણોદ=ડભોઇ પાસે નર્મદા કાંઠે જાત્રાનું ઠેકાણું
સામે વહેણે=વહેતા પાણીની સામે; ઉપલાણે
પનાઇ=ચપટા તળીઆની નાની હોડી
બાહુ=ભુજ; ખભાથી કોણી સુધીનો હાથ
દેડ્કાં=શ્વાસની ધમણ
ચાહિતેશ્વર=સૂર્યે સ્થાપેલા મહાદેવ
છાછર=થોડાં ઉંડાં
રાજપીપળા=એ રેવાકાંઠા એજન્સીમાં સંસ્થાન છે.
કાળભૈરવ=શિવનું ભયંકર રૂપ
હરણ ફાળ=હરણના કુદકા જેટલું પહોળું
ઘેરૂં=મધુરૂં
વારિ=જળ; પાણી
ઢળ ઉતાર=ઢાળ પડતી

પાત્ર=નદીને વહેવાનો માર્ગ
ફીણ=ધોળા પરપોટા
ભાસ=દેખાવ
અનંત=(અન્+અંત)= છેડા વગરની; પાર વિનાનો; ઘણોજ
પરકંમાવાસી=પ્રદક્ષિણા કરનાર
સદાવ્રત=(સદા+વ્રત)= ગરીબ મુસાફરોને ધર્માદા સીધું આપવું તે

પાઠ ૩૦.

કવિતાના અર્થ.

સપુત=(સ+પુત) સારો છોકરો
તેહ=તે
સીધો મારગ=પ્રમાણિકપણે
અધર્મ=(અ+ધર્મ) પાપ;
ટાળે=દૂર કરે; મટાડે
સ્વજન=(સ્વ+જન) પોતાના માણસ; સગા વહાલાં નોકર ચાકર વગેરે
દીન=ગરીબ
દુઃખડં=દુઃખ; અ ફૂત
અરચીઆ=ભજ્યા
દામ=પૈસા
પરમારથ=(પરમ+અરથ)=પારકાનું ભલું
જોડે=મેળવે
ગર્થ=પૈસો
હરિ=પરમેશ્વર
અર્થ=માટે; વાસ્તે
ચાડી=ચુગલી
નવ=નહિ
અપયશ=(અપ+યશ)= અપકીર્તિ; ગેરઆબરૂ
અવનિ=પૃથ્વી
અવતાર=જિંદગી
સમસ્યા=ઉખાણા; કોયડા; ઉત્તર મેળવવાને સંકેતવાળી ભાષામાં કહેવું તે
ગોરી=સ્ત્રી
ગોખ=ઝરૂખો; માળનો આગળનો વધારેલો ભાગ.
તળે=નીચે
નદીકેરે=નદીના
નીરે=પાણી ઉપર
નદી કેરે નીરે=નદીના પાણી ઉપર; નદીનું પાણી તેની ઉપર
તીરે=કાંઠે
ચોથ સવાયો=ચોથા ભાગનું સવાગણું; $\frac{૫}{૧૬}$;
કચરે=કાદવમાં
અડીયાં=રહ્યાં; મરી ગયાં
સેવાળ=લીલ
કામની=સ્ત્રી
છત=સીલક
ચંપક વન=ચંપાના ઝાડ ઘણાં હોય એવું જંગલ
તમમાંથી=તમારામાંથી
બેય=બેઉ
ગણ=ગણતરી કર
સંદેહ=વહેમ; શક
શાસ્ત્ર=ગણિત શાસ્ત્ર
સાક્ષી=સાબિતી
દે=આપે
સાચ=સાચી

કવિતાની સમજુતી.

જે પ્રમાણિકપણે ચાલે, તે સારો છોકરો કહેવાય. જે પાપને દૂર કરે તે સારો છોકરો કહેવાય, જે પોતાના સગાંવહાલાને સુખ આપે છે તે સારો છોકરો કહેવાય, જે ગરીબોના દુઃખો મટાડે તે સારો છોકરો કહેવાય, વળી જેણે પરમેશ્વરને હેતથી ભજ્યા તેનું નામજ સારો છોકરો છે. શામળ કવિ કહે છે કે જેણે પારકાનાં ભલાંને માટે પૈસા વાપર્યા હોય તેજ સારો માણસ કહેવાય. (૧) જે વેપારથી પૈસા મેળવે તેજ સારો છોકરો કહેવાય, જે પ્રભુને નામે દાન કરતો હોય તેજ સારો છોકરો કહેવાય, જે ગેરઆબરૂથી બીતો હોય તેજ સારો છોકરો કહેવાય; જોતાં જેનામાં ઘણાજ સારા ગુણો માલમ પડે તેજ સારા છોકરાને સ્વર્ગમાં સુખ છે, શામળ કવિ કહે છે કે આ દુનિયામાં તે માણસની (જેને સપુત છોકરો હોય તેની અથવા સપુતની) જિંદગીને ધન્ય છે. મતલબ કે તેજ ખરેખરો જીવતો છે.

ગણિત સમશ્યા. છપ્પા.

નીચે નદીનું પાણી તેની ઉપર આવેલા ઝરૂખામાં એક સ્ત્રી બેઠી હતી; તેનો મોતીનો હાર તૂટી ગયો અને તે નદીના કાંઠાપર જઈ પડ્યો, જરા વારમાં અર્ધાં મોતી પાણીમાં જઈને પડયાં, બધાં મોતીનો ૧/૪ ભાગ અર્ધો કાઢવ અધો કચરો એવામાં જઈને પડયાં; વળી છઠ્ઠા ભાગના મોતી શાલમાં ગબડી ગબડીને ગયાં, અને તે સ્ત્રીના હાથમાં બે મોતી રહ્યા. ત્યારે કહો કે મોતી કેટલાં હતાં? જવાબ-સીલકમાં છન્નુ મોતી હતાં, તેના ચોથા ભાગનું સવાયું કરીએ એટલે ૩૦. અને છઠે ભાગે એટલે ૧૬, અને હાથમાં બે મળી ૪૮; પ્રથમના અર્ધા એટલે ૪૮ જળમાં ગયાં તે મળી કુલ મોતી ૯૬.

પક્ષીનાં બે ટોળાં આકાશમાં ઊડતાં ઊડતાં ચંપાના વનમાં આવ્યાં, તે સૌને (એક બીજાને) સારાં ગમ્યાં (બે ટોળામાંથી) એક ટોળું બોલ્યું કે તમારામાંથી એક (અમારામાં) આવો, તો આપણે બંને ટોળાં (ટોળાંના પક્ષીઓ) સરખાં થઇએ તેથી બધાંના મનને સારાં લાગે. ત્યારે બીજું ટોળું બોલ્યું કે જો તમે અમને એક પક્ષી આપો તો અમે તમારાથી બમણા થઇએ. ત્યારે અમે પૂછીએ છીએ કે એ બંને ટોળામાં પક્ષી કેટલાં હતાં તે ગણીને કહો. **જવાબ**—એમાં વહેમ શો છે ? શાસ્ત્ર (ગણીતજ) સાચી સાબિતી દે છે કે બધાં મળીને ૧૨ પક્ષી હતાં; એકનાં સાત અને બીજામાં પાંચ (પહેલું બોલ્યું તેમાં પાચ અને બીજું બોલ્યું તેમાં સાત)

પાઠ ૩૧

કનકમૃગ=સોનાનો હરણ

પંચવટી=પાંચ વડનો જથ્થો; દંડકારણ્ય; નાશકને સામે ગોદાવરી નદીને કાંઠે એ સ્થાન છે

નેત્ર=આંખ

ઠારે છે=સંતોષ પમાડે છે

અલૌકિક=દૈવી; અદ્દભુત; આ લોક (પૃથ્વી) માં નહિ એવો

મૃગલો=હરણ

નિર્ભય=(નિર્+ભય)= ધાસ્તી વગરના

બુટ્ટી=તરેહ

આર્યપુત્ર=એ શબ્દ ધણીને બોલાવવામાં વપરાતો હતો; સ્વામી; રામ.

અયોધ્યા=(ગોગરા)સર્યુ નદીને કાંઠે શહેર છે

છક=દિંગ; તાજુબ

મૃગચર્મ=હરણનું ચામડું

જાનકી=સીતા

આસન=બેઠક

અસુર=દૈત્ય

વેગે=ઝપથી

કારમી=વિકરાળ; બિહામણી; ભયંકર

ચીસ=ગભરાટમાં બૂમ પાડવી તે

પર્ણકુટી=ઝુંપડી

ફાળ=ધ્રાસ્કો

વલોવાઇ=ઉથલ પાથલ થઇ

કઠોર=સખત; કડવા

હરિઆળી=લીલોતરી વાળી

અલખ=બ્રહ્મ; ધ્યાનમાં નહિ આવે એવાં પરમાત્મા. (એ શબ્દ જોગી વાપરે છે)
જગાવતો=બોલાવતો
ગોદાવરી=સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી ઉત્તર સરકાર પ્રાંતમાં વહી બંગાળી ઉપસાગરને મળે છે તે (એને કાંઠે નાશક, ત્ર્યંબક, રાજમહેંદ્રી ને યાનાન છે.)
અતિથિ=ભિક્ષા માગવા આવેલા માણસ
રાતાં થઇ=ગુસ્સે થઇ
ભમર ચઢાવી=ડોળા કાઢી
વિકરાળ=બિહામણું.
ધારણ કર્યું=પ્રકાશ્યું
રથ=ચાર પૈડાંની ઘુમટવાળી ગાડી

પાઠ ૩૨.

કંજુસ=કૃપણ; બખીલ
દળદર=ગરિબાઇ
વિદ્યાર્થીના આશીર્વાદ=ભીખ માગવી તે; અસલ વિદ્યાર્થીઓ ભિક્ષા લાવીને ખાતા
ઝીક મારવી=પત્થર પર પછાડી ધોવું
વારસે=વડીલો તરફથી મળેલી પુંજી
વધ્યાસંધ્ય=વધારાના
સંકલ્પ=ઠરાવની નિશાની તરીકે હાથમાં પાણી લઇ જમીનપર મૂકવું તે
કૃપણ=કંજુસ

પાઠ ૩૩

બનાવટ=રચના. ગોઠવણ
નાસ્તિક=ઇશ્વર નથી એમ માનનાર
કર્તા=બનાવનાર; રચનાર
અસાધારણ=ગણીજ

કીમતીપણું=ઉપયોગીપણું
મેદ=ચરબી (એ જાડા માણસમાં વધારે હોયછે)
કોમળપણું=નાજુકાઇ
આરામ=વિસામો
સરળતા=સહેલાઇ
સંરક્ષણ=સારી સંભાળ
ભમર=ભવાં
છાજલી=છજું
જતન=રક્ષણ; સંભાળ
ડોળો=આંખનો ગોળો
વાટે=રસ્તે; રાહે
નસકોરાં=નાકના દમ લેવાનાં બે કાણાં
બ્રહ્માંડ=આકાશ ચોમેરથી અંડ (ઇંડા) જેવું જણાય છે તેમાં રહેલી તમામ સૃષ્ટિ
અંગેર=ગેરવ્યવસ્થા
ગરજ સારે છે=કામ કરે છે
સાખ=સાહેદી; પુરાવો

પૂરે છે=આપે છે	ઉદાસ=દીલગીર	નિશદિન=રાતદહાડો;
ખુબી=તાસીર; બલીહારી	ભેળાં=ભેગાં	હંમેશાં
પાઠ ૩૪.	નિરાશ=(સં) નિર=નહિ	પસરે=ફેલાય
કવિતાના અર્થ.	+આશ=આશા)=આ	સુવાસ=સારી વાસ;
અરજ=પ્રાર્થના; વિનંતી	શા વગરનો; નાઉમેદ	આબરૂ
અવિનાશી=(સં) અ=	શુભ=સારા	અંતર=મન
નહિ+વિ+નાશ+ઈ=	ક્યાસ=ખામી; ખોડ	ઉજાસ=અજવાળું;
વાળા)=જેનો નાશ	મતિ=બુદ્ધિ	નિર્મળપણું
નથી એવા પરમેશ્વર	સમાશ=સમાવેશ; મેળાપ	આધાર=આસરો; ટેકો
દયાળ=દયાળુ	નિર્મળ=(સં) (નિર=	હાશ=નિરાંત; શાંતિ
આશ=આશ; ઇચ્છા	નહિ+મળ=મેલ)=મેલ	કુધારો=ખરાબ રિવાજ
લેશ=જરા	વિનાનો; ચોકખો	નઠારી રીતભાત

કવિતાની સમજુતી.

હે પરમેશ્વર વિનતી સાંભળો, હે નાશ વગરના પરમેશ્વર તમે અમારી પ્રાર્થના સાંભળો, અમે બાળક (ઓછી બુદ્ધિવાળા) છીએ, અને આપ તો દયાળુ છો, અમારી એક ઇચ્છા છે. હે નાશ વગરના પરમેશ્વર અમારી પ્રાર્થના સાંભળો. અમે છોકરાઓ તો ઘણાએ ગુનાઓ કરીએ પણ તેથી તમે લગાર પણ દીલગીર થશો નહિ (ટેક) અમે બધા વિદ્યા ભણવાને ભેગા થઇએ છીએ તેમાં તમે અમને નાઉમેદ કરશો નહિજ. (ટેક) અમે બધા સમજીને સારા ગુણ લઇએ કે જેથી જરા પણ ખામી રહે નહિ; (ટેક) સારા ગુણોની સાથે અમને સારી બુદ્ધિ આપો કે જેથી કરીને અમે બધામાં મળી જઇએ. (ટેક) અને રાત દહાડો ચોકખા મનના રહીએ કે જેથી કરીને અમારી સારી આબરૂ ફેલાય;

(ટેક) અમે મોઢેથી એવું માંગી લઇએ છીએ કે અમારા મનમાં જ્ઞાનનો પ્રકાશ થાય; (ટેક) આપની મદદ મળવાથી મનમાં નિરંતર રહે છે. (ટેક) કોઇપણ વખત અમારામાં જરાપણ નઠારી ચાલ રહે નહિ અને સુખ જતું રહે નહિ (કાયમ રહે) (ટેક)

કવિતાના અર્થ.

નિધિ=ભંડાર
દયાનિધિ=દયાનો ભંડાર: પરમેશ્વર
અશરણ=આધાર વગરના; નિરાધાર
શરણ=આધાર
અશરણ શરણ=આધાર વગરનાનો આધાર
વા'ર=મદદ
લીલા=ખુબી; શોભા
અકળ=સમજાય નહિ તેવી; જાણી ન શકાય એવી
આકાર=મૂર્તિ; ઘાટ
જર=પૈસો
સકળ=સઘળી; બધી
વિ઼ટંબના=ગભરામણ; મુંઝવણ
ટાળી=મટાડી; દૂર કરી
વીખ=ઝેર
વાર=મટમાત્ર
આનુ=નામ; નિમિત્ત
પન=ટેક
પતિતોદ્ધાર=(સં)(પતિત=પાપી+ઉદ્ધાર)=પાપીને તારનાર: પરમેશ્વર
અભય=બીક વગરનું
અચળ=ચળે નહિ એવું; કાયમ
યાચ્યું=માગ્યું; જાચ્યું
વારંવાર=વારે ઘડીએ
તારી=ઉગારી; બચાવી
પાર=છેડો
લહ્યું=મેળવ્યું
વિસ્તાર=વિશાળપણું; આત્માનું મોટાપણું
પત=પતની

હે દયાના ભંડાર (પરમેશ્વર) તું મારો આધાર છે અને તારો એકલાનોજ આશરો છે. તારૂં સારૂં નામ નિરાધારનો આધાર છે માટે તું મને મદદ કર. (ટેક) હું જ્યાં જોઉં છું ત્યાં તારી ઘણીજ ખુબી જણાય છે. અને તારી શકિત ને રૂપ સમજી શકાય નહિ એવાં છે. (ટેક) આ દુનિયાના માણસોનું હેત રૂપને લીધે, રંગને લીધે કે પૈસાના લોભને લીધે છે. (ટેક) તું સઘળી ગભરામણ મટાડી દઇને

ઝેર રૂપી વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ) થી દૂર રાખ. (ટેક) હે પાપીઓને તારનાર ધણી તું હેતથી તારા નામનો ટેક રાખ. (ટેક) તારૂં બીક તારૂં બીક વગરનું અને જાળે નહિ એવું (કાયમનું) સારૂં ઠેકાણું (પદ) હું હરઘડી માગું છું. (ટેક) જો કે તું ધનસારી છે છતાં પણ અમને માફ કરી (આ દુઃખરૂપ સંસારમાંથી) ઉગારીને પાર ઉતાર મતલબ કે જન્મ મરણનો ફેરો ટાળ. (ટેક) કહાન કવિ કહે છે કે હું તને પસંદ પડતાં કામ કરીને આત્માની મોટાઇ મેળવું. (ટેક)

કવિતાના અર્થ.

પરેશ=પરમાત્મા; મોટા ધણી; પરમેશ્વર
વિશ્વેશ=વિશ્વનો સ્વામી પરમેશ્વર
અકલિત=સમજાય નહિ એવી
ગતિ=શક્તિ
હિતાર્થે=લાભ માટે
જગપતિ=જગતનો ધણી પરમેશ્વર
ભારી=મોટું [જોઇ
નિરખી=ધારી ધારીને
મથી=મહેનત કરી [કરી
મથીમથી=મહેનત કરી
શો=કેવો

દીસે=દેખાય
જળનિધિ=પાણીનો ભંડાર; સમુદ્ર
નૃત્ય=નાચ
તરંગે=મોજાં
મધુ=મીઠાં
સૂર=અવાજ
અલપતો=ગાતો
ઝૂકી=નમી; લચી
લહેર=સપાટો; સુરખી
નમન=નમસ્કાર
પ્રતિ=તરફ
રમણાં=ખુશકારક; શોભિતાં
દર્શાવે=દેખાડે; બતાવે
કળા=યુક્તિ; તદબીર

મણા=ખામી; ખોડ
ખંધો=વાધો
ગર્જન=ગર્જના
ઘોર=ભયંકર; બિહામણી
બિહામણી=ભયંકર; બિહામણી
અગણિત=અસંખ્ય
વિરાજીત=શોભિતા
જંતુ=જીવડાં
વૃક્ષ=ઝાડ
દીપસમ=દીવા જેવા
તરૂવર=મોટાઝાડ
મઢી=જડી
પોકારી=બૂમો પાડી
કે=કહે
વડી=મોટી

હે ! મોટા ઇશ્વર, હે બ્રહ્માંડના સ્વામી ! તારાં કામ અને શક્તિ સમજાય નહિ એવા છે. હે જગતના ધણી (પરમેશ્વર) તેં આ બધું માણસના સુખને માટે બનાવ્યુ છે, તારા બારે કામ જોઇને માણસો (કામ સમજવાને) મહેનત કરી કરીને આથા ખસે છે, તારા ગુણો ગાવાને માટે માણસની બુદ્ધિ જરા પણ ચાલતી નથી (મતલબ કે તારા ગુણોની ગણતરી કરવાની શક્તિ માણસમાં નથી) (૧) અહો ! આ સમુદ્ર કેવો મોટો નાચ કરતો (હાલતો) જણાય છે ! મોજાંઓ ઉછાળીને જાણે મોટા અવાજથી ગાતો હોયની ! બાગો અને વાડીઓમાં ફળ અને ફૂલથી ડાળીઓ ઘણી નમી રહેલી છે તે જાણે પવનના સપાટાથી પરમેશ્વરને નમતી હોયની ! (૨) ખુશકારક પક્ષીઓ વારંવાર મધુરું ગાઇને ખુશ થાય છે, વળી વાઘો અને સિંહો ભયંકર અવાજ કરીને ફરતા, તેઓ પાસેના પહાડ ફરીને ભયંકર શબ્દો કરતાં (પડઘા પાડતા) તે એમ બતાવી આપે છે કે પરમેશ્વરની સમજાય નહિ એવી કળામાં કાંઇ પણ ખામી નથી. (૩) દીવાબત્તીને વખતે જોતાં ઊડતાં શોભિતા અસંખ્ય ઝીણાં જીવડાંઓ ઝાડપર દીવા જેવા ચળકતા દેખાય છે તે ચળકે છ તેથી જાણે મોટાં ઝાડો શું હીરાથી જડી લીધાં હોયની ! માણસો બૂમ પાડી (આશ્ચર્ય પામીને) કહે છે કે અહા ! પરમેશ્વરનું કામ કેવું મોટું છે ! (૪)

પાઠ ૩૫.	ભૂસ્તર વિદ્યા=પૃથ્વીનાં	મહેતો
વિસારે મૂક્યા વિના=	પડ ઓળખવાની વિદ્યા	અગત્ય=જરૂર
ભૂલી ન જતાં	ચિહ્નો=નિશાની	ધ્યાન=લક્ષ
પરસ્પર=એક બીજાનો	ખોજ=તપાસ	આધારે=ભરોસે .
એદીપણું=આળસાઇ	મુનીમ=કારભારી; મુખ્ય	ખોદાણ=ખોદકામ .

સ્વાશ્રય=પોતાની મદદ
કાળજી=ચેટક; ખંત
કર્મ=નસીબ
ધારો=નિયમ; કાયદો
ફળ=પરિણામ
અદકો=મોટો
આપ=પોતાનો
પુર=પુરા
પ્રતાપ=પરાક્રમ
બધાથી મોટો પોતે ઉદ્યમ ઉદ્યમ ઉદ્યમ(જ) છે; નસીબ બિચારૂં રાંકડું (કંગાળ) છે પણ ઉદ્યમનું પરાક્રમ પુરેપુરૂં (મોટું) છે.

પાઠ ૩૬.

સફર=લાંબી મુસાફરી
ધનાઢ્ય=પૈસાદાર
દરીઆમાર્ગે=જળ માર્ગે; વહાણ વાટે
વતની=રહેવાસી
ખ્રિસ્તી=ઇસુખ્રિસ્તને માનનાર
વહાણવટી=ખલાસી
કેપ=ભૂશિર
ઓફ=ની
ગુડ=સારી
હોપ=આશા
લિસ્બન=પોર્ટુગલની રાજધાનીનું શહેર છે
નાતાલ=અંગ્રેજની દિવાળી; તા૦ ૨૫મી ડિસેંબરથી આઠ દિવસનો તહેવાર; ખ્રિસ્તમસ
ભાત=રીતિ
ભોમીઓ=જાણીતો
કાલીકટ=મલબાર કાંઠે બંદર છે
મથક=મુખ્ય ઠેકાણું
સિંહલદ્વીપ=લંકા
પરવાનગી=રજા; મંજુરી
આવકાર=આદરસત્કાર
સમૃદ્ધિ=દોલત
છક=દિંગ; તાજુબ
નજરાણું=ભેટ
છૂટ=પરવાનગી; રજા
ધક્કો=નુકશાન
પૂર્ણ=પુરેપુરી
માહીતી=અનુભવ
હિત=ભલું
પ્રવેશકર્યો=દાખલ થયો

પાઠ ૩૭.

ઉમરાવ=અમીર
કીટલી=ચાદાની
નાળચું=નળી
પ્રયોગ=અજમાએશ
અનુભવ=માહીતગારી
સ્કોટલાંડ=ગ્રેટબ્રિટનમાં દેશ છે
બુદ્ધિશાળી=અક્કલબાજ
ગ્લાસગો=સ્કોટલાંડમાં મોટામાં મોટું શહેર છે
નમુનો=ઘાટ; આકાર
ખામી=ખોડ
આરંભ=શરૂઆત
ધૂમકેતુ=પૂછડીઓ તારો
ક્લાઈડ=સ્કોટલાંડમાં નદી છે
આટલાંટિક=એ નામનો મહાસાગર છે. (એમાં

પાણી ૩૫૦ લાખ ચોરસ મેલ છે.)
ઉપરાઉપરી=એક પછી એક
ઇંજનેર=બાંધકામ ખાતાનો અમલદાર
દરજ્જે=પદ્દી; ઓધ્ધો
જાતબુદ્ધિ=પોતાની અક્કલ
અપૂર્વ=પહેલાં નહિ થએલી એવી
રેલવે=લોઢાની સડકનો રસ્તો
ફતેહમંદી=જીત
નિર્ભય=બીક વગર
ખંત=કાળજી; ચેતક
નવાઇ=અચરતી
હવાઇ=હવામાં ઊડે એવું એક જાતનું દારૂખાનું
જહોજલાલી=આબાદી
પાઉંડ=પંદર રૂપીઆની કિંમતનો સોનાનો સિક્કો

કવિતાના અર્થ.

પાઠ ૩૮.

શ્રી=સારા; શોભાયમાન
રઘુવીર=રામચંદ્રજી
રઘુ=એક કુળનું નામ
વિરાજતાં=શોભતાં
સંગે=સાથે
કુળનો ધર્મ=બાપદાદાથી ચાલતો ધર્મ
પાલતા=ચાલતા
લીલા=વિલાસ; ક્રીડા
નૌતમ=નવીન
રંગ=મજા
નિર્મળ=પવિત્ર; ચોકખું
મઠ=આશ્રમ
છાઇ=છવાઇ
ધીર=ધીરજવાળા; ધૈર્યવાન
પર્ણકુટી=છાલ ડાળાંની ઝુંપડી
વૃંદ=જથો; ટોળું
જાય, જુઇ=ફૂલના વેલા
મકંદ=એક જાતનું ઝાડ
ખટપદ=ભમરો
ગુંજે=બોલે
મધુમકરંદ=મીઠાં ફૂલનો રસ; મધ
ચંપક=ચંપાનું ઝાડ
હિંડોળા=હિંચકા
કરેણી=કરેણીનાં ફૂલનું ઝાડ
આંબાસાખ=આંબાપરજ પાકપર આવેલી કેરી
જામફળી=જમરૂખી
કદરી=કેળ
મંડપ=માંડવો
લટકે=ઝૂલે; લબડે
લૂમી=લૂમ; ઝુમખા
દ્રાક્ષ=દરાખ
નારિકેળ=નાળિએર; શ્રીફળ
જંબીર=જાંબુ
ફણસ=ચાંપાનું ઝાડ
ફોફળી=સોપારણ
સીતાફળી=સીતાફળનું ઝાડ

શતપત્રી=સો પાંદડાની	ચાતક=બપૈયા	જૂથ=ટોળું
વેલી	ચકોર=એક જાતનું પક્ષી	વનફળ=વનમાં થતાં ફળ
કુંદ=એક જાતનો છોડ	કોકીલ=કોયલ	પડીયા=દડીઆ
મસમસતો=મઘમઘતો	કપોત=હોલો	જનકસુતા=જાનકી
મેંહેકે=મહેકે; સારી વાસ	ખંજન=એક જાતનું પક્ષી	જનક રાજાની પુત્રી;
આપે	આદે=આદિ; વગેરે	સીતા
ફુલ્યાં=ખીલ્યાં	લલિત=સુંદર	રૂપ=કાંતિ
અપાર=ઘણાં	વિહંગ=પક્ષી; પંખી	ચકિત=દંગ; તાજુબ
તરૂ=ઝાડ	ભૂમિ=જમીન	સૌમિત્રિ=સુમિત્રાનો પુત્ર;
શોહામણાં=શોભિતાં	કળા કરવી=પીછાં ઉંચા	લક્ષ્મણ
બક=બગલો	પહોળાં કરવાં તે	આરોગાવી=ખવડાવી
પરાવત=કબુતર	જય જય=જે જે	વળતાં=પછી
મૃગ=હરણ	ખગ=પક્ષી	ગ્રસ=કોળીઓ
કારંડવ=બતક	ભીલડી=ભીલની સ્ત્રી	ગ્રાસ કરે=ખાય

કવિતાની સમજુતી.

પંચવટીમાં શોભાયમાન રામચંદ્રજી રહેતા હતા, તેમની સાથે સીતા અને લક્ષ્મણ હતા, તે સેવા કરતાં હતાં. એમ સૌ પોતપોતાના ધર્મ પ્રમાણે ચાલતાં અને હંમેશાં નવીન મઝા અને વિલાસ કરતાં હતાં. પંચવટીમાં શોભાયમાન રામચંદ્રજી રહેતા હતા. (૧) તેની (પંચવટીની) પાસે ગોદાવરી નદીનું પવિત્ર પાણી વહે છે. અને ઠેકાણે ઠેકાણે ધૈર્યવાન ઋષિઓના આશ્રમો આવી રહ્યા છે, ઝુંપડીની પાસે સીતાજીએ વાડી બનાવી હતી, અને તેમાં તુળશીના છોડના જથા વાવ્યા હતા; તેમાંના ફૂલનો મીઠો રસ-મધ ભમરાઓ ચૂસત

અને ગુંજારવ કરતા; (ટેક) (૨) વળી તેમાં (વાડીમાં) ગુલાબ, ચંપો, ડમરો, ચંપેલી અને માલતી હતાં, કરેણી અને આંબા પર પાકવા આવેલી કેરી (પવનથી) હાલતી હતી, અને જમરૂખી, દાડમડી, નારંગી, અને કેળ પણ હતી, તેમજ દરાખના માંડવા ઉપર તેની લૂમો લચી રહી હતી; (ટેક) (૩) વળી તેમાં નાળિએરી, જાબુડી, ફણુસ અને સોપારણુ તેમજ સીતાફળ, શતપત્રી, કુંદ, કલ્હારના ઝાડ હતાં; કેવડા ચારે તરફથી સારી વાસ આપતા હતા, એમ જાત જાતનાં ઘણાં ફૂલો ખીલ્યાં હતાં. (ટેક) (૪) ઝાડોપર બગલા, કબુતર ચકવા, ચકવી, હંસ, ચકોર, બપૈયા, કોયલ, હોલા, ખંજન, બતક, વગેરે સુંદર પક્ષીઓ અને જમીનપર હરણ વગેરે પશુઓ મધુર અવાજ કરતાં હતાં. (ટેક) (૫) જમીન ઉપર મોર કળા કરીને નાચતા હતા, અને મેના તથા પોપટ જયરામ જયરામ બોલતાં હતાં; શોભિતા પક્ષીઓ સારા મીઠા શબ્દો બોલતાં હતાં. એવાં પક્ષી અને હરણોને જોઇને સીતાજી મનમાં ખુશ થતાં હતાં, (ટેક) (૬)

સારંગ.

રામ પંચવટીમાં રહ્યા છે અને તેમના દિવસ મજામાં જાય છે; લક્ષ્મણ અને સીતાજી રામચંદ્રની સેવા હોંસથી કરે છે. (૧) ભીલડીઓનાં ટોળા મળીને સીતાજીને જોવા આવે; અને જાત જાતના વનમાં થતાં ફળના તથા મેવાના દડીઆ ભરી ભરીને લાવે. (૨) સીતાજીની વાડીમાં હરણોનાં ટોળાં ચરવા આવે, અને તે (ટોળાં) બધાં સીતાજીની કાંતિ જોઇને ત્યાં દિંગ થઇ જાય. (૩) હંમેશાં લક્ષ્મણ ફળ લાવીને સીતાજીની પાસે મૂકે, અને (સીતાજી) શ્રીરામને (ફળ) ખવડાવીને પછી પોતે ફળ ખાય. (૪)

પાઠ ૩૯.

મતભેદ=વિચાર ફેર; દરેક જણનું જુદી જુદી સમજનું કહેવું તે
એકંદર=સામટો; કુલ
પુરાવો=સાબીતી
પણ=બાધા; નિયમ
નિશ્ચય=ઠરાવ
આખ્યાન=વાર્તા; કથા
શોખ=ઇચ્છા
શામળ=નરસિંહ મેહેતાનો છોકરો
શીઘ્ર=તરત ને તરત કરેલી
નળાખ્યાન=નળ રાજાની વારતા
મામેરૂં=મોસાળું
કવિત્વ=કવિપણું
કવિત્વશકિત=કવિતા બનાવવાની આવડ
આરોગ્ય=તંદુરસ્ત
ઓખા=બાણાસુરની કન્યા; અનીરૂદ્ધની સ્ત્રી
સુભદ્રા=દેવકીની પુત્રી; કૃષ્ણની બેન; અર્જુનની સ્ત્રી; અભિમન્યુની મા
સુધન્વા=ચંપાવણીના રાજા હંસધ્વજનો પુત્ર
પાત્ર=વિષય
રસીલા=રસિક

પાઠ ૪૦.

રહેણી=રીતભાત
ખલીફા=મહમદ પેંબરના વારસ
વંશપરંપરા=ઓલાદથી ઉતરી આવેલો; પેઢી દર પેઢી
દમાસ્કસ=એશિઆઇ તુર્કસ્તાનમાં શહેર છે; એ દુનિયામાં જુનામાં જુનું શહેર છે
પ્રપ્રૌત્ર=દીકરાના દીકરાનો દીકરો
ખલિફાત=ખલિફાની ગાદી
બગદાદ=એશિઆઇ તુર્કસ્તાનમાં શહેર છે
વૃદ્ધિ=વધારો
ધર્માધ્યક્ષ=ધર્મગુરુ
મુરબ્બી=મોટો
દિનાર=અઢી રૂપીઆની કિંમતનો રૂપાનો સિક્કો એ પહેલાં ચાલતો હતો
તાજુબી=નવાઇ
ખજાનચી=ખજાનાનો ઉપરી; ત્રિજોરર
દષ્ટિ=નજર
જનાનખાનું=બૈરાને બેસવા ઊઠવાની જગા; રણવાસ
દામ=નાણું
સૂધ=ભાન; સમજ
અલરશીદ=ઇન્સાફી

પાઠ ૪૧.

દેશાટન=દેશે દેશ ફરવું તે; મુસાફરી

શ્લોક=બે લીટીની સંસ્કૃત કવિતા
મિત્રતા=દોસ્તી; સોબત
આપવડાઇ=જાતની મોટાઇ; આપબડાસ; પતરાજી
કષ્ટો=દુઃખો
વાંધો=હરકત; અડચણ
જાતહિંમત=પોતાની હિંમત
કૃતિ=કામ; કાર્ય
નિહાળવું=ધારીને જોવું
અપાર=પાર વગરની; ઘણીજ
મિઠાશ=મજા;આનંદ
સ્મરણ=યાદદાસ્ત
ભાવ=પ્રીતિ
પુરતી=પુરેપુરી

પાઠ ૪૨.

ખારીલાપણું=દુશ્મનાવટ
અવગુણ=દોષ
અર્થ=મતલબ;સાર
ઉદાર=મોટા મનનો
પ્રેમી=માયાળુ
નીચ=હલકા મનનો
દ્વેષી=કીનાખોર; અદેખો
ઉજળો=ખરો
ક્રૂરપણું=ઘાતકીપણું
દ્વેષ=અદેખાઇ; વેર
પ્રગટ થતી=શરૂ થતી
ઘોળાયા કરતો=મનમાં રમ્યા કરતો
ઘુંટાયા કરતો=ગોખાયા કરતો
લૂણો=ઠો; ધુંટ; માટી વગેરેમાં જે ખાર જામે છે તે
ખારીલા=કીનાખોર; દ્વેષી.
હૃદય=અંતઃકરણ; મન
ખાર=અદાવત; વેર
કાયમ=હંમેશાં
પ્રફુલતા=આનંદથી ખીલવું તે
કૃત્ય=કામ;કાર્ય
સાધવામાં=પાર પાડવામાં
ફલાણો=અમુક
દ્વેષીલા=ખારીલા
ધિક્કાર=તિરસ્કાર
કોશળદેશ=હાલના બહાર, અયોધ્યા તથા આગ્રા પ્રાંતો;
ઘાતકી=ક્રૂર; નિર્દય
દુશ્મનાવટ=દુશ્મનાઇ
પ્રેમ=માયા; હેત
હજુરમાં=પોતાની પાસે
વીર=બહાદુર; યોધ્ધો
ભૂષણ=શણગાર

પાઠ ૪૩.

શાંતિભરી=ધીરજવાળી
કરિઆણું=તજ, લવેંગ, એલચી, મરી, વગેરે.
વખાર=જથાબંધ માલ રાખવાનું ઠેકાણું
છુટકો=ઇલાજ; ઉપાય
ધાસ્કો=એકદમ પડેલી ફીકર
મોગરો=દીવાની વાટની સળગતી ચીણગારી

જોત=સળગતી વાટ
રચ્યો=બનાવ્યો
સ્થિર=શાંત
ખાસ=ઘણી; બહુ
માર્ગ સૂઝી આવ્યો =ઉપાય જડયો

પાઠ ૪૪.

હિતનાં વચનો.

હિત=ભલું
બધિર=બહેરો
સ્વાધિન=તાબે; વશ
સમ=સરખો; જેવો
સારં=મીઠું; મધુરં
ગૂંગ=મૂંગો; ગુંગો
નીત=હંમેશાં
પરઉપકારી=પરોપકારી
ધીર=ધીરજવાળો
રણે=લડાઇમાં
નિર્ભય=નીડર;બીકવગરનો
બારી=ઘણું

મનનો સુખી=સંતોષી
સ્તુતિ=વખાણ; તારીફ
ખતા=ઠોકર
પીઠપાછળ=ગેરહાજરીમાં
અનાદર=તિરસ્કાર; તુચ્છકાર
કાળે=વખતે; સમયે
દશા=હાલત; અવસ્થા; સ્થિતિ
સહી=નક્કી; નિશ્ચય
હિતુ=ભલું ઇચ્છનાર; હિતેચ્છુ
શીખ=શિખામણ
ભાષણ=વાક્ય; બોલ
તોય=તોપણ
હિતકાર=ભલું કરનાર
છાની=ગુપ્ત; છુપી
સાચ=સાચો; ખરો
સ્નેહી=પ્રીતિવાળો
આંમદાની=આવક;પેદાસ

સાવધ=હોશિયાર
વહેવારે=વ્યવહારમાં; ખરી રીતે
શરમ=લાજ
હાની=નુકસાન
હોરી લેછે=ખમે છે
વારતા=વાત; શિખામણ
પતે=પતી જાય; મટે
ઘર મેળે=માંહોમાંહે
કાજી=ન્યાયાધીશ
કોન=કોઇનું
સર્વથા=સર્વ પ્રકારે; બધી રીતે
વૈરભાવ=દુશ્મનાવટ
કથા=વાત
ડોકી બા'ર ન કાઢ'=આગેવાન ન થવું
પુરં=સમાપ્ત, ખલાસ
હાથ ઘાલવો=શરૂ કરવું
વિચાર=અભિપ્રાય; મત
આલવો=આપવો

કવિતાની સમજુતી.

ભલાને માટે કહીએ તે સાંભળે નહિ (મનમાં ગમે નહિ) તેને બહેરા જેવો જાણવો; જે માણસ ગુસ્સાને તાબે હોય (ગુસ્સો કરે) તેને

આંધળા જેવો સમજવો. (૧) જે માણુસ મધુરું બોલી જાણતો નથી તેને ગુંગા જેવા સમજવો. સારું માઠું નહિ સમજતો હોય તેને ઢોર સમજીને કાઢી મૂકવો. (૨) જે હંમેશાં પારકાનું ભલું કરનારો છે તેનેજ મોટો (માણુસ) સમજવો; જે લડાઇમાં ઘણો નીડર છે; તેનેજ ધીરજવાળો માનવો. (૩) જે માણુસ પૈસા, જુવાની ને ઉંમર પર ભરોસો રાખતો નથી; તેનેજ ડાહ્યો ને સંતોષી સમજવો. (૪) આપણા વખાણુ સાંભળીને ભોળાઇને છેતરાવું નહિ, કારણુકે મતલબને માટે લુચ્ચા લોકો ઘણું જુઠું બોલે છે. (૫) કોઇ આપણી બદબોઇ કરે તો તે સાંભળીને લડવું નહિ: કારણુકે જે નીચ માણુસ હોય તે આપણી ગેરહાજરીમાં જુઠું બોલે છે. (૬) કોઇને ગરીબ જોઇને તેનો તિરસ્કાર કરવો નહિ. કારણુકે કોઇ વખતે આપણા પણ એવા હાલ નકકી થાય. (૭) ભલું કરનાર માણુસની શિખામણુનું વાકય કડવું હોય છે ખરૂં, તોપણુ તે ભલું કરનાર છે માટે તેમની સાથે દુસ્મનાઇ શા માટે કરવી ? (મતલબ કે દુસ્મનાઇ કરવી નહિ. (૮) આપણી ગુપ્ત વાત હોય તે કોઇને વિશ્વાસ રાખી કહેવી નહિ. પણુ જો આપણો ખરો પ્રીતિવાળો હોય તો તેને ભરોસો નકકી કરવી. (૯) લોકો ઉપજ અને ખર્ચ લખવામાં હોશિયાર રહે છે; પણુ જે વહેવારમાં (આપ લેના સંબધમાં) શરમ રાખે છે તે નુકસાન ખમે છે. (૧૦) બાળકો પાસેથી પણુ ડહાપણુની વાત શીખી લેવી જ્યાં સુધી કજીઓ ઘેર મેળે પતે ત્યાં સુધી ન્યાયાધીશ પાસે જવું નહિ. (૧૧) મુએલા માણુસનું નકકી કોઇ દિવસ પણુ જુઠું બોલો નહિ, કોઇની સાથે લડાઇ રાખવી નહિ અને કોઇની છાની વાતો ઉઘાડી પાડવી નહિ. (૧૨) ગળ્યું ખાવાને માટે જીભને ઘણો મહાવરો પાડવો નહિ (મત-

લખ કે ગળ્યું ખાવાની ઘણી ટેવ રાખવી નહિ) બીજાનો કજીઓ માથે લેવાને આગેવાન થવું નહિ. (૧૩) એક કામ પુરું થાય ત્યારે પછીજ બીજું કામ શરૂ કરવું; બે જણની વાતમાં ત્રીજા માણસે (આપણે) (સમજ્યા વગર) તરત અભિપ્રાય આપવો નહિ.

પાઠ ૪૫.

આશ્વિન=આસો માસ
માવત=હાથીનો હાંકનાર
ખવાસ=હજુરીઓ ચાકર
ભાંડ=મશ્કરો
વાહન=બેસીને ફરવાનું સાધન; (ગાડી, રથ, પાલખી વગેરે)
અધીરા=ધીરજ વગરના
જાગરણ=ઉજાગરા
ભીડ=ગીરદી; ઠઠ
આશ્ચર્યકારક=નવાઇ જેવું
સુંદરીઓ=સ્ત્રીઓ
રમણિક=સુંદર
સ્પર્ધા=સરસાઇ; હરિફાઇ
ઉત્સવ=તહેવારનો દિવસ
ભરપુર=ભરેલાં
હર્ષને બહાર જવાનો રસ્તો આપતા હતા= આનંદ દેખાડતા હતા
સવારી=વરઘોડા જેવું સરઘસ
વકરો=માલ વેચતાં ઉપજેલા પૈસા નિ
પારણું=અપવાસ મૂકવો
અષ્ટખુણુ=(અષ્ટ+ખુણુ) આઠ ખુણાવાળો
બુરજો=મઢી; નાના કિલ્લા
કીર્તિસ્તંભ=યાદગીરી રાખવા માટે ઉભો કરેલો ચણતરનો થાંભલો
રાસ=શ્રીકૃષ્ણ અને ગોપીઓની દાંડીઆ રમવ ની ક્રીડા;
ચોઘડીઆં=ચાર ચાર ઘડીએ મંદિર વગેરેમાં નોબત વાગે છે તે
નોબત=મોટું નગારું
શંખનાદ=શંખનો અવાજ
શય્યા=પથારી
સમક્ષ=રૂબરૂ
મંત્ર=દેવની સ્તુતિ સંબંધી શ્લોક.

પાઠ ૪૬.

ભાગ ૧ લો.

જોડું=નરમાદા
પારધી=શિકારી; વાઘરી
લાગણી=દયાની અસર
સુઝયું=સમજ પડી
રામાયણ=રામ અને સીતાના સ્નેહ સંબંધી તથા સીતાને હરી જનાર રાવણની મઢી સ્થિતિ વિષેનું કાવ્ય
સુગ્રીવ=વાલી વાનરનો ભાઇ

હનુમાન=વાનર (એની ઉત્પત્તિ વિષે અંજનીની કથા જેવી)
અંગદ=વાલી વાનરનો પુત્ર (એ બૃહસ્પતિનો અવતાર હતો)
જાંબુવાન=રામને સહાય કરનાર રીંછ (એ વિષ્ણુના બગાસામાંથી ઉત્પન્ન થયો હતો)
વાનર=વાંદરા
પત્તો=ઠામ
અશોક વન=બગીચાનું નામ છે.
એંધાણી=નિશાની
સમાચાર=ખબર
અનુચર=(અનુ+ચર) સેવક; દાસ
પડાવ=મુકામ
વિષ્ટિ=સલાહનું કહેણ
વિભિષણ=રાવણનો ભાઈ
સમાધાન=પતાવટ
સલાહ=અભિપ્રાય
કુંભકર્ણ=રાવણનો ભાઈ
ઇંદ્રજીત=રાવણનો પુત્ર
પ્રવેશ કર્યો=દાખલ થયો
અયોધ્યા=રામનું રાજનગર
ભરત=રામનો ભાઈ; કૈકેયીનો પુત્ર
ગર્ભવતી=દહાડાવાળી
જોડકા=સાથે જન્મેલા બે બાળક
અશ્વમેધ=બધા રાજાઓ પર જીત મેળવીને કરવામાં આવતો યજ્ઞ
પતિપત્ની=વરણી ધણીઆણી
રાજાના ધર્મ=રાજાની ફરજ

પાઠ ૪૬.

ભાગ ૨ જો.

ભરતકુળ=ભરત રાજાનો વંશ
હસ્તિનાપુર=દિલ્હીની ઉત્તરે ૬૦ મૈલપર
પાંડવ કૌરવની રાજધાનીનું શહેર હતું.
ધર્મનો અવતાર=ધર્માત્મા
ગદા=આંકડાનું ફૂલના ઘાટનું લોઢાનું ભારે હથિયાર
બાણાવળી=તીર મારવામાં હોશિયાર
કૌરવ=કુરૂના વંશના; ધૃતરાષ્ટ્રના છોકરા
નિષ્ફળ=નકામો; ફોકટ
સ્વયંવર=કન્યાએ પોતે વર પસંદ કરી પરણવું તે
મત્સ્યવેધ=ઉંચે ટાંગેલાં માછલાનું પાણીમાં પ્રતિબિંબ જોઇ ઉંચે બાણ મારી તેની આંખ વીંધવી તે
વરમાળ=કન્યા પોતે પસંદ કરેલા વરને જે માળા પહેરાવે છે તે
ઇંદ્રપ્રસ્થ=જુની દીલ્હી (જમના નદીપર હતી)

રાજસૂય=રાજાએ કરવાનો યજ્ઞ
જુગટું=જુગાર
શકુનિ=ગાન્ધાર-કંદહારનો રાજા; દુર્યોધનનો મામો.
મહાભારત=પાંડવ કૌરવના યુદ્ધનું પુસ્તક
દ્રોણાચાર્ય=અશ્વત્થામાના પિતા; પાંડવ કૌરવના ગુરુ
રુધિર=લોહી
ભિષ્મપિતામહ=શંતનુના ગંગાથી ઉત્પન્ન થયેલા પુત્ર
વર્ણાશ્રમ=(વર્ણ+આશ્રમ)=ચાર વર્ણ ને ચાર આશ્રમ
સ્ત્રીધર્મ=સ્ત્રીની ફરજ
સ્વરૂપ=ખરું રૂપ

પાઠ ૪૭.

અંગકસરત=શરીરને કસવું તે
નરવા=નિરોગી
ભિન્ન ભિન્ન=જુદા જુદા
જ્ઞાનતંતુ=ભાન કરાવનાર તાંતણા
ચલનવલન=હાલચાલ
ઉત્સાહ=ઉમંગ
ઢીલા=કમજોર
કંતાઈ=તવાઈ
ગળી જાય=સુકાઈ જાય
જુઠા=અશક્ત; નકામા
સત્તા=જોર
બોજારૂપ=ભારે
ત્વરા=ઝડપ
પોષણ=પુષ્ટિ; બળ
શરીર હલકું ફૂલ થાય છે=જાગૃતિ આવે છે
કલેજું=પેટમાંનો જમણી તરફનો એક ભાગ
બરોળ=પેટમાં ડાબી બાજુની ગાંઠ; તલી
ગુરદા=મૂત્રપિંડો; પેડુમાં રહેલી પિશાબની ગાંઠો
મંદ=કમતાકાત; કમજોર
પુષ્ટિ=જોર
દસ્ત=ઝાડો
ખુલાસે=સાફ
અપચો=અજીરણ
કબજીઆત=ઝાડનું રોકાણ
નિર્થ=નકામા
તુક્કા=તરંગો; ખોટા ખુક્કા
ધમધમાટ=જોઈએ તેવી
નિરુદ્યમી=ઉદ્યોગી વગરના
વીતે છે=ખમવું પડે છે
ચહેરો=શીકલ
લાલી=તાજગી; તેજ
વદન=મુખ; મોં
નિસ્તેજ=ફીકું; તેજ વગરનું
પથારીવશ=પથારીમાંથી ન ઉઠાય એવો માંદો
તાલીમબાજ=પહેલવાન
મગદળ=હાથ કસરતનું એક સાધન
બનેટી=બે છેડે ગઠ્ઠાવાળી કસરતમાં વપરાતી લાંબી લાકડી

દંડ=બે હાથ ને બે પગ જમીન સાથે ટેકી શરીરને ઉચું નીચું કરવાની કસરત

વિનોદ=આનંદ; રમત ગમત.

નજર બેસે છે=ધ્યાન ચોંટે છે

સંજોગ=વખત

આંખ મીચીને=વગર વિચારે

હદ=સીમા

કવિતાના અર્થ.

પાઠ ૪૮.

કાક=કાકડા

પપૈયા=ચાતક; બપૈયા

ઝંખે=જોવાને ઇચ્છે

પીયુ પીયુ=પાણી પાણી

વડશાખા=વડની ડાળીઓ; વડના ફાંટા

ટૌકાર=મધુર અવાજ

ઢેલ=મોરની માદા

વીણે=ચાટે

પલાશ=ખાખર

કોયલડી=કોયલ

ટહુકે=ટહુકા કરે

સ્વર ઝીણે=ઝીણા રાગથી

મંદ=ધીમો

સુવાસિત=(સુ+વાસ+ ઇત)+સારી વાસવાળો; સુગંધીદાર

ટાણે=વખતે

અક્રૂર=શ્રી કૃષ્ણના કાકા; શ્રી કૃષ્ણના ભકત

ભોર=મળસકું; સવાર

નરસઇંયાનો સ્વામી=શ્રી કૃષ્ણ ભગવાન

વિણ=વિના; વગર

સોર=અવાજ

જહારે=જ્યારે

ખટ=છ

સાધુ=જ્ઞાની

પરહરી=છોડી

સમરવા=યાદ કરવા

શ્રી હરિ=શ્રી કૃષ્ણ

જોગીઅ=જોગી

જોગ=પરમેશ્વર સાથે મન જોડવું તે

ભોગ=વિલાસ; મોજ

સદગ્રંથ બાંધવા=સારી કવિતા રચવી

પતિવ્રતા=ધણીના હુકમમાં રહેનારી

કંથ=સ્વામી

ચિત્તધરવું=મનમાંલાવવું

મર્મ=ભેદ; છુપું કારણ; ભાવ ર્થ

અવતરે=જન્મે

સવાર પડી એમ સમજીને પક્ષીઓ જાગ્યાં; ત્યાં કાગડા કા કા કરે છે; બપૈયા પક્ષી તો પીયુ પીયુ (વરસાદ) જોવાને તલપે છે, વડની ડાળીઓ પર સુડા કૌ કૌ કરે છે. (ટેક) મોર પીછાં ઉંચાં ને પહોળાં કરીને ટીહુક ટીહુક બોલે છે, (તે વખતે તેની) આંખમાંથી આંસુ પડે

છે તે ઢેલ ઝીલે છે; (તેથી તેને ગર્ભ રહે છે.) આંબરના (ઝાડ) પર શોભિતા પોપટ બોલે છે, અને કોયલ ઝીણા સ્વારથી ટૌકા કરે છે. (ટેક) વાછરડાં બાં બાં શબ્દ બોલે, તે સાંભળી ગાયો બાં બાં શબ્દ બોલે. (મતલબ કે બરાડે) ઠંડો સુગંધી દાર પવન ધીમો વાય છે તે લુમડાં ઉરાડીને હાલે છે. (ટેક) તે વખતે સવાર પડી ગઇ એમ સમજીને અક્રુર જાગ્યા, પણ નરસંઈયાના સ્વામી (શ્રી કૃષ્ણ ભગવાન) સિવાય કોઇ જાણતું નથી કે એ ગોપીઓનો સાદ છે. (ટેક)

પ્રભાતીઉં.

જ્યારે પાછલી છ ઘડી રાત રહે ત્યારે સાધુ માણસે ઊંઘને છોડી દઇને ઊઠવું અને પરમેશ્વરનું સ્મરણ કરવું, અને તું એક છે, તું એક છે એમ બોલવું. (ટેક) જોગીઆ હોય તેમણે પરમેશ્વર સાથે મન જોડવું અને સંસારીઓએ ઉપભોગ છોડી દેવા. જે વેદીઆ હોય તેમણે ઇશ્વરી જ્ઞાન વિચારવું. જે વૈષ્ણવ હોય તેમણે શ્રીકૃષ્ણનું ભજન કરવું. (ટેક) સારા કવિ હોય તેમણે સારી કવિતા બનાવવી. અને જે દાતાર હોય તેમણે પુણ્ય કરવું; સતી સ્ત્રીએ ધણીને પૂછવું અને ધણી કહે તે પ્રમાણે ચાલવું. (ટેક) આપણે આપણી ફરજો બજાવવી અને કામનો ઝીણો વિચાર કરી જોવો; નરસિંહના સ્વામીનું (શ્રી કૃષ્ણ ભગવાનનું) પ્રીતથી સ્મરણ કરે તો પુરુષ અથવા બૈરીને બીજો જન્મ લેવો પડે નહિ મતલબ કે મોક્ષ પામે. (ટેક)

પાઠ ૪૯	તે; પરકલ્યાણ	ઇત્યાદિ=વગેરે
પરોપકાર=(પર+ઉપકાર)	પુણ્ય=ધર્મનું કામ	અનહદ=(અન+હદ)
પારકાનું ભલું કરવું	પાપ=અધર્મનું કામ	ઘણુંજ

વિદ્યાલય=ભણવાનું ઠેકાણું
રૂચે=ગમે; પસંદ પડે
ભલમનસાઇ=ભલાઇ
કુશળતા=હોશિયારી
લોકોપકાર=(લોક+ઉપકાર)=લોકોનું ભલું.
વૃત્તિ=ઇચ્છા
મરણ શય્યા=મરણ પથારી
ભારે=મુશ્કેલીવાળા
ગજુ=શક્તિ
ઘસાવું=ખરચવું
સાંકડું મન=અભિપ્રાય
દાખલો=દૃષ્ટાંત; ઉદાહરણ
લોક કલ્યાણનો માંડવો રચે=પરોપકાર કરે.
અહિત=નુકસાન; હાનિ

પાઠ ૫૦.

વનદેવતા=વનની દેવી
ભગવતી=પવિત્ર સ્ત્રી
આત્રેયી=આત્રિ ઋષિની પુત્રી
પાવન થાઉં છું=પવિત્ર થાઉં છું
દંડકારણ્ય=નર્મદા અને ગોદાવરી નદી વચ્ચેના પ્રદેશોમાં આવેલાં વનો
પ્રવાસ=મુસાફરી
વિઘ્ન=હરકત; અડચણ
કાળજાં ઠરે છે=મન સંતોષ પામે છે
સંસ્કાર=નામ પાડવું, વાળ ઉતારવા, જનોઇ દેવી વગેરે ધર્મ ક્રિયા
ગ્રહણ કરવે=સમજવે
નિર્મળ=સ્વચ્છ, નિર્મળ
સુબિંબ=સારું પ્રતિબિંબ
કીકરી=નાનું ડીકરું
વજ્રપાત=સખત દુઃખ
અરૂંધતિ=વસિષ્ઠની સ્ત્રી (જે સર્વ ઋષિની સેવામાં હંમેશ રહે છે)
રઘુકુળ=રામનો વંશ
મોટો=વડો
ઋષ્યશૃંગ=શૃંગમુનિ; દશરથનો જમાઇ
સુની=ખાલી
વજ્ર=ઇંદ્રનું હથિયાર
કોમળા=કોમળ
મહાત્મા=મોટા પુરુષ
વાસંતી=વનદેવીનું નામ છે
અગસ્ત્ય=ઋષિનું નામ; વરુણ ને ઉર્વશીના પુત્ર
વાલ્મિકિ=એ નામના ઋષિ; રામાયણના કર્તા.
ગુરુજી તો બુદ્ધિમાન અને ઠોઠ એ બન્નેને એકજ રીતે શીખવે છે. તે ગુણીને સમજવાની શક્તિ આપતા નથી તેમજ ઠોઠની કોઇ દિવસ ઓછી પણ કરતા નથી; તોપણ પરિણામે મોટો ફેર જરૂર નજરે પડે છે. જેમ સ્વચ્છ

મણિમાં જેવું સારૂં પ્રતિબિંબ પડે છે, તેવું હીરામાં પડતું નથી (મતલબ કે બુદ્ધિમાન અને જડ-માં મોટો ફેર નજરે પડે છે)

વજ્રથી પણ ઘણું કઠણ અને ફૂલથી પણ ઘણા કોમળ એવા મહા પુરુષના મનને અહા! કોણ જાણી શકે? (મતલબ કે કોણ જાણી શકે નહિ)

પાઠ ૫૧.

પંચાગ=ટીપણું; જેમાંથી તિથિ, વાર, તારીખ, નક્ષત્ર, યોગ, કરણ, વગેરે માલમ પડે છે તે

શક=વર્ષ; સાલ

વિક્રમ=ઉજ્જૈનનો પરમાર વંશનો રાજા

શાલિવાહન=પૈઠણ નગરીનો રાજા

હીજરીસાલ=મહંમદ પેગંબર મક્કેથી મદીને ગયા ત્યારથી ગણાતું મુસલમાની વર્ષ

પારસી સાલ=યઝદેજરદી વર્ષ

સંવત=વિક્રમનું વર્ષ

પૈઠણ=ગોદાવરી નદીને કાંઠે શહેર છે

વેતાળ=ભૂતની એક જાતનો પિશાચનો રાજા

અભિષેક=નવા રાજાને ગાદીએ બેસાડતી વેળા દૂધ પાણી વગેરેની ધારા, મંત્રો બોલીને કરવામાં આવે છે તે

પાઠ ૫૨.

સદકાળ=હમેશાં

રસ્યું=ગીલીટ ચઢાવ્યું

લહેર=ખુમારી

ભંગડ=ભાગ પીનાર

ઝાંઝ=રીસ; ચીડ

ભાલો=એક શસ્ત્ર; વાંસની અંદર બેસાડેલું લોઢાનું ફળું.

ઘૂમરાટ=ઘુમાટો

ઢાલ=બચાવ કરનારૂં ઢાંકણા જેવું હથિયાર

નાદાની=બેવકુફી

તરકોડી=ભિખારી

પરાણે=બળાત્કારે

દલીલ=કારણ; પુરાવા

પાઠ ૫૩.

બારોટ=ભાટની એક જાત

પસાયતું=ઇનામમાં આપેલી જમીન

ઊર્મિ=ઉમંગ; એકાએક જે ઇચ્છા થઇ આવે તે

સંવાદ=સવાલ જવાબ; વાદવિવાદ

ભોજ સમોવડ ભૂપ=ભોજ રાજા જેવો મોટો; વિદ્યોત્તેજક;

સમોવડ=સરખો;

ઉત્તેજન=આશ્રય; મદદ
ઉર્દુ=મુસલમાની
સિંહાસનબત્રીસી=બત્રીસ પુતળીઓએ કહેલી વાત
કડી=કવિતામાંનો ચાર ચાર અથવા બબ્બે ચરણનો ભાગ
કથે=કહે
સુડાબોતેરી=પોપટે કહેલી ૭૨ વારતા
બધાથી સમજી શકાય તેવી ભાષા, કવિતાની તૂક ને બધાથી સમજી શકાય તેવી વાત, વિવેક અને શિખામણ કહે તેજ એક કવિ
રંજન=ખૂશ
રસ=લહેજત
પરદુઃખભંજન=(પર+દુઃખ+ભંજન) પારકાનું દુઃખ દૂર કરનાર
છપ્પા=છ ચરણની કવિતા

કવિતાના અર્થ.

પાઠ ૫૪.

નિર્દોષ=બીનગુનેહગાર
હસ્ત=હાથ
ક્રાણ=ધારેલો
ક્રૂર=ઘાતકી
જખમ=ઘા
ફળ=ફળતર
ચણજો=બનાવજો
ઉપવન=વાડી
કુદરતી=ઈશ્વરી; સ્વાભાવિક
ક્ષેમ=આરોગ્ય; કુશળ; કલ્યાણ
પાણો=પત્થર
સામ્ય=બરોબરી; સરખામણી
સત્તા=અમલ

કવિતાની સમજુતી.

તે નિર્દોષ પંખીડાની ઉપર પથરો ફેંકતા નો ફેંકી દીધો પણ અરરર ! તે તો છુટયો તેથી મનમાં ધાસ્કો પડયો. અરેરે તે (પથરો) તેના શરીર પર લાગ્યો કે તરતજ શ્વાસ બંધ થઇ જતામાં પાંખ ઢીલી (કમતાકાત) થવાથી તે ઝાડપરથી નીચે પડી ગયુ. (૧) જેને મેં પાળ્યું તે આ મારાજ હાથથી તરફડીને મરે છે, એમ જાણી ધડકતે દીલે તેનાપર પાણી છાંટયું તોપણ તે ઊડી શક્યું નહિ. અરે ! પણ ઘાતકી હાથે શરીરને જખમ કરેલો તે ક્યાંથી ઊડે ? ઓહો એનું છેક કોમળ હૃદય તેથી તે ક્યાંથી ઊડે ! (૨) પણ અરેરે જો દુઃખ નરમ પડયું ને એ આંખ તો ઉઘડી પણ

એ મરી જશે કે જીવશે તે કોણ જાણી શકે? પણ અહાહા ફરીથી આ વાડીના મીઠાં ફળો ખાવાને તેમજ ફરીથી મીઠાં-મનગમતા ગીત ગાવાને જીવ્યું. (૩) અરે પંખીડાં સુખેથી કંઇ ગીત બનાવજો અને ગાજો. શાને માટે મારાથી બીને આ રમત છોડી દઇને ઊડો છો? પાસે જેવી ગાય ચરતી હતી તેવોજ હું (પામર પ્રાણી) છું. નહિ નહિ કોઇ દિવસ પણ તમારા શરીરને હું નુકસાન કરીશ નહિ. (૪) મેં માળીને તમારા તરફ કંઇ પણ ફેંકવાની મના કરી છે, હંમેશાં મારી વાડી સર્વ પંખીડાને માટે ખુલ્લી છે, પણ માણસોથી બીવાની તમને (પક્ષીઓને) કુદરતી આદત મળેલી છે. અને તેમાંજ તમે બધાએ કલ્યાણ માન્યું તો મારાથી પણ ભલે બીનાં. (૫) ઊડો તો અહા! કોઇ ઘાતકી હાથનો (ઘાતકી માણસોનો) નકી ડર છે. તમારા તરફ પથરો ફેંકવો એ તો માણસોની રમત છે. કુદરતના સરખાપણાની સમજ ભૂલી જઇને નિર્દય માણસો તમારાપર આવી સત્તા ભોગવે છે, તેથી હું દુઃખી છું. (મનમાં દીલગીર થાઉં છું.) (૬)

પાઠ ૫૫

પ્રતિષ્ઠા=આબરૂ; મોટાઇ

મહાજન=મોટા માણસ; લોકના ટોળાં

ડાઘુ=બાળવા જનાર; સ્મશાને જતા માણસ

રાજદ્વાર=રાજ કચેરી

સંભાષણ=વાતચીત; વાદવિવાદ

વિવાદ=સામસામા સવાલ જવાબ

સત્પુરૂષ=સારા માણસ

ગામ ભેગા કરું=ગામમાં દાખલ કરૂં.

દીર્ઘ સૂત્રી=કામમાં ઢીલ કરનાર; લાંબા તાંતણાવાળી; સુતરફેણી

વાંકવાળી=ગુણમાં આડી ને આકારમાં વાંકી

આચમન=જમણી હથેલીમાં થોડું પાણી લઇ પી જવું તે

ભણ્યા પણ ગણ્યા નહિ =વિદ્યા શિખ્યા પણ

અનુભવમાં મૂકતાં આવડી નહિ
વિદાય કીધા=વળાવ્યા

પાઠ ૫૬

હજરત=ઉંચો દરજ્જો ધરાવનાર; મુસલમાનને બોલાવવામાં વપરાતો માન ભરેલો શબ્દ
ઇસ્લામ=આસ્થા
મૂર્તિપૂજક=(મૂર્તિ+પૂજક)=મૂર્તિ પૂજનાર
શ્રીમંત=(શ્રી+મંત)=પૈસાદાર
પ્રેમાળ=(પ્રેમ+આળ=હેતવાળો) માયાળુ
પુનર્લગ્ન=(પુનર=બીજી વાર+લગ્ન)=ફરીથી પરણવું તે
કાષ્ટપાષાણ=લાકડા ને પત્થર
નિયંતા=ચલાવનાર
અનાદિ=(અન=નહિ+આદિ=શરૂઆત)=જેની શરૂઆત નથી તે
ખુદા=પરમેશ્વર
પરિપકવ=પાકા; મજબુત
વહી=જીબ્રાઇલ ફરેસ્તા ખુદા તરફથી જે સંદેશા લાવેલા તે
અનુયાયી=સાથે અથવા પછવાડે ચાલનાર; સેવક; શિષ્ય
તુચ્છકારી=ધિક્કારી
સહનશીલતા=શાંતતા
સદુપદેશ=(સદ્+ઉપદેશ)=સારી શિખામણ
વજનદાર=વક્કરવાળા
અગ્રેસર=(અગ્ર+સર=જનાર)=મુખી; આગેવાન
પ્ર.સાદિ=કૃપા ભરેલી; દેવી
નિષ્કામ=સ્વાર્થ વિનાનો
ઘાટ=ઉપાય
પ્રપંચ=કાવતરું
નિરૂપાયે=નાછુટકે
પર્યંત=સુધી
પ્રસાર=ફેલાવો [કરનાર
ધર્મોપદેશક=ધર્મનો બોધ
સુરાપાન=દારૂ પીવો તે
સમાજિક=સમાજને લગતી
સિરિયા=એશિઆઇ તુર્કસ્તાનના એશિઆ મૈનરની દક્ષિણમાં પ્રાંત છે
ઇસ્તંબુલ=યુરોપી તુર્કસ્તાનની રાજધાનીનું શહેર છે
જાહોજલાલી=આબાદી; દબદબો
ક્ષણભંગુર=પલકમાં નાશ થાય એવો; નાશવંત
કુરાન=મુસલમાની ધર્મ પુસ્તક; મહંમદ પેગંબર સાહેબની આજ્ઞાના વચનોના સંગ્રહનું પુસ્તક

સવાલ—ઇ. સ. ૫૭૧, ૬૦૯, ૬૨૨ ને ૬૩૨માં શું બનાવ બન્યો? પેગંબર સાહેબને મક્કાથી મદીને જવાનું કારણ શું? મહંમદ પેગંબર સાહેબે કયો ધર્મ ચલાવ્યો? એ ધર્મ માનનારા દુનિયામાં હાલ કેટલા માણસ છે? મહંમદ પેગંબર સાહેબે શું ઉપદેશ કીધો? અરબસ્તાન, ઇરાન, સ્પેન, મક્કા, મદીના ઇસ્તંબુલ, બસરા, નકશામાં બતાવો.

પાઠ ૫૭.

ગ્રહણ કરવું=સ્વીકારવું; કબુલ કરવું.
દસ્તુર=પારસીના ગોર
અહુરમઝદ=પારસી ધર્મ પુસ્તકમાં કહેલા પૃથ્વીના પેદા કરનાર અને પાલન કરનારનું નામ
કસ્તી=પારસીની જનોઈ
સદરો=ટુંકી બાંહેનું મોટું પહેરણ
ધૂપ=સુગંધી ધુમાડો
અર્પણ=આપી દેવું તે; બલિદાન
લગ્નવિધિ=લગ્નક્રિયા
અગિઆરી=(સં)=(અગ્ન્યાગાર ઉપરથી) (અગ્નિ=દેવતા+આગાર=સ્થળ)=આતશબેહેરામ પૂજવાની જગા; પારસીઓનું દેવળ.(એમાં પવિત્ર અગ્નિ એટલે આતશ રાખવામાં આવે છે.
મોબેદ=પારસીના ધર્મગુરુ.

સવાલ—પારસીનો મૂળ દેશ કયો? શા માટે ઇરાન છોડવું પડયું? દીવબંદરથી પારસીઓ ક્યાં ક્યાં ગયા? પારસીઓનો ધર્મ ધર્મ સમજવો. પારસીઓનું જાત્રાનું ઠેકાણું કયું છે ને તે ક્યાં છે?

પાઠ ૫૮.

ગીઝની=અફગાનિસ્તાનનું મુખ્ય શહેર
ટક્કર લેવાનો=સામે થવાનો
ઉર્ફે=બીજે નામે, અથવા
પાણીપત=કુરુક્ષેત્ર (હાલ ત્યાં નાનું ગામ છે તે પાનપત નામથી ઓળખાય છે)
થાણેશ્વર=જમના નદીકરે પંજાબમાં શહેર છે
ભંગાણ=તૂટ; નાસાનાસ
મિટ્ટી હાણાહાણ=તદ્દન પાયમાલી

મિટ્ટી હાણુહાણુ કરી નાખી=તદ્દન પાયમાલ કરી નાખ્યા; ઘણીજ નઠારી દુઃખદાયક સ્થિતિમાં આણ્યા

ઘવાયો=ઘાયલ થયો

લાહોર=રાવી નદી પર પંજાબનું મુખ્ય શહેર છે. (એમાં લેફ્ટેનંટ ગવર્નર રહે છે)

મનમાં ખટક્યા કરતી=મનમાંથી ભુલાતી નહિ; વારંવાર યાદ આવતી

હરણ કરવું=બળાત્કારે લઈ લેવું

બેદીલ=નાખુશ

તુચ્છકારી=ધિક્કારી

જંગ=જબરી લડાઇ

બખતર=લોઢાની જાળી વાળો અંગરખો

આશ્રિત=આશરો મેળવી રહેનાર

શબ્દવેધ=શબ્દ ક્યાંથી આવે છે તે પારખી નિશાન તાકીને છોડવામાં આવે છે તે

સવાલ—મહંમદગીઝની ક્યાંનો પાદશાહ? એણે હિંદપર કેટલી સ્વારી કરી? સ્વારી કરવાનો હેતુ શો હતો? પૃથુરાજને ઓળખવો. ઇ સ. ૧૯૧૧ ને ૧૯૧૩ માં શું બનાવ બન્યો? મહંમદ ઘોરીએ હિંદુસ્તાન પર સ્વારી કરી ત્યારે રજપુતોના ક્યા ક્યા મુખ્ય રાજ્યો હતાં?

પાઠ ૫૯.

જડ=મૂળ

યશસ્વી=કીર્તિમંત; નામાંકિત

બેશક=(બે+શક)=નક્કી

તેજસ્વી=પ્રકાશિત

હેરાનગતિ=દુઃખ

લખાણ=લેખ; દસ્તાવેજ

તગાવી=સરકારે ખેડુતોને ધીરેલા નાણાં

દસ્તાવેજ=લેખ; લખાણ

બંધ=પાણીનું રોકાણ કરવાને બાંધેલા પુસ્તા

મદ્રેસા=પાઠશાળા; વિદ્યાલય

સરાઓ=વટેમાર્ગુઓને ઉતરવાની ધર્મશાળાઓ

પડતર=પડી રહેલી

ખેડાણ=ખેતી

બીનરોજગારી=(બીન=વિના+રોજગાર+ઇ) નિરૂદ્યમી

દયાભાન=રહેમ દીલી; દયાની લાગણી

કનડતો=હેરાન કરતો

કાબેલ=હોશિયાર; પ્રવીણ

સવાલ—તઘલખ વંશ ક્યાંથી ક્યાં સુધી કેટલા વર્ષ ચાલ્યો?

ફિરોજશાહની મા રજપુતાણી હતી છતાં મુસલમાન સાથે પરણવાનું શા માટે કબુલ કર્યું? ફિરોજશાહનાં લોકોપયોગી કામ ગણાવો.

પાઠ ૬૦.

તૈમુર=સમરકંદનો મોગલ પાદશાહ

પક્ષ=તરફેણ

ખુનરેજી=કતલ

સમરકંદ=રૂશિઆઇ તાર્તરીમાં શહેર છે (એમાં તૈમુરની કબર છે)

અસ્તવ્યસ્ત=છિન્ન ભિન્ન

અતિશયોક્તિ=હોય તેના કરતાં અતિશય વધારીને કહેવું તે

દરમિયાન=અરસામાં; વચમાંના વખતમાં

કુચકરવી=લશ્કરનો મુકામ ઉઠાવી આગળ જવું

મીરત=આગ્રા ને અયોધ્યાના સંયુક્ત પ્રાંતમાં લશ્કરી છાવણીનું શહેર છે

હરદ્વાર=ગંગા નદીપર જાત્રાનું ધામ છે

અરાજ્ય=(અ+રાજ્ય)=રાજા વગરનું; અંધેર

સવાલ—ઇ. સ. ૧૩૯૫ ને ૧૩૯૮માં શું બનાવ બન્યો? તૈમુરની ટુંક હકીકત કહો.

પાઠ ૬૧.

યુદ્ધનીતિ=લડાઇ કરવાની રીત

રાજનીતિ=રાજ ચલાવવાની રીત

અકબર=બાબરનો પૌત્ર. હુમાયુનો પુત્ર (એનો જન્મ ઉમરકોટમાં ઇ. સ. ૧૫૪૨ માં થયો હતો)

ઠેરઠેર=ઠે.મઠામ

પઠાણ=મુસલમાનની એક જાત છે.

અગ્રમાં=આધા

બેદીલી=નાખુશી

કાયમ=અચળ

રાજ્યાધિકાર=રાજસત્તા

લગામ=દોર: સત્તા

આયકો ખાવો=પાછા હઠવું

સન્માન=સત્કાર

ધર્મમંદિર=દેરૂં; દેવ

સ્થાન

દીર્ઘદૃષ્ટિ=લાંબી નજર

ઝનુની=ઉશ્કેરાએલા

જજીયાવેરો=માથા વેરો; માણસ દીઠ વેરો

કાયસ્થ=હિંદુની એક જાત

મહેસુલખાતું=જમાબંધી ખાતું

આઇન અકબરી=અકબરના કાયદાનું પુસ્તક

અબુલફજલ=અકબરનો વડો પ્રધાન	અંધેર મટયું	મીર અલદ=મુખ્ય ન્યાયાધીશ
વિધવાવિવાહ=પુનર્લગ્ન	અનુપમ=જે બીજા કોઈની સાથે સરખાવી ન શકાય તેં; સર્વોત્તમ	કાજી=કુરાન પ્રમાણે ઇન્સાફ કરનાર
થાળે પડયું=શાંત પડયું;		

સવાલ—અકબરની હાકિંદીનું વર્ણન કરો. અકબરે કયા કયા પ્રાંતો જીત્યા ? અકબરે કયા કયા સુધારા દાખલ કર્યા ?

પાઠ ૬૨.	કતલ=કાપાકાપી	ગાદી પરથી ઉઠાડી મૂકેલો
હલદીઘાટ=અરવલ્લી પર્વતનું મેદાન	જખમ=ઘા	રણભૂમિ=લડાઈની જગા
તુર્ક=મુસલમાનની જાત	એકત્ર=એકઠા [વખત	સર્વત્ર=બધે
ભેટો=મેળાપ; મુલાકાત	અણીનો વખત=બારીક	તંગ=ઘોડાનો બંધ
દેહરક્ષક=શરીરનું રક્ષણ કરનાર	જમાવ=ભીડ; ટોળું	પુંઠળ ફરો=પાછળ ફરી
વારસ=મરણ પછીનો હકદાર	દાખવવાં=બતાવી	ચબુતરો=ચોતરો
ઉન્મત્ત=તોફાની	ગ્વાલિઅર=મધ્ય હિંદ એજન્સિમાં સિંધીઆની રાજધાનીનું શહેરછે	
	પદભ્રષ્ટ=(પદ+ભ્રષ્ટ)=	

સવાલ—પ્રતાપની બહાદુરીનું વર્ણન કરો.

પાઠ ૬૩.	ગ.+ગીર=જીતનાર)= દુનિયા જીતનાર; સલીમ	જપ્તી=નપાસ
સરટામસરો=જહાંગીરના રાજ્યમાં ઇંગ્લાંડથી આવેલા વકીલ	કોલકરાર=સરતપટા; કરારનામું	માનમરતબો=આબરૂ અને મોટાઈ
મુદ્દા=મરજી મુજબ	અમનારેનારતા=પ્રમાણે આકરી	ગણુન=ગણુનગી
જહાંગીર=(જહાં=દુનિ		અમલપુરૂ=ગાપી નદીને કાંઠે મુસલમાની

વસ્તીનું શહેર. (અહીંના શેલાં ને સાલા વખણાય છે)
ચિતોડ=મેવાડની જુની રાજધાનીનું શહેર છે.
અજમેર=રજપુસ્તાનમાં શહેર છે
બંદોબસ્ત પડી ભાંગવા માંડયો=ગેરબંદોબસ્ત થવા લાગ્યા
ઇજારો=કંટ્રાકટ

ઘરવટ=પોતીકાવત; ભાઇચારો
ઠઠ્ઠા મશ્કરી=ટોળ ટપ્પા
સારા અંતઃકરણવાળો=શુદ્ધ મનનો
તુલા=એક પાસે પુરુષ ને બીજે પાસે કીમતી ધાતુ કે જવાહીર મૂકી તોલવાની ક્રિયા

કનાતો=તંબુની કાપડની ભીંત
ખટપટ=કપટ
નૂરજહાં=(નૂર=તેજ+જહાં=દુનિયા)=દુનિયાનું તેજ; (એવું નામ પાડવાનું કારણ એ ઘણીજ ખુબસુરત હતી) જહાંગીરની બેગમ
ફરમાન=હુકમ

સવાલ—સર ટોમસરોને ઓળખાવો. સર ટોમસરોએ જહાંગીરના રાજ્ય વિષે શું લખ્યું છે?

પાઠ ૬૪.

મયુરાસન=(મયુર=મોર+આસન=બેઠક)=મોરના આકારની બેઠક; તખ્તે તાઉસ (એમાં હીરા, માણેક, મોતી વગેરે રત્નો જડાંચાં હતાં તેની કિંમત ટેવર્નિઅર નામના યુરોપી ઝવેરીએ સાડા છ કરોડની કરી હતી)

ભવ્ય=મોટું ને સુંદર
રાજચિહ્ન=રાજા તરીકેની નિશાની
દિવાની=લેણદેણ સંબંધી
ફોજદારી=ચોરી, ખુન, મારામારી વગેરે સંબંધી
એલચી=વકીલ
હાજરી=પાસ
તખ્તે તાઉસ=મયુરાસન

ગજ=ઘોડાનો સળીઓ
ચેપુલીઆં=ચાર પુલ
ભાથા=તીર રાખવાની કોથળીઓ
ઝાલર=ઝૂલતી કોર; ઝૂલ
તાજમહેલ=મહેલનું નામ છે. (આ મહેલ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ બેગમની યાદગીરી માટે બંધાવ્યો.

એના જેની સુંદર ઇમારત દુનિયામાં બીજી નથી)

વેનિસ=ઇટાલીમાં આડ્રિઆટિક સમુદ્રપર અંદર છે.

સવાલ—શાહજહાંને ઓળખાવો. ટેવર્નિઅરે શાહજહાં પાદશાહની જાહોજલાલીનું વર્ણન કર્યું છે તે પરથી આપણને શું ભાન થાય છે? મયુરાસન અને તાજમહેલ વિષે જે જાણતા હો તે લખો. મયુરાસન કોણ લૂટી ગયું?

પાઠ ૬૫.

શિવાજી=મરાઠી રાજ્યનો સ્થાપનાર (એ શાહજી ભોંસલેનો પુત્ર. એનો જન્મ પુના પાસેના જુન્નર ગામમાં ૧૬૨૭ માં થયો હતો)

ઔરંગજેબ=શાહજહાંનો ત્રીજો પુત્ર; આલમગીર

ઝનુન=ગુસ્સો; આવેશ

વિષમ=ઉલટાં; નઠારાં; કઠણ

કુમક=મદદ; આશરો

ધક્કો=હાનિ; નુકસાન

પ્રસંગ=સંબંધ; ઓળખાણ

વિજાપુર=દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંતમાં શહેર છે.

સામેલ=દાખલ

રસ=ઉમંગ; મઝા

ઉંડો=ઘણોજ

છુટકારો=છુટકો

ઉકંદા=ઇચ્છા; મરજી

અહમદનગર=મહારાષ્ટ્રમાં સીનાનદી પરશહેરછે

છાપો મારી=હલ્લો કરી

કિલ્લેદારો=કિલ્લાની ચોકી કરનારાઓ

વિષ્ટિ=સલાહનું કહેણ

બાબુલ=દરવાજો

બાબુલમક્કા=મક્કાનો દરવાજો; સુરત શહેર

સુરતી=આગ્રહથી વળગી રહેનાર

સર કર્યા=તાબે કર્યા

ધર્માંધ=(ધર્મ+અંધ) ધર્મના આચાર વિચારમાં ઘણોજ આગ્રહી

નજરકેદ=આસનકેદ

કટ્ટો=ખરો; પાકો

અણવિશ્વાસ=અપતીજ

મંત્રી મંડળ=પ્રધાન મંડળ

નિષ્ઠા=આસ્થા; શ્રદ્ધા

વિગ્રહ=લડાઇ; ઝગડો

સવાલ—મરેઠી રાજ્ય સ્થાપનાર કોણ? શિવાજી દીલ્હીથી કેવી યુક્તિ કરી નાસી ગયો? શિવાજીનું ટુંક વૃત્તાંત લખો?

પાઠ ૬૬.

ઘન=નક્કર
શોધ=તપાસ; ખોળ
ઉપગ્રહ=નાનો ગ્રહ; મુખ્ય ગ્રહની આસપાસ ફરનારો ગ્રહ
નરી=એકલી; ખુલ્લી
ગતિ=શક્તિ
ધરી=પૃથ્વીના મધ્ય બિંદુમાં થઇને ઉત્તર દક્ષિણ જે કલ્પિત રેખા જાય છે તે
કક્ષા=ગ્રહોને સૂર્યની આસપાસ ફરવાનો માર્ગ
દુરબીન=આઘેથી વસ્તુ જોવાનું કાચનું યંત્ર
સૂર્યમાળા=સૂર્ય, નાના મોટા ગ્રહો, તેમના ચંદ્રો, ખરતા તારા અને ધુમકેતુઓ મળી થએલું મંડળ

સવાલ—સૂર્યની આસપાસ કોણ કોણ ફરે છે? સૂર્યમાં કેટલી ગરમી છે? સૂર્ય જે પદાર્થોને ગરમી તથા તેજ આપે છે તે પદાર્થો કેવાં રૂપનાં હોય છે? ગ્રહ એટલે શું? ગ્રહ શાથી ઓળખાય છે? બધા મળી મુખ્ય ગ્રહો કેટલા છે અને તે કયા કયા? સૂર્યથી ઘણો પાસે તેમજ ઘણોજ આઘે કયો ગ્રહ છે? સૂર્યથી પૃથ્વી કેટલી દૂર છે? દુરબીનની મદદથી કયા ગ્રહો શોધી કાઢયા છે? કયા ગ્રહનું તેજ વધારે છે? કયા કયા ગ્રહોને ચંદ્રો છે અને તે કેટકેટલા છે? બધા ગ્રહોમાં સૌથી મોટો તેમ સૌથી નાનો ગ્રહ કયો છે? મુખ્ય ગ્રહ સિવાય બીજા નાના કેટલા ગ્રહો છે અને તેઓ કયાં છે? ગ્રહોને કેટલી ગતિ છે અને તે કઇ કઇ? ગ્રહો કઇ દિશામાંથી કઇ દિશામાં ફરે છે? સૂર્યની આસપાસ ગ્રહને ફરવાના માર્ગને શું કહે છે? બુધ અને નેપ્ચ્યુન કોની આસપાસ ફરે છે? ગ્રહો તથા ચંદ્રોને પોતાનુંજ તેજ છે કે નહિ? અને નથી તો શાથી પ્રકાશે છે? કલકત્તાના સંગ્રહસ્થાનમાં કેવા તારા રાખ્યા છે? ખરતા તારા કોની આસપાસ ફરે છે? તેમનો ફરવાનો કાળ કહો. સૂર્યમાળા એટલે શું?

પાઠ ૬૭

ધ્રુવનો તારો=સ્થિર તેજનો તારો
તેજસ્વી=પ્રકાશિત
મર્યાદા=હદ; સીમા
ક્ષિતિજ=જે ઠેકાણે

આકાશ ને પૃથ્વી મળી ગએલો દેખાય તે જગા

ગોળાર્ધ=(ગોળ+અર્ધ)= અર્ધો ગોળ

નક્ષત્ર=તારામંડળ (નક્ષત્ર ૨૭ છે)

ઝુમખા=જથા

સપ્તર્ષિ=સાત તારાનું મંડળ

લુબ્ધક=અતિ તેજસ્વી તારો

ધ્રુવ=જે કલ્પેલી ધરી ઉપર પશ્ચિમથી પૂર્વ તરફ પૃથ્વી ફરે છે તે ધરીનો ઉત્તર દક્ષિણ છેડો

આકાશગંગા=રાતે આકાશમાં પ્રકાશની ધોળી પટી દેખાય છે તે

ધુમસ=ધુમાડા જેવી વરાળ

સવાલ—તારા અને ગ્રહનો તફાવત કહો. ક્ષિતિજ એટલે શું તે સમજાવો. તારાઓ કઇ દિશામાંથી કઇ દિશામાં જાય છે? ધ્રુવ તારા કેટલી જાતના છે? દક્ષિણ ધ્રુવ તારો આપણને કેમ દેખાતો નથી? અસલ લોકોએ તારાને ઓળખવા માટે શું કીધું? ધ્રુવનો તારો શોધી કાઢવાની સહેલી રીત કહો. તારાના વર્ગ શા આધારે પાડયા છે? છેક પહેલા વર્ગમાં અતિ તેજસ્વી તારો કયો છે? તારાના રંગ કેવા હોય છે? નરી આંખે કયા નક્ષત્રો દેખી શકાય છે? છેક પાસેનો તારો કેટલો દૂર છે? આકાશગંગા એટલે શું તે સમજાવો.

પાઠ ૬૮.

અક્ષાંશ=વિષુવવૃત્તથી ઉત્તર કે દક્ષિણમાં કોઇ જગાનું જે અંતર તે

રેખાંશ=કોઇ મુકરર કરેલા રેખાંશવૃત્તથી પૂર્વ પશ્ચિમમાં કોઇ જગાનું જે અંતર તે

બિંદુ=ઝીણું ટપકું

પ્રત=નકલ

કલ્પના=અટકળ;ધારણા

વિષુવવૃત્ત=પૃથ્વીના ગોળાપર મધ્યભાગે જે પૂર્વ પશ્ચિમ ફરતી આડી લીટી દોરેલી હોય છે તે

અક્ષાંશવૃત્ત=વિષુવવૃત્તથી સરખે અંતરે ઉત્તર દક્ષિણ જે આડી લીટીઓ દોરેલી હોય તે

વર્તુળ=ગોળ

રેખાંશવૃત્ત=વિષુવવૃત્તને કાટખુણે છેદીને બને ધ્રુવમાં થઇને જાય એવું મહદ્ વર્તુલ.

સવાલ—કોઇ પણ બિંદુ સપાટીના કયા ભાગમાં છે તે આકૃતિ કાઢી સમજાવો. નકશામાં આડી ઉભી લીટીઓ શા માટે દોરેલી હોય છે? એક નકશા ઉપરથી બીજો પાડવાનો સુગમ ઉપાય કહો. ગોળાપર નકશો પાડવાની રીત સમજાવો. વિષુવવૃત્ત, અક્ષાંશવૃત, અક્ષાંશ અને રેખાંશની વ્યાખ્યા આપી સમજાવો. અક્ષાંશ વધારેમાં વધારે અને ઓછામાં ઓછા કેટલા હોય છે? અક્ષાંશના પ્રકાર કેટલા છે અને કયા કયા? પૃથ્વીના ગોળા પર અમદાવાદ કયે સ્થળે છે એ નક્કી કરવામાં કઇ કઇ બાબતો જાણવી જોઇએ? રેખાંશ અને રેખાંશવૃત્તની વ્યાખ્યા કહો. રેખાંશ કેટલી જાતના છે ને તે કયા કયા? સૂર્યનો પ્રકાશ દર કલાકે કેટલો આગળ વધે છે અને તે તમે શાથી જાણ્યું? અમદાવાદ અને મુંબઇમાં સૂર્ય કયારે ઊગે છે એ આપણે બરાબર જાણતા હોઇએ તો એ બે જગાં વચ્ચે કેટલાં રેખાંશનું અંતર છે ને શી રીતે જાણી શકાય? અક્ષાંશ અને રેખાંશનો ઉપયોગ કહો.

પાઠ ૬૯.

ત્રાંસો=તિરકસ
નિયમિત=મુકરર
મોન્સુન=મોસમ
વાવાઝોડું=પવનનું તોફાન
આંધી=જે પવનથી આકાશ ધૂળ વડે છવાઇ જાય તે પવન
વંટોળીઓ=ભમરાની પેઠે કુંડાળા કરતો જોરમાં છુટેલો પવન
વ્યાપારવાયુ=વેપારને માટે અનુકૂળ આવે એવો પવન

સવાલ—ધુમાડો સીધો ન જતાં ત્રાંસો જાય છે, આગ લાગે ત્યારે પવન છુટે છે તેનું કારણ શું તે સમજાવો. સૂર્યના તાપથી પવન ઉત્પન્ન થાય છે તે દાખલો આપી સમજાવો. દરીઆ કિનારે રોજ નિયમિત વા કેટલા પ્રકારનો વાય છે? જમીન તપે છે તેટલું

પાણી તપતું નથી તેનું કારણ શું ? સમુદ્ર તરફથી જમીન તરફ અને જમીન તરફથી સમુદ્ર તરફ વા કયે વખતે વાય છે. અને તેનું કારણ સમજાવો. વ્યાપારવાયુ વિષવવૃત્તથી ઉત્તર તથા દક્ષિણમાં કેટલા અક્ષાંશ સુધી વાય છે અને તેનું કારણ કહો. મોન્સુન વા કયા કયા દેશોમાં વાય છે ? હિંદુસ્તાનમાં ઘણો તાપ ક્યારે પડે છે અને તે પડવાનું કારણ સમજાવો હિંદુસ્તાનમાં વરસાદ કયા ખુણા-માંથી આવે છે અને તે ખુણામાંથી આવવાનું કારણ કહો. શિઆળામાં વા કયા ખુણામાંથી વાય છે અને તેનું કારણ સમજાવો. અનેક જાતના વા ઉત્પન્ન થવાનું કારણ શું ? અને તે વા કયા કયા તે કહો.

પાઠ ૭૦

રંદો=લાકડું સાફ કર-વાનું હથિયાર

કદ=આકાર

મુરમ=એક જાતના કાંકરા; મરડીઆ કાંકરા

રેતાળ=રેતીના પત્થરની બનેલી

નદીનું પાત્ર=નદીને વહે-વાનો માર્ગ

બખોલ=ગુફા; ખોલ

ગેરસપ્પા=કાનડા જિલ્લા-ના હોનાવર તાલુકામાં ગામ છે ત્યાંથી ૮૨ મૈલ છેટે કોડકણી ગામ પાસે આ ધોધ છે

સારાંશ=(સાર=મતલબ +અંશ=ભાગ) મુખ્ય મતલબ

સવાલ—પૃથ્વીપર કયા કયા રંદા હંમેશાં ફર્યા કરે છે કે જેથી જમીન ઘસાઇ જાય છે ? ખડકનો ભુકો શી રીતે બને છે તે સમજાવો. ચુનાના પત્થર તથા આરસપહાણ જલદી શા કારણથી ઘસાઇ જાય છે ? જમીન, ખડક, અને ડુંગરા શાથી ઘસાઇ જાય છે ? રેતાળ, ધોળી અને રાતી જમીન થવાનું કારણ કહો. મુંબઇ ઇલાકામાં લાલ માટી કયાં ઘણી જોવામાં આવે છે ? રેતી શી રીતે બને છે ? નદીના પાણીમાં જમીન ખોદવાની શકિત શા કારણથી વધારે છે ? મુંબઇ ઇલા-કામાં કયા કયા પ્રખ્યાત ધોધ છે ? સમુદ્રમાં ખડક શી રીતે થતતો હશે ?

પાઠ ૭૧.

ભૂતળ=દેશની સપાટી નદી, નાળાં, પર્વતો વગેરે સંબંધી હકીકત
ભૂતળ રચના=દેશની સપાટીની તથા નદી નાળા પર્વતો વગેરેની રચના
હિમાલય=(હિમ+બરફ +આલય=ઠેકાણું)= બરફનું ઠેકાણું
નદ=મોટી નદી
રણ=રેતીનું મેદાન
ખાળે=અટકાવે
અટકાવ=રોકાણ
સમધાત=સરખી; મધ્યમસર; ઘણી ગરમ તેમજ ઘણી ઠંડી નહિ એવી
માફકસર=જોઇએ તેવી
સાહસિક=હિંમતવાન
કદાવર=શરીરે પુષ્ટ
ભિનાશ=ભેજ; શરદી
કસરીઆ=કરકસરથી કામ કરનાર
કસ=રસ
કમજોર=નબળા
ખાનપાન=ખોરાક ને પાણી
નળિએરી=નળીઆના
પ્રમાણ=માપ

સવાલ—હિંદુસ્તાનની લંબાઇ પહોળાઇ ક્યાંથી ક્યાં સુધી કેટલી છે? દુનિયામાં સૌથી ઉંચો પર્વત કયો છે? હિમાલય નામ પડવાનું કારણ શું? હિંદુસ્તાનમાં ઉંચા પર્વતોની હાર ગણાવો. હિંદુસ્તાનમાં મોટામાં મોટી નદી, રણ અને જંગલો ક્યાં છે અને તે ક્યાં ક્યાં છે? હિંદુસ્તાનમાં તાપ વધારે પડવાનું કારણ કહો. ઉત્તરના ઠંડા ને સુકા પવનને કોણ અટકાવે છે? દક્ષિણના ગરમ અને ભેજવાળા પવનને એવો અટકાવ છે કે નહિ? કોકણમાં વરસાદ વધારે અને ઘાટની પેલી તરફ ઓછો થવાનું કારણ શું? ગરમી ક્યાં ઓછી લાગે? કોઇપણ પ્રદેશની હવા જાણવા માટે કયા ચાર કારણો ધ્યાનમાં રાખવાં? ગુજરાતના દક્ષિણ ભાગની હવા તથા તેની લોકો પર કેવી અસર છે તે કહો. ઉત્તર ગુજરાત, સિંધ અને રજપુતસ્તાનની હવા તથા તેની લોકોપર અસર કહો. પશ્ચિમઘાટ, મદ્રાસ ઇલાકો, બંગાળા પ્રાંત, મધ્યહિંદ અને પંજાબની ભૂતળ રચના તથા તેની લોકોપર શી

અસર છે તે કહો. જુદા જુદા ભાગોની હવા જુદી જુદી છે તેથી ત્યાંના લોકોમાં શી બાબતમાં ફેર છે તે કહો. અને તે ફેરફાર ગણાવો.

પાઠ ૭૨.

વહેવારના=આવવા જવાના
અમલ=સત્તા; રાજ
લોઢાની સડક=રેલવે
ગવર્નર જનરલ=વૉઇસરાય
ખુલ્લો મુકાએલો છે=વપરાસમાં આવે છે
પેસાવર=વાયવ્ય સરહદ પ્રાંતનું મુખ્ય શહેર (એ મોટું લશ્કરી અને વેપારી મથક ખૈબર ઘાટને નાકે આવેલું છે.)
અનુક્રમે=એક પછી એક
દર=ભાવ
ઉપલાણે=ઉપલી બાજુએ

સવાલ—હિંદુસ્તાનમાં વહેવારના મુખ્ય કેટલા રસ્તા છે. અને તે કયા કયા? કઇ કઇ કેટલી મોટી સડકો ક્યાંથી નીકળી ક્યાં મોટા શહેરમાં થઇ જાય છે તે કહો. હિંદુસ્તાનમાં લોઢાની સડક કયા સનમાં નંખાઇ અને તે વખતે ગવર્નર જનરલ કોણ હતા અને તે ક્યાંથી ક્યાં સુધી નંખાઇ? હાલ કેટલા મૈલની રેલવે બંધાઇ છે? મુંબઇથી પેશાવર દિલ્હી અને મદ્રાસ કેટલા દૂર છે? આગગાડીને રસ્તે ઉપલા શહેરોમાં જતાં કેટલા દિવસ લાગે? સાદી સડકની મુસાફરી કરતાં આગગાડીની મુસાફરીમાં શા શા ફાયદા છે તે કહો. હિંદુસ્તાનના પશ્ચિમ તથા પૂર્વ કિનારાનાં મોટાં બંદરો ગણાવો. કરાંચી અને રંગુન વચ્ચે સમુદ્ર વાટે કેટલા મૈલનું અંતર છે? હિંદુસ્તાનની કઇ કઇ મોટી નદીઓમાં આગબોટ તથા વહાણો જઇ શકે છે? ગંગા નદીમાં ક્યાં સુધી આગબોટ તથા વહાણો જઇ શકે છે? કોચીન, ત્રાવણકોર અને મલબાર કાંઠાની ચડમાં કેવાં સરોવર છે?

પાઠ ૭૩.

પરમસ્નેહી=ઘણીજ પ્રીતિવાળા
રા. રા=રાજમાન રાજશ્રી
નમસ્કાર=પ્રણામ
વિશેષ=બીજું; વધારામાં

સુખરૂપ=ક્ષેમકુશળ
જહાજો=મોટાં વહાણો
ડક્કો=માલ ચઢાવવા ઉતારવા માટે બાંધેલો લાકડાનો ઘાટ
વેરાન=ઉજ્જડ; વસ્તી વગરનો
કાથો=નાળિએરની છાલ
માંડવી=કચ્છ પ્રાંતમાં બંદર છે (અહીંઆં દીવાદાંડી છે)
પોરબંદર=સુદામાપુરી; (કાઠીઆવાડમાં બંદર છે)
પ્રસિદ્ધ=જાણીતા
આયાત=પરદેશથી આવતો માલ
નિકાસ=બીજે દેશ જતો માલ
ગણતરી=હિસાબ
ઉથલપાથલ=આપ લે
વટાવી=ઓળંગી
અનુકૂળ=માફક
પોર્ટુગલ=યુરોપ ખંડની પશ્ચિમમાં દેશ છે
ઈમારતી કાટ=ઈમારત બાંધવામાં વાપરવામાં આવતું લાકડું
કોચીન=મદ્રાસ ઇલાકામાં દેશી રાજ્ય છે.
મિતિ=તિથિ

સવાલ—કરાંચી, માંડવી, પોરબંદર, મુંબઇ, રત્નાગીરી, ગોવા, કારવાડ, માંગલોર અને કોચીન એ શું છે અને કયાં છે અને ત્યાંથી કયો કયો માલ આયાત તથા નિકાશ થાય છે તે કહો. કરાંચીથી કોલંબો જતાં રસ્તે કયાં કયાં બંદરો આવે છે તે અનુક્રમે ગણાવો.

પાઠ ૭૪.

રંગુન=બ્રહ્મદેશનું મુખ્ય શહેર છે
અર્થે=વાસ્તે; માટે
સિંકોના=એ નામનું ઝાડ છે એની છાલમાંથી ક્વિનાઇન બનાવે છે
માફક=અનુકૂળ
જાળ=ઝાંટા
પોંડેચરી=મદ્રાસ ઇલાકામાં ફ્રેંચની રાજધાનીનું શહેર છે.
કમાવેલાં=પકવેલાં
છાછર=ઘણો ઊંડો નહિ તે
નેગાપટ્ટણ, મછલીપટ્ટણ, વિજાગાપટ્ટણ=મદ્રાસ ઇલાકામાં કોરો મંડળ કાંઠાપર બંદર છે.
ગંજામ=મદ્રાસ ઇલાકામાં બંદર છે
ભાઠું=નદીકાંઠાની રેતાળ જમીન
ચિતેગામ, આકઆબ=બ્રહ્મદેશના પશ્ચિમ

કિનારા પર બંદર છે	કેરોસીન તેલ	તેજીં=માલની ઘણી
ખનીજ તેલ=જમીનમાં થી નીકળતું તેલ;	ચિલ્કા=મદ્રાસ ઇલાકામાં ખારા પાણીનું સરોવરછે.	આવ જા થાય તે

સવાલ—કોલંબોમાં બધા દેશોની આગબોટો શા માટે આવતી હશે? કોલંબોનો આયાત તથા નિકાશ માલ કહો. પોંડેચરી કોને તાબે છે અને તેમાં શેનાં કારખાનાં છે? મછલીપટ્ટણનો નિકાસ માલ કહો. વિઝાગાપટ્ટણથી કયો કયો માલ નિકાસ તથા આયાત થાય છે? ચિલ્કા શું છે, કયાં છે અને શાને માટે પ્રખ્યાત છે? કલકત્તા નામ પડવાનું કારણ શું? ચિતેગામ અને આકિઆબ બંદર કયાં છે, અને ત્યાંથી કયો કયો માલ નિકાસ તથા આયાત થાય છે? તથા શું વધારે પાકે છે. એની હવા કોના જેવી છે? રંગુન કયાં છે, શું છે અને અહીંથી કયો માલ નિકાસ થાય છે?

પાઠ ૭૫.	કામ કરવાને નિમાયલો	નીમણુક=ગોઠવણ
વહીવટ=કારભાર	અધિકારી; એજંટ;	મંજુરી=પરવાનગી
સંસ્થાન=દેશી રાજાનું	મુખત્યાર	હસ્તક=તાબે; હાથમાં
રાજ્ય	સેક્રેટરી=કારભારી	ઇંડીઆ ઓફિસ=હિંદ ની કચેરી
ક્ષેત્રફળ=ક્ષેત્રનો વિસ્તાર.	સંયુક્ત=જોડાયલા	વાઇસરોય=રાજાને બદલે
પ્રતિનિધિ=પોતાને બદલે	હાઇકોર્ટ=મોટી અદાલત	નિમાયલો અધીકારી.

સવાલ—હિંદુસ્તાનમાં નાનાં મોટાં સંસ્થાનો કેટલાં છે? બ્રિટિશ હિંદુસ્તાનના પ્રાંતો શા માટે કર્યા છે? બ્રિટિશ હિંદુસ્તાનના પ્રાંતોનાં નામ દો. સર્વથી મોટાં દેશીરાજયો ગણાવો. હિંદુસ્તાનનો મુખ્ય અધિકારી કોણ અને તેની નીમણુક કોણ કરે છે? વાઇસરાયને મદદ કરનારી સભામાં કેટલા સભાસદો હોય છે? અને દરેક સભાસદો

કયા કયા ખાતાપર દેખરેખ રાખે છે? કયા કયા કામપર ગવર્નર જનરલ પોતે દેખરેખ રાખે છે? દરેક ખાતાનું કામ કરવા માટે કયા અધિકારીઓ નિમેલા છે અને તે કોના તાબામાં રહી કામ કરે છે? ગવર્નરો, લેફ્ટેનંટ ગવર્નરો, મુખ્ય કમિશનરો, અને રેસિડંટો, બ્રિટિશ હિંદુસ્તાનના કયા કયા ભાગપર છે? મુખ્ય કમિશનરો અને કમિશનરોને કંઈ સત્તા નથી? શહેનશાહના પ્રધાનની સત્તા નીચે કયાં કયાં કામો છે? હિંદના વજીરની ઓફિસ કયાં છે અને તે ઓફિસને શું કહે છે?

પાંચમી ચોપડી ભાગ ૩જાના અર્થ.

પાઠ ૭૧.

વાતાવરણ=(વાત=વા+આવરણ=ઢાંકણ) પૃથ્વીની આજુબાજુ વીંટાયલો વા

ગળે નહિ ઉતરે=મગજમાં ઠસે નહિ

પરપોટા=પાણીમાં વાને લીધે ઊઠી આવતા ફુંફકા

અવકાશ=ખાલી જગા; માર્ગ

વાયુશોષક=વા ખેંચી લેનાર

સિદ્ધ=સાબિત; નક્કી

દળ=કદ; જાડાઈ

ટન=મુંબઈનો ૮૦ મણ; ૨૦ હંડ્રવેટ

ઠામ=વાસણ

અવસ્થા=સ્થિતિ; હાલત

પ્રાણવાયુ=ઓક્સિજન

કાર્બોનિક એસિડ ગ્યાસ=કાર્બોન અને ઓક્સિજન મળવાથી થએલો વાયુ. (એ ઝેરી છે)

સવાલ—હવા વિષે શું જાણો છો? વાતાવરણ એટલે શું તે સમજાવો. ખાલી વાસણમાં શું હોય છે? હવા હોય તો તે સાબિત કરી બતાવો. હવામાં ભાર છે એ વાત શાથી સાબિત કરી શકશો? આપણા દરેકના માથાપર વાતાવરણનો કેટલો ભાર છે, એટલો ભાર છતાં આપણે છુંદાઈ જતા નથી તેનું કારણ શું? હવા કેવો પદાર્થ કહેવાય? હવા ઘન નથી તેમજ પ્રવાહી નથી તે સમજાવો. હવામાં

મુખ્ય કયા કયા એ વા છે ? દીવો દેવતા બળવાને અને શ્વાસ લેવાને કયો વા ઉપયોગી છે ? ઓક્સિજન જો વધારે ઉપયોગી છે તો તેમાં બીજો વાયુ શા માટે ભેળ્યો છે ? કોલગ્યાસ એટલે શું અને તે શી રીતે ઉત્પન્ન કરી શકાય ?

પાઠ ૭૭.

અનુરૂપ=આબેહુબ; નક્લે નકલ
અડખે પડખે=આજુબાજુમાં
ખુંદી વળ્યો=ફરી વળ્યો
પડઘો=સામો અવાજ
ઘોર=અવાજ; ધ્વનિ
પડઘમ=એક વાજીંત્ર
પ્રતિધ્વનિ=(પ્રતિ+ધ્વનિ) =સામો અવાજ; પડઘો
ધડો=દાખલો
તોછડાઇ=હલકાઇ; અવિવેક
સભ્યતા=સલુકાઇ; વિવેક
જડ=નિર્જીવ
અદબ=માન; વિવેક

સવાલ—પડઘો એટલે શું ? પડઘો શી રીતે થાય છે તે પ્રયોગથી સમજાવો. પડઘા ઉપરથી આપણે શું શિખામણ લેવી ?

સમજુતી–દુનિયામાં જડ વસ્તુ પણ આબેહુબ જવાબ આપે છે, કે ગરીબ હોય અંથવા રાજા હોય તો પણ તેઓ જેવું બોલે તેવુંજ સાંભળે.

પઠ ૭૮.

જુના જમાન'નો=અસલી વિચારનો
ગોદી=વહાણને લાંગરવાની જગા; બાંધેલી ખાડી
અજાયબ=તાજુબ
ડામર=ખનીજટાર; જાડું કાળું પેટ્રોલ્યમ
તરંગ=તર્ક; બુટ્ટા
ગાઢનિદ્રા=ભર ઊંઘ
વિચિત્ર=નવાઇ જેવી
બીજેયુગ=ત્રેતાયુગ(યુગ ચાર છે સત્ય, ત્રેતા; દ્વાપર, કળિ)
ફર્ન=નેતરના જેવો ભેજવાળી જમીનમાંથતોછોડ
છાંદી લઇ=બંધ કરી
ટાર=કોલસામાંથી નીકળતો પ્રવાહી ડામર
કોલસાવાયુ=કોલગ્યાસ; જેના દીવા થાય છે તે ગ્યાસ
કાળાંતરે=વખત જતાં
ખાણીઆ=ખાણમાં કામ કરનાર મજુર
ધાડ=આફત

સવાલ—ખનીજ કોલસો શું શું ઉપયોગમાં આવે છે? કોયલા શી રીતે બન્યા હશે? કોલગ્યાસ શી રીતે બનાવે છે? ખનીજ અને સાધારણ કોયલાનો મુકાબલો કરો.

પાઠ ૭૯.	ચકલી=ચાવી	સવેળા=વેળાસર
ટગર ટગર=એકકી નજરે; ધારી ધારીને	સેર=પાણીની ઉંચે ઊડતી ઝીણી ધાર	

સવાલ—લવજીએ ફુવારો ઉંચે ઊડે છે એ કેવી રીતે છોકરાને સમજાવ્યું તે તમે કહો. પાણીના કયા ગુણને આધારે ફુવારો ઊડે છે?

પાઠ ૮૦.	ગરમીમાપક યંત્ર=ગરમી માપવાનું યંત્ર; થર્મામીટર	ધટ=જાડો
પારો=એક જાતની સફેદ રંગની પ્રવાહી ધાતુ (એ ઠંડા મુલકમાં ધનરૂપે હોય છે)	હિમબિંદુ=એ બિંદુપર પારો આવે ત્યારે પાણી ઠરી જાય છે	એકત્ર=એકઠા; વિસ્તાર પામે=ફેલાય; આંકો=નિશાન; માર્ગ=અવકાશ

સવાલ—પારો શું છે? પારાનું રૂપ કેવું છે? પાણીથી કેટલા ગણો ભારે છે? એક વાસણમાંથી બીજા વાસણોમાં કયા ગુણને લીધે રેડી શકાય છે? હરકોઇ વસ્તુપર ગરમી અને ઠંડીની શી અસર થાય છે? પાણી ઉપર ગરમી અને ઠંડીની એકજ અસર થાય છે કે જુદી જુદી? થર્મોમીટરમાં પાણી ન ભરતાં પારો ભરવાનાં ખાસ કારણ સમજાવો. થર્મોમીટરની કૃતિ સમજાવો. થર્મોમીટરમાં પારો શી રીતે ભરે છે? હિમબિંદુ ને ઉકળતા પાણીનું બિંદુ શી રીતે નક્કી કરે છે? થર્મોમીટર યંત્ર કેટલી જાતના છે? અને તે ત્રણમાં ફેર શું છે? તથા એ શું ઉપયોગમાં આવે છે? (થર્મોમીટર યંત્ર ત્રણ જાતના છે. સેન્ટીગ્રેડ, ફારનહાઇટ, અને રોમર, સેન્ટીગ્રેડમાં ૦ થી ૧૦૦, ફારન-

હાઇટમાં ૦ થી ૩૨ અને ૩૨ થી ૨૧૨, રોમરમાં ૦ થી ૮૦ અંશ હોય છે. ફારનહાઇટ વધારે ઉપયોગી છે કારણકે હિમબિંદુ કરતાં ઓછી ગરમી એનાથી જાણી શકાય છે.)

પાઠ ૮૧.
સ્પષ્ટ=ખુલ્લું
દાંડો=હાથો
પડદો=પડ; આંતરો.
બંબો=પાણી ઉંચું ઉડાડવાનો સંચો. લાગ=તક

સવાલ—નીચેની હવાના દબાણથી પાણી નીચે પડતું નથી તે પ્રયોગથી સાબીત કરો. પાણી ભરેલા સીસામાંથી હવા શોષી લઇએ છીએ ત્યારે પાણી શા કારણથી મોંમાં આવે છે તે સમજાવો. પીચકારી ને બંબાથી ,રચનામાં શું તફાવત છે?

પાઠ ૮૨.
ઉપયોગ=વાપર
વાયુભારમાપકયંત્ર=વાનું-દબાણ જાણવાનો સંચો
બેશ=સારો
ઇટાલિ=યુરોપખંડની દક્ષિણમાં દેશ છે.
પ્રત્યેક=(પ્રતિ+એક)=દરેક
સ્તંભ=કાચની નળીમાં પારાની ઊભી દાંડી
સંભવ=આશા; ભરોસો
ચેતવણી=ખબર;સૂચના
કોશીશ=યત્ન; મહેનત
ગૂઢ=અઘરો
પ્રવીણ=માહિતગાર
અનુમાન=અટકળ; ધારણા

સવાલ—હવાના દબાણનો ઉપયોગ બંબાના કામમાંજ થયા છે કે બીજા કોઇ કામમાં થાય છે? કયા નિયમને આધારે વાયુભારમાપક યંત્રો બનાવ્યાં છે? વાયુભારમાપક યંત્રની બનાવટ કહો. જેમ ઉંચે જઇએ તેમ હવાનું દબાણ ઓછું થવાનું કારણ કહો. સમુદ્રની સપાટીએ પારો કેટલા ઈંચની ઉંચાઇએ હોય છે? કેટલા ફુટની ઉંચાઇએ પારો એક ઈંચ હેઠે ઉતરે છે? વાયુભારમાપક યંત્રથી વરસાદ ક્યારે થશે અથવા તો તોફાન ક્યારે થશે એ જણાવાનું કારણ સમજાવો. આપણા હિંદુસ્તાનમાં વાયુભારમાપક યંત્રમાં થવા

ફેરફારની નોંધ ક્યાં રાખવામાં આવે છે? તેથી શો લાભ છે? પારાનો ઉપયોગ કયા કયા કામમાં થાય છે? બેરોમિટરમાંનો તમામ પારો નીચે ઉતરી ન પડતાં પારાની સપાટીથી ૩૦ ઈંચની ઉંચાઇએ રહેવાનું કારણ શું?

પાઠ ૮૩.

એકદળ=દાળ વગરના

દ્વિદળ=બે દાળવાળાં

આડકતરાં=વાંકાચુંકા

ફૂલમણી=ફૂલના ગોટાનું ઢાંકણુ

વજ્રપત્ર=ફૂલનાં ઢાંકણના નાનાં પાંદડાં

લાગુ=બંધ બેસતો

બીજાશય=(બીજ+આશય)=બીજને રહેવાનું ઠેકાણું

દાંડી=ડીટું

રેસા=તાંતણા

સવાલ—વનસ્પતિના મુખ્ય કેટલા વર્ગ પાડી શકાય, અને તે કયા કયા તે દાખલા આપી સમજાવો. ફૂલવાળી વનસ્પતિના કેટલા ભાગ પડે છે અને તે કયા કયા? એકદળ અને દ્વિદળ વનસ્પતિનાં બીમાંજ ફેર છે કે બીજા કશામાં ફેર છે? મૂળ, થડ ઉપરથી એકદળનું કે દ્વિદળનું શી રીતે જાણી શકાય? એકદળ અને દ્વિદળ વનસ્પતિના થડમાં શો તફાવત હોય છે? બંનેનાં પાંદડાંમાં શો ફેર છે? એ બંને વનસ્પતિના ફૂલમાં શો ફરક છે? એકદળ અને દ્વિદળ વનસ્પતિના મૂળ, થડ, પાંદડાં, ફૂલ અને ફળનો તફાવત ગણાવો, અને એવી વનસ્પતિના દાખલા આપો.

પાઠ ૮૪.

વજ્ર=ફૂલનું ઢાંકણુ

પુષ્પકોશ=પાંખડાંવાળો ભાગ

ઢાંકણુ=પડ; અસ્તર

કેસર=તંતુ; તાંતણા

ખાંચ=પોલાણ

પરાગકોશ=પરાગનો જથ્થો

સમાંતર=(સમ+અંતર)=સરખે અંતરે

આતુરતા=ઉમેદ; ઇચ્છા; મરજી

સંયોગ=(સં=સાથે+યોગ=જોડવું)=મેળાપ; ભેગા થવું તે

સવાલ—ફૂલમાં કયા બે ઢાંકણ છે? સ્ત્રીકેસર અને પુંકેસરને અવસ્યની ઇંદ્રિયો શા માટે ગણવી? પુંકેસરમાં કયા કયા બે ભાગ છે? પરાગકોશની રચના સમજાવો. સ્ત્રીકેસરના કેટલા ભાગ હોય છે અને તે કયા કયા? બધા ફૂલમાં સ્ત્રીકેસર અને પુંકેસર હોય છે? પુંકેસરમાંથી સ્ત્રીકેસરમાં પરાગ લાવવામાં કોણ કોણ મદદ કરે છે? પરાગની રજકણને કેટલા ઢાંકણ હોય છે અને તે કયા કયાં? બીજાશયમાં શું ભરેલું છે? એ ઈંડામાં શું હોય છે? ફળ શાથી બંધાય છે? બીજાશય પક્વ થઇ તેનું શું થાય છે? ઈંડાનું શું થાય છે અને તે ક્યાં રહે છે? બીજને રોપવાથી શું થાય છે?

પાઠ ૮૫.

અપુષ્પ=(અ=નહિ+પુષ્પ=ફૂલ) ફૂલ વગરની; અફળ
મુખ્યત્વ=ઘણું કરીને
પરિપક્વ=પુરા પાકા
સપુષ્પ=(સ=સાથે+પુષ્પ=ફૂલ)=ફૂલવાળી
જળાશય=(જળ=પાણી+આશય=ઠેકાણું)=પાણીનું ઠેકાણું. જેમકે નદી-તળાવ. કુવા, વાવ વગેરે
અફળ=અપુષ્પ; ફૂલ વગરની
પાધરો=લાગલોજ
પિંડ=ગોળો
પંક્તિ=જાત; વર્ગ
સમૂળગાં=બીલકુલ; મુદ્દલ
સમાસ=સમાવેશ
પાન=ઝીણાં પાંદડાં
વિચિત્ર=નવાઇ જેવી

સવાલ—હંસરાજ શું છે? અને તેને લોકો શા માટે રોપે છે? હંસરાજ ઘણું કરી ક્યાં ઉગે છે? હંસરાજ કયા મુલકમાં મોટા થાય છે અને કયા મુલકમાં મોટા થતા નથી? હંસરાજને પાંદડાં હોય છે કે નહિ અને પાંદડાં જેવું દેખાય છે તે શું? હંસરાજની નસો કોના જેવી હોતી નથી અને કોના જેવી હોય છે? અપુષ્પ વનસ્પતિના દાખલા આપો. અપુષ્પ વનસ્પતિને કેવી વનસ્પતિ કહે છે? હંસરાજનો છોડ શી રીતે ઉત્પન્ન થાય છે? સેવાળ ને પાંદડાં વગરની વનસ્પતિના

દાખલા આપો. ફુગ કેવી જગામાં થાય છે? બેક્ટિરીઆ નામનાં ઝીણુ જંતુ એ શું છે?

પાઠ ૮૬.

મંજરી=માંજર; ફૂલને ઠેકાણે બેસે છે તે
મોભ=ઘરની વચમાંનો આડો થાંભલો
પરનાળ=પાણી ઝીલવાનું કે તેને એક ઠેકાણેથી બીજે ઠેકાણે પહોચાડવાનું સાધન
સાવરણી=ઝાડું; વાસીદું કાઢવાનું સાધન
મશાલ=મોટો કાકડો
દામણાં=પશુને પગે બાંધવાના દોરડાં
ડોયો=લાકડાની દાંડીનો મોટો પળો
તાસક=ઢાંકણું
સ્વાદિષ્ટ=સ્વાદવાળું
પુરણપોળી=વેઢમી
કલ્પવૃક્ષ=ઇચ્છેલું આપે એવું સ્વર્ગનું ઝાડ
શૂળ=કાંટા
પરડા=બાવળની શીંગ
ટીશી=ખીલ્યા વગરના પાંદડાંનો જથો

સવાલ—નાળિએરીનું થડ કેટલું ઉંચું હોય છે? મંજરી ફુટયા પછી કેટલા વખતમાં નાળિએર બંધાય છે? સારી જમીનમાં ઊગેલી નાળિએરી પરથી વધારેમાં વધારે કેટલા નાળિએર ઉતરે છે? નાળિએરી કેટલાં વરસ સુધી ફળે છે? નાળિએરના ઝાડના દરેક ભાગનો ઉપયોગ કહો. બાવળની છાલ, પરડા, બાવળ, ગુંદર અને કાંટાનો ઉપયોગ ગણાવો.

પાઠ ૮૭.

હિંદી શહેનશાહત=બ્રિટિશ હિંદુસ્તાન
ઘેર=ઘેરાવો
પાલાં=ખપેડાની ટટ્ટી
અસ્તર=માંહેનું પડ
[illegible]
ટકાઉ=ઘણો વખત ચાલે એવું
અદ્યાપિ=હાલ સુધી
અણીશુદ્ધ=જેવું ને તેવું
રોગાન=રંગવામાં વપરાતું તેલ
[illegible]ગળ, લુગડાં
વગેરેમાં પાકે છે તે જંતુ
સળતુ=કોહી જતું
ટેટા=વડનાં ફળ
હગાર=હીંટી
સમિધ=અગ્નિ સળગાવવાની લાકડી

વડવાઈ=વડની ડાળીમાંથી ફુટેલી દોરી જેવાં ફાંટા
કબીરવડ=શુકલતીર્થની સામે ગંજાવર વડ છે
ઘટા=ભરાવ

સવાલ—સાગ કયાં કયાં ઊગે છે ? અને ત્યાં ઘણો ઊગવાનું કારણ શું ? સાગના પાંદડાંનું વર્ણન કરો. એ શું ઉપયોગમાં આવતાં હતાં ? સાગનું ઝાડ વધારે ટકાઉ શા માટે છે ? એમાંથી તેલ નીકળે છે તે શા ઉપયોગમાં આવે છે ? સાગના લાકડાનો વધારે ઉપયોગ થવાનાં કારણ કહો. વડનું વર્ણન કરો અને તેનો ઉપયોગ કહો. કબીરવડ કયાં છે અને તેને માટે શું જાણો છો ?

પાઠ ૮૮.

યોગ્ય=લાયક; જોઈએ તેવા; બંધબેસ્તા
અધવચ=વચગાળે
સતેજ=વધારે જાગૃત
જંજાળ=ખટપટ
ફણગો=અંકુર
પ્રસંગ=તક; વખત
પારિજાતક=એક જાતનું સુગંધીદાર કેસરીઆ દાંડીવાળું સફેદ પાંખડીનું ફૂલ
ટમેટા=વિલાયતી વેંગણ
કલમ=રોપવા માટે ઝાડની કાપેલી ડાળી

સવાલ—સમજુ માબાપો અને અણુસમજુ માબાપો શું કરે છે ? માબાપોએ છોકરાની અવલોકન શક્તિ તથા જ્ઞાન મેળવવાની ઇચ્છાને દૃઢ કરવા માટે શા શા ઉપયોગ લેવા ? નિશાળના બગીચાથી શા શા લાભ થાય છે તે કહો. આ પાઠમાં જે છ વર્ગ પાડયા છે તે દાખલા સાથે કહો.

પાઠ ૮૯.

રેશમ=હીર
રૂપાંતર=આકારમાં ફેરફાર; જુદાં જુદાં રૂપ
ખોળીઆં=શરીર
સંજોગ=બનાવ; પ્રસંગ
પુષ્ટ=જોરાવર
ખાલ=ચામડી; ત્વચા
કોશેટા=લાંબી ગોળ દડી
ભરાઉ=પુષ્ટ
પરિપૂર્ણ=સંપૂર્ણ; સારી પેઠે

સવાલ—પ્રાણીઓને ખોળીઆં શા માટે બદલવાં પડે છે? રેશમના કીડાનાં રૂપાંતર કહો. આ પાઠમાંથી શું શિખામણ મળે છે?

પાઠ ૯૦.

ઇંડું=એડું
ધાબા=ડાઘા
કોટલું=કોચલું; ઢાંકણ
રોગાન=એક જાતનું મિશ્રિત તેલ
ત્વચા=ચામડી
પોલ=પોલાણ
પૌષ્ટિક=પુષ્ટિકારક
જરદી=ઈંડાની દાળ; ઈંડાની સફેદી વચમાંનો પીળો ભાગ
સમતોલ=(સમ+તોલ) સરખું વજન
સેવે છે=હુંફાળી રાખે છે
શિરા=રક્તવહિની; રગ; નસ
અદૃશ્ય=અલોપ; દેખાતું બંધ; ગૂમ

સવાલ—ક્યા ક્યા પ્રાણીઓ ઇંડાં મૂકે છે? શાહમૃગનું ઇંડું કેવડું હોય છે? પોલમાં શું હોય છે? નબળા માણસોને ઇંડાનો કયો ભાગ ખવડાવવામાં આવે છે અને તે શા કારણથી? સફેદીની વચમાં શું હોય છે? ઇંડું આમ તેમ ફેરવ્યા છતાં બચ્ચાંને ધક્કો કેમ નથી લાગતો? ઇંડામાં ગર્ભ કયાં હોય છે તે બતાવો. ગર્ભનો ખોરાક શું છે? મરઘી કેટલાં ઇંડાં મૂકે? મરઘીનાં ઇંડાં સેવવાની હકીકત કહો. ઇંડાનું ચિત્ર કાઢી બતાવો.

પાઠ ૯૧.

લંગુર=વાંદરા; વાનર
નીલ=આખે ડીલે કાળા વાંદરા
ઠેકડા=કુદકા
છલંગ=ફાળ
તુક્ષ=ઉભા છોડ
કપિઓ=પુછડી વગરના બે પગે ચાલનાર વાંદરા
વાંદર=વાનરો; વાનર
બળિએલ=ખારીલો
ગંધ=સોબત
હાડપિંજર=હાડકાનું [પાંજરૂં
અનુમાન કરે છે=ધારે છે; અટકળ કરે છે

સવાલ—વાંદરાં કેવા દેશોમાં જોવામાં આવે છે? વાંદરાના કેટલા વર્ગ પાડી શકાય અને તે કયા કયા? પુછડી વગરના વાંદરાંની હકીકત કહો. ઉરાંગઉટાંગનો અર્થ શો? અને એ વાંદરાં કયાં થાય

છે ? વાંદરા અને કપિને શા માટે મનુષ્યના નજીકનાં સગાં કહીએ છીએ ? કપિ અને માણસમાં શું ફેર છે ?

પાઠ ૯૨.

બેડોળ=(બે=નહિ+ડોળ=ઘાટ) કદરૂપા
કલેડું=ઠીકરાની તાવી
ચકમક=એક જાતનો પત્થર
તણખા=ચીણગારીઓ
ગરમાવો=ગરમી; હુંફ
ઓપેલ=ઘસીને ચળકતાં કરેલાં
મુકરર=નક્કી
શિલ્પશાસ્ત્ર=કોતરકામની વિદ્યા
શ્રેષ્ઠ=ઉત્તમ; સૌથી સરસ

સવાલ—માણસોમાં પ્રથમ કેવી રીતે સુધારો થયો તે ટુંકામાં કહો.

પાઠ ૯૩.

મગજ=ભેજું; માથાની અંદરનો ભાગ
ઘડી=પડ
ખોપરી=મગજનો દાબડો
તાલકુ=ખોપરી ઉપરનો ભાગ
પૃષ્ટ=ભાગ
જ્ઞાનતંતુ=જ્ઞાન કરાવનાર તાંતણા; મગજને ખબર પહોંચાડનારી ઝીણી તાર જેવી નસો
કલેજું=કાળજું; પિતાશય
રજ્જુ=તાંતણો; તાર; દોરી
આરંભ=શરૂઆત
મજ્જાતંતુ=માંસના સત્વની દોરી

સવાલ—મગજનું ઢાંકણુ શેનું બનાવેલું છે અને તેને શું કહે છે ? મગજના કેટલા ભાગ છે અને તે કયા કયા ? મગજના કયા બે અડધીઆં છે ? માણસની બુદ્ધિનો આધાર શા પર છે ? મગજના ભાગનાં મુખ્ય સ્થાન કયા કયા છે ? મગજના મુખ્ય સ્થાનોમાં ધકકો લાગે અથવા રોગ થાય ત્યારે શું થાય છે ? મગજનો નાનો ભાગ કયાં છે તે બતાવો. મગજના નાના ભાગનું કામ શું છે ? આ પાઠમાં આપેલા ચિત્રનો નમુનો કાઢો અને મગજ તથા જ્ઞાનતંતુ વિષે સમજાવો.

પાઠ ૯૪.

શ્વાસોચ્છ્વાસ=દમ લેવો ને દમ મૂકવો તે
અસ્વચ્છ=(અ+સ્વચ્છ) =મેલું
મોકળ=અવકાશ, ખાલી જગા
ખંડ=ભાગ
શ્વાસવાળી=શ્વાસ લેવાની નળી
ઉચ્છ્વાસ=દમ મૂકવો તે
બખોલ=પોલ
ધમણ=વા ફુંકવાનો સંચો

સવાલ—હૃદય અને ફેફસાં ક્યાં આગળ છે? ફેફસાં કેટલાં ને ક્યાં ક્યાં છે? ફેફસાં ક્યાં આગળ છે? ફેફસામાં કયો ગુણ છે કે તે લાંબું ટુંકું થાય છે? ફેફસામાં લોહી શી રીતે સ્વચ્છ થાય છે તે સમજાવો. ફેફસાં ફુલવાનું તથા સંકોચવાનું કારણ સમજાવો. ફેફસાંની ક્રિયા કોને મળતી છે? ફેફસાંની ક્રિયા ચાલતો બંધ થાય તો શું થાય? શ્વાસ નળી અને ફેફસાંનું ચિત્ર પાડો.

પાઠ ૯૫.

જરદી=પિળાશ પડતો
નિચોવી=પાણી કાઢી નાખી
પાપડખાર=સંચોરો
કાંજી=લાહી, ખેળ
સુરંગી=રાતો રંગ
ભપક=ભપકો
કસુંબી=કસુંબાનો રંગ; લાલ; રાતું
કીરમજ=કીરમજના જેવો રંગ; ગુલબાસી
સુરખી=તેજી
મિશ્રણ=ભેગ; મેળવણી
બો=ખરાબ વાસ
છીપા=લુગડાં છાપનાર
ગેરૂ=લાલ માટી
હરડાંબેડાં=એકજાતનાંફળ
એલીઝરીન=કોલટાર-માંથી કાઢેલો એક જાતનો રંગ

સવાલ—રંગરેજે કંસુબીના ભુકાનો રંગ શી રીતે બનાવ્યો અને તેમાં ફેંટો કેવી રીતે રંગ્યો? રંગ્યા પછી ઘઉંના આટની કાંજી અને લીંબુના રસમાં બોળી રાખવાનું કારણ શું? ગદલમાં લીંબુનો રસ મેળવવાથી કયા ક્યા રંગ બને છે? ગદલમાંથી કેસરી રંગ અબ્બાસી તથા કીરમજી રંગો શું મેળવીને બનાવે છે? અસલ દેશી પાકા રંગો શી રીતે બનાવતા હતા? ગળી ક્યાં ઊગે છે?

ગળીને પકવવાની રીત કહો. છીપાએ કયા કયા બે મિશ્રણો લુગડાં છાપવા માટે તૈયાર કરી રાખ્યા હતા? એલીઝરીન શું છે ને તે શેમાંથી બનાવવામાં આવે છે તથા તેનો ઉપયોગ કહો.

પાઠ ૯૬.	ગુંદે છે=કસણે છે	ખીલડો=ખુટો
લાદ=ઘોડા ગધેડાના લીંડા	મુલાયમ=નરમ	ચાક=કુંભારનું ચક્ર પેટુ=વચલો ભાગ
હદ વાળે છે=નવાઇ જેવી કારીગરી કરે છે	ગારો=પલાળીને કસણેલું મટોડું	કાચકો=કાચકીનું ફળ ટપેરે=ટીપે

સવાલ—કુંભાર મટોડી કયાંથી લાવે છે? ગારો કેવી રીતે તૈયાર કરે છે? કુંભારના ચાકની રચના કહો. કુંભાર વાસણો શી રીતે બનાવે છે? કુંભાર વારંવાર હાથ શા પલાળે છે? વાસણને ટીપવાથી શો લાભ? ભઠ્ઠીમાં વાસણો ગોઠવ્યા પછી શું કરે છે? કયાંનું કુંભારકામ વખણાય છે? કુંભારના ચાકનું ચિત્ર પાડો.

પાઠ ૯૭.	કોણી=હાથની વચમાંનો સાંધો	ટેકો=ટેકણ
ખુધું=લાંબો ને જાડો સાકટીનો કટકો	ઉચ્ચાલન=ઉંચું કરવું તે	

સવાલ—ઉચ્ચાલનમાં મુખ્ય કેટલા ભાગ હોય છે અને તે કયા? ઉચ્ચાલનના પ્રકાર કેટલા છે અને કયા કયા તે દાખલા આપી સમજાવો. ઉચ્ચાલનથી શા ફાયદા થાય છે (યાંત્રિકશક્તિ છ છે. ઉચ્ચાલન, રેંટ, ગરગડી, ઢોળાવ, ફાચર. ફેર અથવા પેચ)

પાઠ ૯૮.	નમુનો=ચિત્ર	ખોભણુ=ખાડો
ગરગડી=ઘરેડી	વેંત=બિલ્લસ	વાટ=પૈડાપર લોઢાનો પાટો જડે છે તે
રેંટ=પાણી કાઢવાનું ચક્ર	આરા=દંતા	ગાળ માં=ખાલી જગામાં

સવાલ—ગરગડી વડે કુવામાંથી પાણી કાઢીએ છીએ ત્યારે ઉંચે ખેંચવાને બદલે શા માટે નીચે ખેંચીએ છીએ? ગરગડીનો ઉપયોગ શો છે?

પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષર.

(પા. ૧) અવશ્ય, બુદ્ધિ, સ્નાયુઓ, વિદ્વાન, પ્રયત્ન, ક્રિકેટ, સુસ્તી, મુખ્યત્વે, ઈંદ્રિયોની, બ્રહ્મચર્ય, ઉત્તમ, અશક્ત, મશ્કરી, આયુષ્ય. (પા. ૨) અકસ્માત, અણધાર્યું, પ્રખ્યાત, ચિત્રામણ, ઢોળ્યું, સ્વસ્થ, સૂઝી, ગૃહસ્થે, ચેત્યો, જાતિસ્વભાવ, યુદ્ધ, પૈડું, પ્રસન્ન. (પા. ૩) અસ્વચ્છ, શ્વાસવાટે, કાર્બોનિક, એસિડ, શ્વાસ, ઉત્પન્ન, નિરંતર, પ્રયોગો, સિદ્ધ, નૈટ્રોજન, ઓક્સિજન, શુદ્ધ, કૃપાળુ, મૃત્યુ. (પા. ૪) કોકેન, જવાંમર્દ, જવલ્લેજ, આયર્લાંડ, પુષ્કળ, ધૈર્ય, શ્રદ્ધા. (પા. ૫) ગુરુભક્તિ, વિદ્યાર્થી, શિષ્યવર્ગમાં, શ્રીકૃષ્ણ, ગુરુપત્ની, શિષ્યો, વેઠયું, એકનિષ્ઠા, અમુલ્ય. (પા. ૬) સ્વછંદી, સુસ્ત, ઉંઘણસી, સાંભળ્યું, અત્રે. (પા. ૭) દ્વારામતી, વૃદ્ધ, પ્રતિઉત્તર, કૃષ્ણદર્શન, કૃષ્ણમંદિર, જડિત્ર, સ્ફાટિક, મૃદંગ, યોદ્ધા, પૃથ્વીપતિ. (પા. ૮) પુષ્ટિકારક, તંદુરસ્ત, સામર્થ્ય, ભવિષ્ય, જાગૃતિ, સ્થિતિ, નિતારી, દ્રાક્ષ, ઓછીવત્તો, મધાર્ક, અભિપ્રાય. (પા. ૯) દ્રાવિડ, ધર્મપુસ્તક, ધર્મશાસ્ત્ર, વેદધર્મી, વિષ્ણુ, ઇષ્ટ, વૈષ્ણવો, ગૌતમબુદ્ધ, બૌદ્ધધર્મી, જૈનધર્મીઓ, શ્વેતાંબર, બુદ્ધદેવ, તીર્થંકર, વૈરાગ્ય, સિદ્ધાંતોને, તુર્કસ્તાન, સ્તુતિ, સુન્ની, અગ્નિ, ચિહ્ન, ધર્મગ્રંથ, ખ્રિસ્તી, ઈસુખ્રિસ્ત, પ્રોટેસ્ટંટ, કેથોલિક. (પા. ૧૦.) મેગેસ્થિનીસ, સિક્કાઓ,

સંક્ષિપ્ત, તામ્રપટ, ચંદ્રગુપ્ત, સેલ્યુકસ, ગ્રંથકર્તા, વ્યવસ્થા, વિશ્વાસુ, સહીસિક્કા, માલમિલ્કત, મિલ્કત, હુન્નર, ન્યાયાસન, બ્રાહ્મણ, શ્રમણ, મૃગચર્મ, વિદ્યાભ્યાસ, ભરગચ્છી. (પા. ૧૧.) ઋગ્વેદસંહિતા, વરૂણદેવની, સ્તુતિ, વસિષ્ઠઋષિ, તુગ્ર, ભુજ્યુ, અશ્વિનીકુમાર, સમુદ્રયાન, સમુદ્રવાટે, ભૃગુકચ્છ, ફાહ્યાન, છઠ્ઠા. (પા. ૧૨.) શૃંગ, તત્કાળ, તુપ્ત, હૃદય. (પા. ૧૩.) છીંડું, નિર્મળ, મૂર્છના, છત્રીસ, ભરતઋષિ. (પા. ૧૪.) મુશ્કેલ, અકસ્માત, પ્રસિદ્ધ, નોંધ્યા. (પા. ૧૫.) બુઠ્ઠી, અવતર્યો, અદ્ભુત, જિંદગી, જિંદગી, જવાંમર્દી, સ્તબ્ધ, અટકાવ્યું, (પા. ૧૬.) વિચિત્ર, અડસટ્ટો, નિંદવા, ગૃહસ્થાઇ, ચિઠીઆં, સ્વતંત્ર, પરતંત્ર, મિથ્યાભિમાન, રિવાજને, સ્થિતિ, મેગેસ્થિનીસે. (પા. ૧૭) પત્નીની, ઉત્સાહ, વેઠવેતરૂં, આશ્ચર્ય, ધર્મિષ્ઠ, આવડત્રેવડ, પ્રીતિ, રત્નનગરી, સંધ્યાકાળે, દ્રવ્ય, હોંસભર્યો. (પા. ૧૮.) વૈશ્ય, બ્રહ્મચર્ય, ધર્મક્રિયા, ધર્મોપદેશ, (પા. ૧૯.) હિરણ્યાક્ષ, હિરણ્યકશ્યપ, કશ્યપ, ક્રૂરરૂપે, પર્વતશૃંગ, પ્રૌઢા, બ્રહ્માંડ, દુર્મતિ. (પા. ૨૦.) કાર્લીની, કાર્લી, ત્રીસેક, ચૈત્યો, શિલ્પકામની, સ્ત્રીપુરુષનાં, મૂર્તિઓ, સ્તંભ, ભિક્ષુઓને, સૂર્યોદય, જિંદગી. (પા. ૨૧.) કૃષ્ણા, હસ્તિનાપુર. (પા. ૨૨.) ડાહ્યાભાઇ, દેવાનંદસ્વામી, હિતેચ્છુ, ઋતુવર્ણન. (પા. ૨૩.) ધાર્મિક, વિશ્વાસઘાતી, ઢાંક્યું, અન્નદાતા. (પા. ૨૪.)

મહાસ્વાદુ, મિષ્ટ, હર્યું, નિર્મળાં, ઝર્યું, જુકિત. (પા. ૨૬.) આથમ્યો, કુપ્પાં. (પા. ૨૬.) ઋષિઓએ, ચક્રવર્તી, નિમિત્ત, આકૃતિ, આશ્રમસ્થાન, ક્ષત્રિયવંશ, પુરૂવંશ, ધર્મદારા, શકુંત, શાકુંતલા. (પા. ૨૭) કંટાળ્યા, વૃક્ષો, ઈશ્વરસ્તુતિ, સ્વાર્થ. (પા. ૨૮.) ધર્મિષ્ઠ, વિશ્વામિત્ર, સર્વસ્વ, અર્ધીકાયા, સ્તબ્ધ, ધ્રુજતે, સુદ્ધાં. (પા. ૨૯.) વિદ્યાર્થી, આદિત્યેશ્વર, ગરૂડેશ્વર, કાળભૈરવનું, પ્રદક્ષિણા. (પા. ૩૦.) તૂટયો. (પા. ૩૧.) અલૌકિક, બુટ્ટી, ઊઠયું, પર્ણકુટીમાં, અતિથિ. (પા. ૩૨.) આશીર્વાદ, લુગડાંલત્તાં, ફાંટાંતુટાં, વધ્યાસધ્યા, સંકલ્પ, સુરકેલી. (પા. ૩૩.) નાસ્તિકપણું, છિદ્રવાટે, બ્રહ્માંડ, જ્ઞાનશકિત, શ્રદ્ધા. (પા. ૩૪.) પ્રીતે, પતિતોદ્ધાર, વિશ્વેશા, કૃતિ, નિર્ખી, જળનિધિ, નૃત્ય, વ્યાપ્રો વૃક્ષે, તરૂવર. (પા. ૩૫.) ભુસ્તર, ગુમાસ્તા, સ્વાશ્રય. (પા. ૩૬) પોર્ટુગલ, લિસ્બન, થોભ્યો, મોઝાંબિક, સિંહલદ્વીપ, મોલ્યુકા, સમૃદ્ધિ, સપ્ટેંબર. (પા. ૩૭.) માર્કિવસ ઓવ વૂસ્ટર, જેમ્સ, ગ્લાસગો, શાસ્ત્ર, આટલાંટિક, એંજિનોની, નિર્ભય, પાંત્રીસ. (પા. ૩૮.) હિંડોળા, શતપત્રી, કલ્હાર, ભૃંગ. (પા. ૩૯.) જન્મ્યા, નિર્ધન, વલ્લભ, આશ્ચર્ય, શીઘ્ર, નળાખ્યાન, સુભદ્રાહરણ, કવિત્વશકિત. (પા. ૪૦.) ધાર્મિક, દમાસ્કસ, પ્રપૌત્ર, અબ્બાસી, મુરબ્બી, દૃષ્ટિએ. (પા. ૪૧.) હુન્નરો, ખ્યાલ, સંગ્રહસ્થાનો, ઈસ્પિતાલો, કિલ્લા, મનુષ્ય, કૃતિઓ,

આશ્ચર્ય. (પા. ૪૨.) દ્વેષી, ક્રૂરપણું, પ્રફુલ્લતા, સ્વાર્થ, કૃત્ય, દ્વેષીલા, બ્રહ્મદત્ત. (પા. ૪૩.) ભીણબત્તી, ઊડચું. (પા. ૪૪.) નિર્ભય, સ્તુતિ, સ્નેહી. (પા. ૪૫.) આશ્વિન, આશ્ચર્યકારક, સ્પર્ધા, ઉત્સવ, છુટ્ટી, ચૌટામાંથી, સ્ફાટિક, અષ્ટખુણ, કીર્તિસ્તંભ. (પા. ૪૬.) સૂઝયું, સુગ્રીવ, પત્તો, વિષ્ટિ, વિભિષણે, ઇંદ્રજિત, કુંભકર્ણ, અશ્વમેધયજ્ઞ, વર્ણવ્યા. (પા. ૪૬. ભા. ૨.) ધૃતરાષ્ટ્ર, યુધિષ્ઠિર, ગદાયુદ્ધમાં, સ્વાર્થી, નિષ્ફળ, સ્વયંવર, મચ્છવેધ, ઇંદ્રપ્રસ્થ, યુક્તિ, દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ. (પા. ૪૭.) ભિન્ન ભિન્ન, શખ્સોની, છિદ્રોવાટે, ક્રિયા, નિરર્થક, સ્વપ્નાં, નિરૂદ્યમીને, નિસ્તેજ, કુસ્તીથી. (પા. ૪૮.) વૈષ્ણવ, સદ્ગ્રંથ, પતિવ્રતા. (પા. ૪૯.) શ્લોકમાં, ઈત્યાદિ, વૃત્તિને, મરણશય્યામાં, સૃષ્ટિથકી. (પા. ૫૦.) આત્રેયી, દંડકારણ્યમાં, અગસ્ત્ય, વાલ્મીકિને, વિઘ્ન, અદ્ભુત, પ્રીતિ, અરૂંધતી, ઋષ્યશૃંગ, કૌશલ્યાએ. (પા. ૫૧.) વિક્રમ, પૂર્વે, સંવત્સર, મૃત્યુ, યુધિષ્ઠિરનો. (પા. ૫૩.) આશ્રય, કીર્તિ, ઊર્મિથી, વૈતાલપચીસી, બરાસકસ્તુરી, ઉદ્યમકર્મસંવાદ, પ્રસિદ્ધ, ઉત્તેજન, સંસ્કૃત, નોંધ્યાં. (પા. ૫૪.) ક્રૂર, હૃદય, સામ્યનું. (પા. ૫૫.) પ્રતિષ્ઠા, પ્રશ્ન, લપસ્યા, સત્પુરુષનું, દીર્ઘસૂત્રીની. (પા. ૫૬.) મૂર્તિપૂજક, જાત્રાળુ, મુત્તલીબ અબદુલ્લાને, બાલ્યાવસ્થામાંજ, પુર્નલગ્ન, કાષ્ઠપાષાણ, પરિપક્વ, તુચ્છકારી, નિષ્કામ, નિરૂપાયે, શસ્ત્ર, પર્યંત, ઈસ્તંબુલમાં. (પા. ૫૭.)

ચંગ્રેઝઈ, ધર્મગુરુ, તત્ત્વો, લગ્નવિધિમાં, અંકલેશ્વર, ખ્રિસ્તી, અલાઉદ્દીન, જિલ્લાના. (પા. ૫૮) પૃથ્વીરાજ, ગીઝનીના, ટક્કર, શાહબુદ્દીન, ઉર્ફે, થાણેશ્વર, મિટ્ટી, સંયુક્તાને, આશ્રિત, શબ્દવેધનો. (પા. ૫૯) યશસ્વી, કીર્તિ, તેજસ્વી, હર્ષવર્ધન, શિલાદિત્ય, ધર્મિષ્ઠ, હસ્તાવેલે, મદ્રેસાઓ, ફળદ્રુપ, ઉત્તેજનમાં. (પા. ૬૦) સ્વતંત્ર, જોદ્ધા, અસ્તવ્યસ્ત, વાઢીનાખ્યા, ફીરસ્તા, અતિશયોક્તિ, હરદ્વાર, ત્રેસઠ. (પા. ૬૧) યુદ્ધનીતિ, રાજ્યનીતિ, નામાંકિત, રાજ્યાધિકારી, કીર્તિવંત, નીવડયું, બુદ્ધિબળ, મૌર્યને, ત્વરાથી, ક્રૂર, સન્માન, ધર્મમંદિરો, દીર્ઘ, યુદ્ધનીતિ, પદ્ધતિ. (પા. ૬૨.) તિરસ્કાર, વ્હારે, સ્વામિભક્તિ. (પા. ૬૩.) પ્રતિનિધિ, ઠઠ્ઠામશ્કરી, રત્નજડિત, ક્રૂરતાથી. (પા. ૬૪.) સમૃદ્ધિનો, ટેવર્નિયર, રાજચિહ્ન, સુદ્ધાં, તખ્તેતાઉસ. (પા. ૬૫.) ઉત્કંઠા, વિષ્ટિ, મક્કા, ચુસ્ત, સિક્કા, અણુવિશ્વાસ, રાજ્યાભિષેક, મંત્રિ, નિષ્ઠા. (પા. ૬૬.) નેપ્ચ્યુન, બૃહસ્પતિ. (પા. ૬૭.) નક્ષત્રો, ક્ષિતિજ, કલ્પી, સપ્તર્ષિ, લુબ્ધક, ગોળાર્દ્ધમાં, કૃત્તિકા, પુષ્ય. (પા. ૬૮.) વિષુવવૃત્ત, વર્તુળ, રેખાંશવૃત્ત, (પા. ૬૯.) વ્યાપારવાયુ, નૈઋત્ય, (પા. ૭૦.) કાર્બોનિકએસિડગ્યાસ, સહ્યાદ્રિમાં, મહારાષ્ટ્ર, શૂળપાણિના, ગેરસપ્પાથી. (પા. ૭૧.) દ્વીપકલ્પ, કન્યાકુમારી,

ફળદ્રુપ. (પા. ૭૨.) દિલ્હી, મછલીપટ્ટણ, ડેલહૌસી, બ્રહ્મપુત્રા. (પા. ૭૪.) સ્નેહી, વિઝાગાપટ્ટણ, ચિલ્કા. (પા. ૭૫.) મ્હેસુર. (પા. ૭૬.) વાયુશોધક, નાઈટ્રોજન. (પા. ૭૭.) ધ્વનિ, ગુંજતી., ઈંદ્રિયને, પ્રતિધ્વનિ. (પા. ૭૮.) વિસ્મય, ઊંઘ્યો, નિદ્રા, ગઠ્ઠા. (પા. ૮૦.) ઉષ્ણતામાપક, થર્મોમીટર, (પા. ૮૧.) ચ-તો, (પા. ૮૨.) પ્રત્યેક. (પા. ૮૩.) દ્વિદળ, ફૂલમણિ. (પા. ૮૪.) પરિપક્વ. (પા. ૮૫.) વનસ્પતિ, ઉત્પત્તિ, વૃદ્ધિ, સૂક્ષ્મદર્શક, એક્ટિરિઆ. (પા. ૮૬.) હુક્કાનો, સ્વાદિષ્ટ. (પા. ૮૭.) તુંગભદ્રા, અદ્યાપિ, અણીશુદ્ધ. (પા. ૮૮.) બુદ્ધિશાળી, પ્રશ્નોના. (પા. ૮૯.) પુષ્ટ, બિડાએલી, ધિક્કારવું, પરિપૂર્ણ. (પા. ૯૦) શાહમૃગ, ત્વચા, પૌષ્ટિક, વૃદ્ધિ. (પા. ૯૧.) બ્રહ્મદેશ, આફ્રિકામાં, વર્તતાં, વિદ્વાનો. (પા. ૯૨.) જન્મ્યાં, સૂઝયો, મુખ્યત્વે, હેળવ્યાં, શિલ્પશાસ્ત્ર, શ્રેષ્ઠ. (પા. ૯૩.) પૃષ્ઠમાંથી. (પા. ૯૪.) શ્વાસોચ્છ્વાસ, સ્થિતિસ્થાપક, શ્વાસનળી, ઉચ્છ્વાસમાં. (પા. ૯૫) નિચોવ્યાં, અભ્યાસી, મિશ્રણમાં, સાહ્યાં, એલીઝરીન. (પા. ૯૬.) ફાલ્યું, ચોંટતો. (પા. ૯૭.) ઉચ્ચાલન, ટેકવ્યો. (પા. ૯૮.) ટાંગ્યું.

શાહપોર } છગનલાલ મોતીરામ શાહ.
સુરત. } "મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા.

અપૂર્ણાંકના કેટલાક ધ્યાનમાં રાખવા જોગ નિયમો.

(૧) અપૂર્ણાંકમાં અંશ એ ભાજ્ય અને છેદ એ ભાજક છે. (૨) કોઇ પણ પૂર્ણાંક સંખ્યાને અપૂર્ણાંકમાં લખવી હોય તો છેદમાં એક લખવો. (૩) સમ અપૂર્ણાંકની કિંમત હંમેશાં એક કરતાં ઓછીજ હોય છે કારણ કે એમાં અંશ (ભાજ્ય) કરતાં છેદ (ભાજક) વધારે હોય છે. (૪) વિષમ અપૂર્ણાંકની કિંમત હંમેશાં એક અથવા એક કરતાં વધારે હોય છે કારણ કે એમાં અંશ અને છેદ સરખા હોય છે અથવા અંશ કરતાં છેદ ઓછો હોય છે. (૫) વિષમ અપૂર્ણાંકના અંશને છેદે ભાગી પૂર્ણાંક કાઢી શકાય છે, અને તેને ભાગાનુબંધ અપૂર્ણાંકનું રૂપ આપી શકાય છે. (૬) સમ અપૂર્ણાંકને ભાગાનુબંધ અપૂર્ણાંકનું રૂપ આપી શકાતું નથી. (૭) ભાગાનુબંધ અપૂર્ણાંક પૂર્ણાંક અને અપૂર્ણાંક મળીને થએલું છે. (૮) ભાગાનુબંધ અપૂર્ણાંકને વિષમ અપૂર્ણાંકનું રૂપ આપી શકાય છે. (૯) અપૂર્ણાંકના અંશ તથા છેદને એકજ રકમે ગુણવાથી અથવા ભાગવાથી અપૂર્ણાંકની કિંમતમાં ફેર પડતો નથી માટેજ અપૂર્ણાંકના અંશ અથવા છેદ મરજી મુજબ લાવી શકાય છે. (૧૦) અપૂર્ણાંકોની કિંમત સરખાવવા માટે તેમને સમચ્છેદનું રૂપ આપવું. કારણ કે છેદ સરખા થયા વગર કયું અપૂર્ણાંક મોટું છે કે નાનું તે જાણી શકાતું નથી. (૧૧) અપૂર્ણાંકોના અંશ જુદા જુદા હોય પણ છેદ એક સરખાજ હોય તો જે અપૂર્ણાંકના અંશ વધારે હોય તે મોટું અને ઓછા હોય તે નાનું સમજવું. (૧૨) અપૂર્ણાંકના છેદ જુદા જુદા હોય પણ અંશ એક સરખાંજ હોય તો જે અપૂર્ણાંકનો છેદ ઓછો તે મોટું અને વધારે તે નાનું સમજવું. (૧૩) સમ અપૂર્ણાંકના

અંશ તથા છેદમાં એકજ સંખ્યા ઉમેરવાથી અપૂર્ણાંકની કિંમત વધે છે. (૧૪) વિષમ અપૂર્ણાંકના અંશ તથા છેદમાં એકજ સંખ્યા ઉમેરવાથી અપૂર્ણાંકની મૂળ કિંમત કાયમ રહે છે અથવા ઓછી થાય છે. (૧૫) જુદા જુદા છેદવાળાં અપૂર્ણાંકોના સરવાળા, બાદબાકી કરવા હોય તો તે બધાં અપૂર્ણાંકોનો સમચ્છેદ કરવો પછી સરવાળો કે બાદબાદી કરવા. (૧૬) જુદા જુદા અપૂર્ણાંકોના સરવાળા, બાદબાકી એકઠા હોય તો તે બધાં અપૂર્ણાંકોનો સમચ્છેદ કરવો. પછી જેટલી વત્તાની રકમ હોય તેના અંશનો અને જેટલી ઓછાની રકમો હોય તેના અંશનો જુદો જુદો સરવાળો કરવો. પછી વત્તાની રકમના સરવાળામાંથી ઓછાની રકમનો સરવાળો બાદ કરી બાકી રહે તેટલા અંશમાં લખી લઘુતમ છેદમાં લખવો, જો જવાબ અતિ સંક્ષેપરૂપમાં નહિ હોય તો અતિ સંક્ષેપ રૂપ આપવું. (૧૭) અપૂર્ણાંકના દાખલામાં જ્યારે એક કરતાં વધારે પદો કૌંસમાં આપ્યા હોય ત્યારે હંમેશાં કૌંસમાંના પદોનું પહેલાં સાદું રૂપ કરવું, અને કૌંસની પહેલાં જે ચિન્હ હોય તે સાદા રૂપને લગાડવું. (૧૮) એક અપૂર્ણાંકમાંથી બીજું અપૂર્ણાંક બાદ કરવાનું હોય છે પણ બાદ કરવાના અપૂર્ણાંકની કિંમત વધારે હોય તો ઓછાના અપૂર્ણાંકમાંથી વત્તાનું અપૂર્ણાંક બાદ કરી જવાબની પહેલાં ઓછાનું ચિહ્ન મુકવું. (૧૯) જુદા જુદા અપૂર્ણાંકોના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર એકઠા હોય ત્યારે ગુણાકાર ભાગાકારની રકમો કૌંસમાં છે એમ સમજીને પહેલાં તેને સાદું રૂપ આપવું પછીજ સરવાળો બાદબાકી કરવાં, (૨૦) અપૂર્ણાંકો ગુણાકાર ભાગાકારના સંબંધથી જોડાયલા હોય તો તે જે અનુક્રમમાં હોય તે અનુક્રમે ગુણાકાર ભાગાકાર કરવો. (૨૧)

બે વિશેષ સંખ્યાનો ભાગાકાર કરતાં પહેલાં તેમ
આણવી પછી ભાગાકાર કરવો. (૨૨) વિશેષ સંખ્યાને વિ
ભાગી શકાય પણ જવાબ સાદી સંખ્યા આવે. જેમકે :
÷ ૫ રૂપીઆ જવાબ પાંચ. (૨૩) સાદી સંખ્યાને વિશેષ
ભાગી શકાય નહિ પણ વિશેષ સંખ્યાને સાદી સંખ્યાથ
શકાય અને જવાબ વિશેષ સંખ્યા આવે. (૨૪) અપૂર્ણાંકના દા
કૌંસની પહેલાં કાંઈ ચિહ્ન ન આપ્યું હોય તો ગુણ્યાનું ।
સમજવું. (૨૫) અપૂર્ણાંકના દાખલામાં જે રકમો કૌંસમાં હોય ત
એક બનાવવી અને જેટલી રકમોની વચ્ચે ના, ×, ÷, એ ચિહ્ન
હોય તેટલી રકમની એક રકમ બનાવવી અને ત્યારે પછીજ સરવાળો
બાદબાકી કરવા. (૨૬) અપૂર્ણાંકના દાખલામાં "નો"વાળી રકમને
ભાજક સમજવી અને કેટલા માટેજ 'નો" વાળી રકમને ઉલટાવવી.
(૨૭) અપૂર્ણાંકનો દઢભાજક કાઢવો હોય તો તેમને સંક્ષેપ રૂપ
આપી અંશોનો દઢભાજક કાઢવો અને તેને અંશમાં લખી લઘુતમને
છેદમાં લખવો. (૨૮) અપૂર્ણાંકનો લઘુતમ સાધારણ ભાજ્ય કાઢવો
હોય તો તેને સંક્ષેપરૂપ આપી અંશોનો લઘુતમ કાઢવો અને તેને
અંશમાં લખી છેદનો દઢભાજક કાઢી છેદમાં લખવો. (૨૯) જે
રકમને "ને" લાગ્યો હોય તે રકમને બીજી રકમે ભાગવા, મતલબ
કે "ને" વાળી રકમને ભાજ્ય સમજવી માટે તેને ઉલટાવવી નહિ.
(૩૦) અમુક રકમને કેટલાએ ગુણીએ તો આટલા આવ એમ કહ્યું
હોય તો ભાગાકાર કરવો કારણ ગુણ્ય અને ગુણાકાર આપેલા છે
તે ઉપરથી ગુણક શોધી કાઢવાનો છે. (૩૧) કઇ રકમમાંથી આટલા બાદ
કરીએ તો આટલા આવે એમ કહ્યું હોય તો સરવાળો કરવો, કારણકે
બાધાંક અને બાદબાકી આપેલા છે તે ઉપરથી અધિકાંક કાઢવાના છે.

...ાં વપરાતા કાર્યપ્રકાશક ચિહ્નોની સમજ.

જે સંખ્યાની પહેલાં વત્તાનું ચિહ્ન હોય છે, તે સંખ્યા તેની પહેલાંની બીજી કાંઈ સંખ્યામાં ઉમેરવાની છે એમ સમજવું. પણ અપૂર્ણાંકોના સરવાળા બાદબાકીમાં પહેલી રકમને વત્તાની રકમ સમજવી. જેમકે ૧૫+૧૨=૨૭

— (ઓછા) જે સંખ્યાની પહેલાં ઓછાનું ચિહ્ન હોય, તે સંખ્યા તેની પહેલાંની બીજી કોઇ સંખ્યામાંથી બાદ કરવાની છે એમ સમજવું. જેમકે ૧૫—૫=૧૦

× (ગુણ્યા) જે બે સંખ્યાની વચ્ચે ગુણ્યાનું ચિહ્ન હોય તે બે સંખ્યાનો ગુણાકાર કરવો. જેમકે ૭×૫=૩૫

÷ (ભાગ્યા) જે સંખ્યાની પહેલાં ભાગ્યાનું ચિહ્ન હોય તે સંખ્યા વડે તેની પહેલાંની સંખ્યાને ભાગવી, મતલબ કે જે સંખ્યાની પહેલાં ભાગ્યાનું ચિહ્ન હોય તે સંખ્યાને ભાજક સમજાવી અને તેની પહેલાંની સંખ્યાને ભાજ્ય સમજવી. જેમકે ૧૮÷૯=૨. આમાં ૧૮એ ભાજ્ય અને ૯એ ભાજક છે.

ના જે બે રકમની વચ્ચે "ના" હોય તે બે રકમનો ગુણાકાર કરવો, "ના" ના સંબંધથી જોડાએલી સંખ્યાઓ એકજ છે, મતલબ કે કૌંસમાં છે, એમ સમજી છુટી પાડવી નહિ. જેમકે [illegible]

(કૌંસ) { } [કૌંસ] કૌંસ પુરો જે રકમ કૌંસમાં
સાદું રૂપ આપવું. પહેલા કૌંસને નાનો,
અને ત્રીજાને મોટો કૌંસ કહે છે. પહેલાં
સાદું રૂપ આપવું. પછી વચલાને અને
કૌંસને આપવું.

જેમકે $\left\{ \frac{૫}{૬} \times \frac{૩}{૮} + (૧\frac{૨}{૫} ના \frac{૩}{૮}) \right\}$ $\frac{૭}{૫} \times \frac{૩}{૮} = \frac{૨૧}{૪૦}$, $\frac{૫}{૬} \times \frac{૩}{૮} = \frac{૧૫}{૪૮}$. $\frac{૧૫}{૪૮} +$
$\frac{૨૧}{૪૦} = \frac{૭૫ + ૧૪૭}{૨૪૦} = \frac{૨૨૨}{૨૪૦} = \frac{૧૧૧}{૧૨૦}$.

=(બરાબર) જે બે રકમની વચ્ચે બરાબરનું ચિહ્ન હોય તે
રકમ સરખી છે એમ સમજવું. જેમકે ૧૨.=૧૯ આન

બ્રિટિશ હિંદમાં રાજકીય ભાગ.

હિંદના વાયસરોયની હકુમત નીચેના સઘળા મુલકને બ્રિટિશ હિંદ કહે છે. બ્રિટિશ હિંદમાં ચાર તરેહનાં રાજ્ય છે. (૧) બ્રિટિશ સરકારનો ખાલસા મુલક. (૨) નેપાળ, ભુતાનના સ્વતંત્ર દેશી સંસ્થાનો. (૩) ફ્રેંચ ને પોર્ટુગીઝના સ્વતંત્ર સંસ્થાનો. (૪) હિંદ માંહેલા દેશી ખંડીઆ રાજ્યો.

બ્રિટિશ હિંદના ખાલસા મુલકના રાજકીય ભાગ.

પ્રાંતનું નામ.	મુખ્ય શહેર.	રાજ્ય ચલાનાર હાકેમ.
૧. મુંબઇ ઇલાકો	મુંબઇ	ગવર્નર
૨. મદ્રાસ ઇલાકો	મદ્રાસ	ગવર્નર
૩. બંગાળા ઇલાકો	કલકત્તા	ગવર્નર
૪. આસામ પ્રાંત	ગોહતી.	લેફ્ટેનંટ ગવર્નર

...રિસા	પટણા	લેફટેનંટ ગવર્નર
...અયોધ્યાના સંયુક્ત પ્રાંતો	અલ્લાહાબાદ	„
પ્રાંત	લાહોર	„
... તરફની સરહદનો પ્રાંત	પેશાવર	ચીફ કમિશનર
...પ્રાંતો ને વરાડ	નાગપુર	„
...જમેર ને મેરવાડા	અજમેર	„
કુર્ગ	મર્કરા	„
. બ્રિટિશ બ્રહ્મદેશ	રંગુન	„
૩. બ્રિટિશ બલુચિસ્તાન	ક્વેટા	„
૧૪. આંદમાન બેટો	પોર્ટબ્લેર	„

હિંદ માંહેલા દેશી રાજ્યોમાં નાનાં મોટાં મળી ૮૦૦ દેશી રાજ્યો છે. મોટું દેશી રાજ્ય હૈદ્રાબાદનું છે. દેશી રાજ્યોના... બે વર્ગ થઇ શકે. (૧) વડી સરકારની સીધી હકુમતમાં રહેલાં; (૨) પ્રાંતિક સરકારની હકુમતમાં રહેલાં રાજ્યો હરેક વર્ગ... પ્રકારનાં રાજ્યો છે. (૧) પાસે પાસે આવેલાં દેશી રાજ્યોનો... (એજન્સિ). (૨) છુટાં છુટાં આવેલાં જુદાં જુદાં રાજ્યો (સંસ્થ...

વડી સરકારના તાબામાં રજપુતાના, મધ્ય હિંદુસ્તાન, બ... સ્તાન, વાયવ્ય સરહદ એ ચાર એજન્સિઓ અને હૈદ્રાબાદ, વં... કાશ્મીર, મ્હેસુર એ ચાર સંસ્થાનો છે. એ દરેકમાં વડી સ... તરફથી એજન્ટ રહે છે. એજન્સિઓના ઉપરીને એજન્ટ ટુ... ગવર્નર જનરલ ને સંસ્થાનના ઉપરીને રેસિડંટ કહે છે.

સમાપ્ત.